અમદાવાદથી પ્રકાશિત થતું ગુજરાતી દૈનિક

# ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત

તારીખ : ૧૦ માર્ચ ૨૦૨૪, રવિવાર | વર્ષ : ૧૫ | તંત્રી : પટેલ સુરેશ રમણલાલ | કિંમત : રૂા. ૨.૦૦
વિક્રમ સંવત ૨૦૮૦, મહા અમાસ | અંક : ૨૧૯ | અમદાવાદ | પાના : ૮

ઓફિસ : ૩૧૫, સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫. ટેલિફોન : ૦૭૯-૨૬૭૬૫૭૩૩ e-mail : cnngujarat@yahoo.com, cnngujarat@gmail.com RNI Reg. No. GUJGUJ/2009/28886

# કાઝીરંગા પાર્ક પહોંચ્યાં મોદી, જંગલ સફારી દરમિયાન હાથીની કરી સવારી

## વડાપ્રધાને સૌથી પહેલા કાઝીરંગા નેશનલ પાર્કમાં જીપ સફારી લીધી, તે અહીં ટહેલતા વાઘની તસવીરો ક્લિક કરતો પણ જોવા મળ્યા હતા



। નવી દિલ્હી, તા.૯ ।

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ શનિવારે (૯ માર્ચ) સવારે કાઝીરંગા નેશનલ પાર્કની મુલાકાત લીધી હતી. અહીં તેણે જંગલ સફારીની મજા માણી હતી. આ દરમિયાન પીએમ મોદીએ પ્રાણીઓની તસવીરો પણ ક્લિક કરી હતી. પીએમ મોદી શુક્રવારે (૮ માર્ચ) આસામના મુખ્યમંત્રી હિમંતા બિસ્વા સરમા, કેન્દ્રીય પ્રધાન સર્બાનંદ સોનોવાલ અને રાજ્યના કૃ ષિ પ્રધાન અતુલ બોરા અને અન્ય સાથે હેલિકોપ્ટર દ્વારા કાઝીરંગા પહોંચ્યા હતા. કાઝીરંગા નેશનલ પાર્ક પહોંચેલા પીએમ મોદી હાથી પર સવારી કરતા જોવા મળ્યા હતા. વડાપ્રધાને સૌથી પહેલા કાઝીરંગા નેશનલ પાર્કમાં જીપ સફારી લીધી. તે અહીં ટહેલતા વાઘની તસવીરો ક્લિક કરતો પણ જોવા મળ્યા હતા. કાઝીરંગા નેશનલ પાર્ક પહોંચીને પીએમ મોદીએ સૌથી પહેલા પાર્કની સેન્ટ્રલ કોહોરા રેન્જના મિહિમુખ વિસ્તારમાં હાથી સફારી કરી હતી. આ પછી તેણે આ જ રેન્જમાં જીપ સફારી પણ કરી હતી. વડાપ્રધાન નરેન્દ્ર મોદી સાથે નેશનલ પાર્કના ડાયરેક્ટર સોનાલી ઘોષ અને વન વિભાગના અન્ય વરિષ્ઠ અધિકારીઓ પણ હાજર હતા. બધા લોકો હાથીઓ પર બેસીને કોહોરા રેન્જમાં પ્રાણીઓને જોતા જોવા મળ્યા હતા કાઝીરંગા નેશનલ પાર્ક તેના એક શિંગડાવાળા ગેંડા માટે ખૂબ જ પ્રખ્યાત છે. તેમને જોવા માટે દુનિયાભરમાંથી લોકો અહીં આવે છે. આ સિવાય અહીં હાથી, ભેંસ, હરણ અને વાઘ જોવાની તક મળે છે. પીએમ મોદી અહીં લગભગ બે કલાક રોકાશે. આ પછી તે અરુણાચલ પ્રદેશ જવા રવાના થશે, જ્યાં તે બે કાર્યક્રમોમાં ભાગ લેશે. તે બપોરે જોરહાટ પરત ફરશે અને મહાન અહોમ કમાન્ડર લચિત બોરફૂકનની ૧૨૫ ફૂટ ઊંચી પ્રતિમા ‘સ્ટેચ્યુ ઓફ વીર’નું ઉદ્‌ઘાટન કરશે. અધિકારીઓએ જણાવ્યું હતું કે મોદી ત્યારબાદ મેલેંગ મેતેલી પોથરની મુલાકાત લેશે, જ્યાં તેઓ આશરે રૂપિયા ૧૮,૦૦૦ કરોડના કેન્દ્રીય અને રાજ્ય પ્રોજેક્ટ્સનું ઉદ્‌ઘાટન અને શિલાન્યાસ કરશે. વડાપ્રધાન જનસભાને પણ સંબોધિત કરશે અને ત્યારબાદ તેઓ પશ્ચિમ બંગાળ જવા રવાના થશે. તમને જણાવી દઈએ કે વડાપ્રધાન મોદીએ ૪ ફેબ્રુઆરીએ આસામની મુલાકાત લીધી હતી અને ૧૧,૬૦૦ કરોડ રૂપિયાના ઈન્ફ્રાસ્ટ્રક્ચર પ્રોજેક્ટ્સની શરૂઆત કરી હતી. નોંધનીય છે કે આ પહેલા વડાપ્રધાને કાઝીરંગા નેશનલ પાર્કમાં સેન્ટ્રલ કોહોરા રેન્જ પાસે પાનબારી હેલીપેડથી પોલીસ ગેસ્ટ હાઉસ સુધી લગભગ ૧૫ કિલોમીટરનું સડક માર્ગ કવર કર્યું હતું. ગેસ્ટ હાઉસ તરફ જવાના માર્ગ પર લોકોની કતારો લાગી હતી અને મોદીએ તેમના વાહનના ફૂટબોર્ડ પર ઉભા રહીને તેમનું અભિવાદન કર્યું હતું. અને ત્યારબાદ તેઓ પશ્ચિમ બંગાળ જવા રવાના થશે. તમને જણાવી દઈએ કે વડાપ્રધાન મોદીએ ૪ ફેબ્રુઆરીએ આસામની મુલાકાત લીધી હતી અને ૧૧,૬૦૦ કરોડ રૂપિયાના ઈન્ફ્રાસ્ટ્રક્ચર પ્રોજેક્ટ્સની શરૂઆત કરી હતી. નોંધનીય છે કે આ પહેલા વડાપ્રધાને કાઝીરંગા નેશનલ પાર્કમાં સેન્ટ્રલ કોહોરા રેન્જ પાસે પાનબારી હેલીપેડથી પોલીસ ગેસ્ટ હાઉસ સુધી લગભગ ૧૫ કિલોમીટરનું સડક માર્ગ કવર કર્યું હતું. ગેસ્ટ હાઉસ તરફ જવાના માર્ગ પર લોકોની કતારો લાગી હતી અને મોદીએ તેમના વાહનના ફૂટબોર્ડ પર ઉભા રહીને તેમનું અભિવાદન કર્યું હતું.

## ન્યૂઝ બ્રિફ

### ભારતે પશ્ચિમી સરહદે ૧૦ હજાર સૈનિકોની ટૂકડી ખસેડી

। નવી દિલ્હી, તા.૯ ।

ભારત અને ચીન વચ્ચે પૂર્વી લદ્દાખ સરહદ પર ઘણા વર્ષોથી ચાલી રહેલો તણાવ ઘટે તેવા કોઈ સંકેત દેખાઈ રહ્યા નથી. આ દરમિયાન ચીનની કાર્યવાહીને જોતા ભારતે વધુ સૈનિકો તૈનાત કરવાનો નિર્ણય લીધો છે. જોકે ચીનને આ વાત પસંદ નથી આવી. ચીનના વિદેશ મંત્રાલયના પ્રવક્તાએ કહ્યું કે વિવાદિત સરહદ પર વધુ સૈનિકો તૈનાત કરવાનું ભારતનું પગલું “તણાવ ઘટાડવા માટે અનુકૂળ નથી”. અહેવાલો અનુસાર, ભારતે તેની પશ્ચિમી સરહદેથી ૧૦,૦૦૦ સૈનિકોની ટુકડી ખસેડી છે અને તેને ચીન સાથેની વિવાદિત સરહદને મજબૂત કરવા માટે ઉત્તરીય સરહદની નજીક તહેનાત કરી દીધી છે. ભારતના આ વ્યૂહાત્મક પગલાથી ચીન નારાજ છે. ચીનના વિદેશ મંત્રાલયના પ્રવક્તા માઓ નિંગે કહ્યું કે “અમે સરહદ અને તેની આસપાસના વિસ્તારોમાં શાંતિ અને સ્થિરતા માટે ભારત સાથે મળીને કામ કરવા માટે તૈયાર છીએ. એલએસીને લઈને ભારતના પગલાં શાંતિ સ્થાપિત કરવાની તરફેણમાં નથી. ઉલ્લેખનીય છે કે ચીન સાથેના તણાવને ધ્યાનમાં રાખીને બરેલી સ્થિત ઉત્તર ભારત (UB) વિસ્તારને સંપૂર્ણ આર્મી કોરમાં રૂપાંતરિત કરવામાં આવશે.

### ટેસ્ટ ક્રિકેટના ઈતિહાસમાં ૧૧૨ વર્ષ બાદ ભારતની સિદ્ધિ

# પ્રથમ મેચ હાર્યા બાદ ૪-૧થી ટેસ્ટ શ્રેણી જીતનારી ભારત પહેલી ટીમ

### ટેસ્ટના ૧૪૧ વર્ષના ઈતિહાસમાં આવું ત્રણ વખત બન્યું છે જ્યારે પાંચ મેચની પ્રથમ મેચ હાર્યા બાદ બાકીની મેચો જીતવામાં સફળ

। (એજન્સી) ધર્મશાલા, તા.૯ ।

ભારત અને ઈંગ્લેન્ડ વચ્ચે ટેસ્ટ મેચની સીરિઝની પાંચમી અને છેલ્લી મેચ ધર્મશાલામાં રમાઈ હતી. આ મેચના ત્રીજા દિવસે ભારતીય ટીમે ઈંગ્લેન્ડને એક ઈનિંગ અને ૬૪ રનના મોટા અંતરથી હરાવ્યું અને સીરિઝ ૪-૧થી પોતાના નામે કરી હતી. આ જીત સાથે જ ભારતીય ટીમે ઈતિહાસ રચ્યો હતો. ભારતીય ટીમ છેલ્લા ૧૧૨ વર્ષમાં પહેલી એવી ટીમ બની ગઈ છે જેણે સીરિઝની પહેલી મેચ હાર્યા બાદ પાંચ મેચની સીરિઝ ૪-૧થી જીતી હોય.



ટેસ્ટ ક્રિકેટના ૧૪૧ વર્ષના ઈતિહાસમાં આવું માત્ર ત્રણ વખત બન્યું છે જ્યારે કોઈ ટીમ પાંચ મેચની સીરિઝની પ્રથમ મેચ હાર્યા બાદ સીરિઝની બાકીની મેચો જીતવામાં સફળ રહી હોય. ઓસ્ટ્રેલિયાએ પ્રથમ વખત આ સિદ્ધિ વર્ષ ૧૮૯૭-૧૮૯૮માં હાંસલ કરી હતી. આ પછી ઓસ્ટ્રેલિયાએ ૧૯૦૧-૧૯૦૨માં ફરી આ સિદ્ધિ હાંસલ કરી હતી. ઈંગ્લેન્ડે વર્ષ ૧૯૧૨માં ત્રીજી વખત આવું કર્યું હતું. આવી સ્થિતિમાં રોહિત શર્માના નેતૃત્વમાં ભારતીય ટીમ ૧૧૨ વર્ષ બાદ સીરિઝની પ્રથમ મેચ હાર્યા બાદ પાંચ મેચોની સીરિઝની બાકીની ચાર મેચ જીતનારી પ્રથમ ટીમ બની ગઈ છે. આ સિવાય ટેસ્ટ ક્રિકેટના ઈતિહાસમાં આ ખાસ સિદ્ધિ મેળવનારી ભારત ત્રીજી ટીમ છે. ટેસ્ટ સીરિઝની પ્રથમ મેચમાં હૈદરાબાદમાં ઈંગ્લેન્ડ સામે ભારતને ૨૮ રનથી હારનો સામનો કરવો પ ડ્યો હતો. આ સિવાય ટેસ્ટ ક્રિકેટના ઈતિહાસમાં આ ખાસ સિદ્ધિ મેળવનારી ભારત ત્રીજી ટીમ છે. ટેસ્ટ સીરિઝની પ્રથમ મેચમાં હૈદરાબાદમાં ઈંગ્લેન્ડ સામે ભારતને ૨૮ રનથી હારનો સામનો કરવો પડ્યો હતો. આ પછી ભારતે વિશાખાપટ્ટનમમાં સીરિઝની બીજી મેચમાં વાપસી કરી હતી અને ૧૦૬ રને જીત મેળવી હતી. આ પછી સીરિઝની ત્રીજી મેચમાં ભારતે રાજકોટમાં ઈંગ્લેન્ડને ૪૩૪ રનના વિશાળ અંતરથી હરાવ્યું હતું. આ સીરિઝની ચોથી મેચ રાંચીમાં રમાઈ હતી અને ભારતીય ટીમે ૫ વિકેટે જીત મેળવી હતી. જ્યારે ધર્મશાલામાં ભારતે એક ઈનિંગ અને ૬૪ રનના મોટા અંતરથી જીત મેળવી હતી.

### લોકસભાની ચૂંટણી પહેલાં કોંગ્રેસમાં ભંગાણ જારી

# પૂર્વ કેન્દ્રીય મંત્રીએ કોંગ્રેસ છોડી ભાજપનો ખેસ ધારણ કર્યો

। (એજન્સી) નવી દિલ્હી, તા.૯ ।

લોકસભાની ચૂંટણી પહેલા કોંગ્રેસની મુશ્કેલી સતત વધતી જઈ રહી છે. પાર્ટીને ચૂંટણી પહેલા એક પછી એક મોટા ઝટકા લાગી રહ્યા છે. હવે પૂર્વ કેન્દ્રીય મંત્રી સુરેશ પચૌરીએ પણ કોંગ્રેસને મોટો ઝટકો આપ્યો છે. કોંગ્રેસ નેતા સુરેશ પ ચૌરી આજે ભાજપમાં જોડાઈ ગયા. તેમણે ભોપાલમાં પાર્ટી કાર્યાલયમાં મધ્યપ્રદેશના મુખ્યમંત્રી મોહન યાદવ અને પૂર્વ મુખ્યમંત્રી શિવરાજ સિંહ ચૌહાણની હાજરીમાં પાર્ટીનું સભ્યપદ મેળવ્યું. અહેવાલ અનુસાર, કોંગ્રેસના વરિષ્ઠ નેતા સુરેશ પચૌરી અને પૂર્વ સાંસદ ગજેન્દ્ર સિંહ રાજુખેડી આજે ભાજપમાં જોડાઈ ગયા હતા. સુરેશ પચૌરી ગાંધી પરિવારના નજીકના મનાતા હતા. તેમણે યુપીએ સરકારમાં કેન્દ્રીય સંરક્ષણ રાજ્ય મંત્રીની જવાબદારી નિભાવી હતી.

### ભારતમાં હજુ પણ પુત્રને વધુ મહત્વ અપાય છે

# દેશમાં કડકાઈ બાદ ગર્ભ પરિક્ષણ માટે ભારતીયો હવે નેપાળ ભણી

। (એજન્સી) કાઠમંડુ, તા.૯ ।

સમય ભલે ઝડપથી બદલાઈ રહ્યો હોય પરંતુ આજે પણ પુત્રીઓની સરખામણીએ પુત્રોને જ વધુ મહત્વ આપવામાં આવે છે. ભારતમાં ગર્ભ પરીક્ષણની તપાસ પર કડકાઈ બાદ હવે લોકો નેપાળ તરફ વળી રહ્યા છે. ઉત્તરાખંડના પિથોરાગઢની સાથે જ અન્ય જિલ્લામાંથી દરરોજ નેપાળના જુદા-જુદા શહેરોમાં ઘણા લોકો લિંગ તપાસ માટે પહોંચી રહ્યા છે. લગભગ ૧૦ હજાર રૂપિયામાં ગર્ભવતીઓનું લિંગ પરીક્ષણ થઈ રહ્યુ છે. લિંગ પરીક્ષણ કરાવનાર લોકો તે છે જેમને પહેલા બે કે તેથી વધુ સંતાન પુત્રીઓ છે. સરહદના લોકો માટે સૌથી નજીક ઝૂલાઘાટથી લગભગ ૨૨ કિમીના અંતરે બૈતડી વસેલુ છે. તેનાથી મોટાભાગના લોકો અહીં જ ગર્ભવતીઓની તપાસ કરાવી રહ્યા છે. સૂત્રોના જણાવ્યાનુસાર એક વ્યક્તિ પત્નીના ગર્ભવતી થવા પર ગર્ભ પરીક્ષણ માટે નેપાળ બૈતડી પહોંચ્યા. ભારતમાં અલ્ટ્રાસાઉન્ડ માટે તંત્રએ આધાર કાર્ડ જરૂરી કર્યું છે.

### ફૂલટાઈમ કર્મચારી છતાં નિયત પગાર ન ચુકવ્યો

# મહિલાને ૧૫ રુપિયાના પગારે ૪૫ વર્ષ નોકરી કરાવનારી શાળાને દંડ

### કોર્ટે બાંદા જિલ્લાની ભગોનિયા દેવીની ૧૪ વર્ષથી પડતર અરજીનો નિકાલ કરતી વખતે આ નિર્ણય આપ્યો હતો

। (એજન્સી) અલ્હાબાદ, તા.૯ ।

અલ્હાબાદ હાઈકોર્ટે શિક્ષણ વિભાગ બાંદા પર એક મહિલા પટાવાળાને ફુલ ટાઈમ કર્મચારી તરીકે લેવા છતાં નિયત પગાર ન ચૂકવવા બદલ રૂપિયા ૧ લાખનો દંડ ફટકાર્યો છે. મહિલા ૧૫ રૂપિયાના પગારે ૪૫ વર્ષ સુધી નોકરી કર્યા બાદ ૨૦૧૬માં નિવૃત્ત થઈ હતી. જસ્ટિસ સૌરભ શ્યામ શમશેરીની કોર્ટે બાંદા જિલ્લાની ભગોનિયા દેવીની ૧૪ વર્ષથી પડતર અરજીનો નિકાલ કરતી વખતે આ નિર્ણય આપ્યો હતો. ભગોનિયા દેવીની નિમણૂક ૧૯૭૧માં શિક્ષણ વિભાગ હેઠળ ચાલતી ગર્લ્સ જુનિયર હાઈસ્કૂલમાં ૧૫ રૂપિયાના પગારે કરવામાં આવી હતી. ૧૯૮૧માં તેમને ફુલ ટાઈમ પટાવાળા તરીકે બઢતી આપવામાં આવી અને તેમનો પગાર ૧૬૫ રૂપિયા નક્કી કરવામાં આવ્યો. પરંતુ,તે વેતન ભગોનિયા દેવીને આપવામાં આવ્યું ન હતું. ભગોનિયા દેવીએ ન્યાય માટે ૧૯૮૫માં હાઈકોર્ટનો દરવાજો ખટખટાવ્યો હતો. કોર્ટે શિક્ષણ વિભાગ બાંદાને પગાર સંબંધિત માગનો નિકાલ કરવાનો નિર્દેશ આપ્યો હતો. શિક્ષણ વિભાગે એમ કહીને રૂપિયા ૧૬૫નો પગાર ચૂકવવાનો ઈનકાર કર્યો હતો કે તેમની સેવાઓ અને પગાર મંજૂર નથી. આ નિમણૂક અનિયમિત છે. પછી ૧૯૯૬માં ભગોનિયા દેવીની પૂર્ણ-સમયની સેવા સમાપ્ત કરવામાં આવી. જો કે, તેમણે ૨૦૧૬ સુધી કામ કરવાનું ચાલુ રાખ્યું. ભગોનિયા દેવીએ નિશ્ચિત પગારની માગ સાથે ૨૦૧૦માં ફરી હાઈકોર્ટમાં પહેંચી હતી. ભગોનિયા દેવી ૨૦૧૬માં નિવૃત્ત થઈ હતી, પરંતુ શિક્ષણ વિભાગે વધેલો પ ગાર ચૂકવ્યો ન હતો. ૩૫ વર્ષની પૂર્ણ-સમયની સેવા છતાં તેમને મહિને માત્ર ૧૫ રૂપિયાનો પગાર મળતો હતો. હાઈકોર્ટે કહ્યું કે, ‘અરજદારે ફુલ ટાઈમ નિમણૂક રદ કરવાના આદેશને પડકાર્યો નથી, પરંતુ તેમાં કોઈ વિવાદ નથી કે તે લાંબા સમયથી ફુલ ટાઈમ પટાવાળા તરીકે કામ કરી રહી છે. તેથી અરજદારને ફુલ ટાઈમના પટાવાળા તરીકે નિયુક્ત કરવાનો હુકમ સ્વીકાર્ય છે.’ કોર્ટે અરજદારની ફુલ ટાઈમની નિમણૂકની તારીખથી રૂપિયા ૧૬૫ના દરે ૩૫ વર્ષની સેવા માટે રૂપિયા ૬૯,૩૦૦ ચૂકવવાનો આદેશ આપ્યો હતો. સાથે શિક્ષણ વિભાગને રૂપિયા એક લાખનો દંડ ફટકાર્યો હતો અને અરજદારને બે વખત કોર્ટમાં આવવા દબાણ કરવા બદલ ચૂકવણી કરવાનો આદેશ આપ્યો હતો.



## ગુજરાતમાં ત્રણ વર્ષમાં ૨,૨૬૦ લોકોએ હથિયારનાં લાઇસન્સ લીધા

### સૌથી વધુ ૩૪૨ લાઇસન્સ રાજકોટિયન્સે કઢાવ્યાં, પાક સંરક્ષણ માટે ૬૩૩૧ હથિયાર પરવાના અપાયા

। (એજન્સી) અમદાવાદ, તા.૯ ।

રાજ્યમાં છેલ્લા ત્રણ વર્ષમાં ૨૨૬૦ લોકોએ હથિયારનું લાઈસન્સ મેળવ્યું છે. જેમાં સૌથી વધુ ૩૪૨ લાઈસન્સ રાજકોટિયન્સે કઢાવ્યાં છે, તો મેટ્રોસિટી અમદાવાદમાં ૩૨૪, સુરતમાં ૨૧૨, ગાંધીનગરમાં ૨૦૭ અને જૂનાગઢમાં ૧૨૭ લોકોએ લાઈસન્સ મેળવ્યાં છે. રાજ્યમાં સરકારે વર્ષ ૨૦૨૦-૨૧માં ૭૩૩, ૨૦૨૧-૨૨માં ૮૭૪ અને ૨૦૨૨-૨૩માં ૬૫૩ લાઈસન્સ ઈસ્યૂ કર્યા છે. આ ત્રણ વર્ષમાં સાત મહાનગરો સિવાય મોરબીમાં ૧૧૦, મહેસાણામાં ૭૬ અને સુરેન્દ્રનગર જિલ્લામાં પણ ૬૮ લાઈસન્સ ઈસ્યું થયાં છે. વિધાનસભામાં અપાયેલી માહિતી મુજબ, ૩૧ માર્ચ ૨૦૨૩ની સ્થિતિએ ગુજરાતમાં સૌથી વધુ અમદાવાદના ૫,૯૬૩ લોકો સ્વરક્ષણ હેતુ હથિયારનું લાઈસન્સ ધરાવે છે. ત્યાર બાદ રાજકોટ શહેરમાં ૩૧૮૮, સુરત શહેરમાં ૨૭૮૧, દાહોદ જિલ્લામાં ૨૩૨૯ અને વડોદરા શહેરમાં ૧૯૬૩ લોકો પાસે હથિયાર લાઈસન્સ છે. ઉલ્લેખનીય છે કે સ્વબચાવ માટે તથા સંભવિત જોખમ સહિતના વિવિધ ૫ રિબળોને ધ્યાનમાં રાખીને હથિયારનું લાઈસન્સ જારી કરવામાં આવે છે. આ માટે અરજદારની પૃષ્ઠભૂમિકાને પણ ધ્યાનમાં લેવામાં આવે છે. સુરેન્દ્રનગર જિલ્લામાં પાકના રક્ષણ માટે હથિયાર રાખવાની પરંપરા વર્ષોથી ચાલી આવે છે. ગુજરાતમાં ખેતી પાકોમાં નુકસાન થતું અટકાવવા પાક સંરક્ષણ માટે મજરલોડ બંદૂક માટે ૩૧ માર્ચ ૨૦૨૩ની સ્થિતિએ ૬૬૩૧ લોકોને હથિયાર પરવાનો અપાયો છે. ત્રણ વર્ષમાં પાક રક્ષણ માટે લાઈસન્સનું પ્રમાણ ઘટ્યું છે. ૨૦૨૦-૨૧માં ૧૦૯, ૨૦૨૧-૨૨માં ૧૦૪ અને ૨૦૨૨-૨૩માં ૨૯ લોકોએ લાઈસન્સ કઢાવ્યાં છે. સુરેન્દ્રનગર જિલ્લામાં પાકના રક્ષણ માટે હથિયાર રાખવાની પરંપરા વર્ષોથી ચાલી આવે છે. ગુજરાતમાં ખેતી પાકોમાં નુકસાન થતું અટકાવવા પાક સંરક્ષણ માટે મજરલોડ બંદૂક માટે ૩૧ માર્ચ ૨૦૨૩ની સ્થિતિએ ૬૬૩૧ લોકોને હથિયાર પરવાનો અપાયો છે. ત્રણ વર્ષમાં પાક રક્ષણ માટે લાઈસન્સનું પ્રમાણ ઘટ્યું છે. ૨૦૨૦-૨૧માં ૧૦૯, ૨૦૨૧-૨૨માં ૧૦૪ અને ૨૦૨૨-૨૩માં ૨૯ લોકોએ લાઈસન્સ કઢાવ્યાં છે.

# ફરિયાદી બલ્ગેરિયન યુવતીએ કેડિલા ફાર્મામાં ફરી નોકરી માગી

### આ માટે યુવતીએ લેબર ડિપાર્ટમેન્ટમાં પણ ફરિયાદ કરી છે, યુવતી કંપનીમાં જે પોસ્ટ પર હતી તે ફરીથી માગી

। (એજન્સી) અમદાવાદ, તા.૯ ।

કેડિલા ફાર્માસ્યુટિકલના મેનેજિંગ ડિરેક્ટર રાજીવ મોદી સામેના રેપ કેસમાં સતત વળાંક આવી રહ્યા છે. જે બલ્ગેરિયન યુવતીએ મોદી સામે રેપનો આરોપ મૂક્યો છે તે હવે કેડિલા ફાર્મામાં પોતાનું પદ ફરીથી માગી રહી છે. આ માટે મહિલાએ લેબર ડિપાર્ટમેન્ટમાં પણ ફરિયાદ કરી છે. ૨૭ વર્ષની બલ્ગેરિયન યુવતી કંપનીમાં જે પોસ્ટ પર હતી તે ફરીથી માગી રહી છે. આ ઉપરાંત તેનું કહેવું છે કે કંપની પાસેથી તેના હજુ લાખો રૂપિયા બાકી નીકળે છે. ગુરુવારે યુવતી અમદાવાદ






ખાતે લેબર ડિપાર્ટમેન્ટમાં પહોંચી હતી અને ઈન્ડસ્ટ્રીયલ વિવાદની ફરિયાદ કરી હતી. તેનું કહેવું છે કે ૧૫ એપ્રિલે તે પોતાના બોસ સામે ફરિયાદ નોંધાવવા પોલીસ સ્ટેશને પહોંચી ત્યાર પછી તેને રાજીનામુ આપવાની ફરજ પાડવામાં આવી હતી. તેને એક કોરા કાગળ પર સહી કરવાની ફરજ પાડવામાં આવી હતી જેના પર માત્ર ચાર લીટી લખેલી હતી અને પોલીસ સ્ટેશનમાં જ સહી લઈ લેવાઈ હતી. બલ્ગેરિયન મહિલાના વકીલ રાજેશ મિશ્રાએ જણાવ્યું કે તેને નોકરીમાંથી આ રીતે કાઢી મૂકવાનું કામ ગેરકાયદે હતું અને તેને ફરીથી કંપનીમાં જૂનો હોદ્દો મળવો જોઈએ. યુવતીએ મોદી સામે એફઆઈઆર લખાવવા માટે ગુજરાત હાઈકોર્ટમાં પિટિશન કરી હતી જેમાં રાજ્ય સરકારે કહ્યું હતું કે મહિલાએ આ કેસમાં સેટલમેન્ટ તરીકે ૨૨ લાખ રૂપિયા સ્વીકારી લીધા છે. જ્યારે તેના વકીલે જણાવ્યું કે યુવતી પાસે રાજીનામાનો પત્ર લખાવી લેવામાં આવ્યો ત્યાર પછી અમે કંપનીને નોટિસ મોકલીને બાકીની રકમ ચૂકવવા કહ્યું હતું. મેનેજમેન્ટ તરફથી હજુ સુધી કોઈ જવાબ આવ્યો નથી. તેમણે કહ્યું કે કેડિલા ફાર્મા પાસેથી બલ્ગેરિયન યુવતીના હજુ ૧૧ લાખ રૂપિયા બાકી નીકળે છે. યુવતીની અરજી ડેપ્યુટી લેબર કમિશ્નરને સોંપવામાં આવી છે. આ અંગે સમાધાન થાય તે માટે પ્રયાસ કરવામાં આવશે અને જો સમાધાન નહીં થાય તો આ કેસ લેબર કોર્ટમાં જશે.

### માતાએ ઠપકો આપતા તેણે આ પગલું ભર્યું હોવાની ચર્ચા

## સુરતમાં ત્રીજા માળેથી પટકાતા વિદ્યાર્થીનીનું મોત

। (માહિતી) સુરત, તા.૯ ।

આ અંગે ઉધના પોલીસને જાણ કરાતા પોલીસે મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે મોકલી આપ્યો હતો. દીકરીના મોતને પગલે પરિવારમાં શોકની લાગણી પ્રસરી ગઈ છે.

સુરતમાં એક વિદ્યાર્થીનીનું તેના મકાનના ત્રીજા માળેથી નીચે પટકાતા મોત નીપજ્યું હતું. જેને પગલે તેના પરિવારમાં શોકની લાગણી ફેલાઈ ગઈ છે. પોલીસ આ અંગે વધુ તપાસ કરી રહી છે.

સુરતના ઉધનાના વિજયનગરમાં રહેતી ૨૦ વર્ષની રસિકા ચૌહાણ નામની વિદ્યાર્થીની તેના મકાનના ત્રીજા માળેથી નીચે પટકાતા તેનું મોત નીપજ્યું હતું. રસિકા ઘરના ધાબા પર સુકવેલા કપડા લેવા માટે ગઈ હતી પરંતુ અચાનક નીચે પટકાઈ હતી. આ બનાવને પગલે સ્થાનિક લોકો દોડી આવ્યા હતા.

સારવાર અર્થે તેને સિવિલ હોસ્પિટલમાં લઈ જવામાં આવી હતી. જોકે દાખલ કર્યા પહેલા જ ડોક્ટરે તેને મૃત ઘોષિત કરી હતી.

આ અંગે ઉધના પોલીસને જાણ કરાતા પોલીસે મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે મોકલી આપ્યો હતો. દીકરીના મોતને પગલે પરિવારમાં શોકની લાગણી પ્રસરી ગઈ છે.

બીજી તરફ માતાએ કોઈ બાબતે ઠપકો આપતા તેણે આ પગલું ભર્યું હોવાની ચર્ચા ચાલી રહી છે.

હાલમાં ઉધના પોલીસે અકસ્માત મોતનો ગુનો નોધ્યો છે. આ અંગે પોલીસ વધુ તપાસ કરી રહી છે.

### સુરતમાં વધુ એક સામૂહિક આપઘાતની ઘટના

# લિંબાયતમાં પત્ની-બાળકને ઝેર આપી પતિએ ફાંસો ખાઈ લીધો

### પોલીસને તપાસ દરમિયાન એક ચીઠી અને મોબાઈલ મળી આવ્યો છે, પોલીસ તેને સ્યુસાઈડ નોટ ગણાવી રહી છે

। (એજન્સી) સુરત, તા.૯ ।

સુરતમાં વધુ એક આપઘાતની ઘટના બની છે, જેમાં લિંબાયત વિસ્તારમાં રૂસ્તમ પાર્ક ખાતે એક પરિવારના ત્રણ સભ્યોએ એકસાથે આપઘાત કરી લેતાં ચકચાર મચી જવા પામી છે.

સૂત્રો પાસેથી મળતી માહિતી મુજબ લિંબાયત વિસ્તારમાં આજે એક યુવકે પોતાની પત્ની અને બાળકને ઝેરી દવા પીવડાવીને પોતે ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી લીધાનો દાવો કરવામાં આવી રહ્યો છે. હાલ લિંબાયત પોલીસે ઘટના સ્થળે પહોંચીને આગળની કાર્યવાહી કરી રહી છે. આ અંગે મળતી માહિતી અનુસાર સુરતમાં ફરી એકવાર સામુહિક આપઘાતનો બનાવ બન્યો છે. લિંબાયતમાં આવેલા રૂસ્તમ પાર્ક વિસ્તારમાં રહેતા ૩૮ વર્ષીય સુમેશ ભિક્ષાપતિ જિલા એ પોતાની પત્ની નિર્મલ અને સાત વર્ષના દીકરા દેવઋષિને ઝેર આપીને મારી નાખ્યા બાદ પોતે પણ ગળેફાંસો ખાઈ લીધાનો દાવો કરાઈ રહ્યો છે. પોલીસને તપાસ દરમિયાન એક ચીઠી અને મોબાઈલ મળી આવ્યો છે. પોલીસ તેને સ્યુસાઈડ નોટ ગણાવી રહી છે. જો કે અત્યાર સુધી પરિવારના સભ્યોએ કેમ આપઘાત કર્યો તે જાણી શકાયું નથી. પોલીસે કહ્યું હતું કે આ મામલે વધુ તપાસ કરી રહ્યા છે. પોલીસે મૃતદેહોને કબજે લઈ પોસ્ટમોર્ટમ માટે મોકલી દેવામાં આવ્યા છે. અગાઉ સુરત શહેરના અડાજણ વિસ્તારના પાલનપુર જકાતનાકા નજીક આવેલા સિદ્ધેશ્વર કોમ્પ્લેક્સ પણ આપઘાતની ઘટના બની હતી. આ ઘટનાએ આખા સુરતને હચમચાવી નાખ્યું હતું. અહીં એક જ પરિવારના સાત સભ્યોના મોત થયા હતા. મૃતકોમાં ત્રણ બાળકો પણ સામેલ હતા.

## મહીસાગર નદીમાં બે યુવકો પાણીમાં તણાતા મોત થયું

। (માહિતી) સાવલી, તા.૯ ।

વડોદરાના સાવલી પાસે મહીસાગર નદીમાં ન્હાવા ગયેલા બે યુવકો ડૂબી જતા તેમનું મોત નિપજ્યું છે. એનડીઆરએફની ટીમ તેમજ ફાયરબ્રિગેડની ટીમ ઘટના સ્થળે પહોંચી શોધખોળ કરી રહી છે.

યુવકો મહી નદીમાં મજા માણવા નદીમાં કૂદ્યા હતા પરંતુ મજા સજા બની જશે કદાચ તેમને ખબર નહોતી. આવી ઘટના વડોદરા જીલ્લાના સાવલીમાં બની છે.

સાવલી પાસે મહીસાગર નદીમાં બે યુવકો પાણીમાં તણાતા મોત થયું છે. સ્થાનિકોને ઘટનાની જાણ થતાં ઘટનાસ્થળે દોડી આવ્યા હતા. મળતી માહિતી મુજબ દીપક અને ધર્મેશ નામના બે યુવકો નદીમાં ન્હાવા માટે ગયા હતા. પરંતુ મહીસાગર નદીના પ્રવાહોમાં આ બે આશાસ્પદ યુવાનો પાણીમાં તણાઈ ગયા હતા. આખરે લાખ પ્રયત્ન કરવા છતાં તેઓ પાણીમાંથી બહાર ન આવી શકવાને કારણે બંને યુવાનોના મોત નિપજ્યા હતા.

# કડોદરામાં બે દીકરીની માતા સાથે સેનેટરી ઈન્સ્પેક્ટર દ્વારા દુષ્કર્મ

### મહિલાએ સલાબતપુરા પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવતા પોલીસે સેનેટરી ઇન્સ્પેક્ટર ભીખુ અંજારાની ધરપકડ કરી હતી

। (એજન્સી) સુરત, તા.૯ ।

સુરતના કડોદરા ખાતે રહેતી ૩૭ વર્ષની બે દીકરીઓની માતા સાથે દુષ્કર્મની ઘટના બની હતી. એક વર્ષ દરમિયાન સુરતના કતારગામ ઝોનમાં સેનેટરી ઈન્સ્પેક્ટર તરીકે ફરજ બજાવતા અધિકારીએ બ્લેકમેલ કરી ધમકી આપી અને અનેક વખત દુષ્કર્મ આચર્યું હતું. સેનેટરી ઈન્સ્પેક્ટર અને આ મહિલા બંને બ્રહ્મકુમારી ધર્મને માને છે બંને સૌ પ્રથમ મહાશિવરાત્રીના કાર્યક્રમમાં કતારગામ ખાતે મળ્યા હતા જ્યાં બંને સૌપ્રથમવાર મળ્યા હતા અને ત્યારે વાતચીત થતાં મહિલા અને સેનેટરી ઈન્સ્પેક્ટર એ બંને નંબરની આપ લે કરી હતી. ત્યારબાદ ધીમે ધીમે મિત્રતા થઈ હતી સાથે સાથે વાર




તહેવારે સેનેટરી ઈન્સ્પેક્ટર ભીખાભાઈ મીઠાઈ લઈને એ કામિનીબેનના ઘરે આવતા હતા ત્યારબાદ તેમને અને તેમની દીકરીઓને ફરવા પણ લઈ ગયા હતા. આ દરમિયાન મહિલાના પતિ નાઈટ શિફ્ટમાં હતા તે દરમિયાન સેનેટરી ઈન્સ્પેક્ટર એ મહિલા સાથે સંબંધ બાંધવા જણાવ્યું હતું અને મહિલા નહીં માનતાં તે ફરવા ગયા ત્યારના ફોટા વાયરલ કરી દેવાની ધમકી આપી હતી અને દુષ્કર્મ ગુજાર્યું હતું. ત્યારબાદ મહિલાને લગ્નની લાલચ આપી અવારનવાર સેનેટરી ઈન્સ્પેક્ટર ભીખુભાઈ સોસાયટીમાં આવતા હતા જેથી સોસાયટીમાં બધા લોકો વાતો કરશે તેવું મહિલાએ જણાવી ઘરે નહીં આવવા વાત કરી હતી. ત્યારબાદ ભીખુભાઈએ ધમકી મારી હતી કે જો તે નહીં માને તો તેમના સંબંધ જાહેર કરી દેશે. સેનેટરી ઈન્સ્પેક્ટર ભીખુ ભાઈ સુરત ટેક્સટાઈલ માર્કેટની સામે બ્રિજ નીચે પાલિકાના શૌચાલયમાં બનાવવામાં આવેલી નાની ઓરડીમાં વારંવાર દુષ્કર્મ ગુજારતો હતો. જેનાથી કંટાળી મહિલાએ સલાહબાદપુરા પોલીસ મથકમાં સેનેટરી ઈન્સ્પેક્ટર ભીખુ મૂળજી અંજારા સામે દુષ્કર્મની ફરિયાદ નોંધાવી હતી.

## હોસ્પિટલમાં સારવાર હેઠળ વ્યક્તિના ઘરમાં ચોરોએ હાથ સાફ કર્યા


। (માહિતી) આણંદ, તા.૯ ।

આણંદના ઉમરેઠ નગરમાં તસ્કરોએ બંધ મકાનને નિશાન બનાવ્યું છે. સર્વ મંગલ રેસીડેન્સી સોસાયટીમાં ચોરીની ઘટના બનતા ચકચાર મચી ગઈ છે. મકાન માલિક સારવાર હેઠળ હતા ત્યારે તસ્કરોએ ચોરીનો લાભ ઉઠાવી રોકડ રકમ સહિત સોના, ચાંદીના દાગીનાની ચોરી કરી હતી. રહીશોએ આ મામલે પોલીસના પેટ્રોલિંગ પર સવાલો ઉઠાવ્યા છે. ઉમરેઠ પોલીસ ઘટના સ્થળે પહોંચી કાર્યવાહી શરૂ કરી છે. આણંદ જીલ્લામાં ઉમરેઠ નગરમાં ચોરો બેફામ બનતા જોવા મળ્યા છે. સર્વ મંગલ રેસીડેન્સી સોસાયટીમાં ચોરોએ હાથ સાફ કર્યો હતો. મળતી માહિતી મુજબ બંધ મકાનના માલિક હોસ્પિટલમાં સારવાર હેઠળ હતા, દરમિયાન તસ્કરોએ વિવિધ સોસાયટીને નિશાન બનાવી હતી. તસ્કરોએ તિજોરી તેમજ રસોડાનો માલ સામાન પણ રફેદફે કર્યો હતો.

**વિશેષ** ગંગાબેન પાટિલના હસ્તે સમાજસેવા, કલા, લેખન રમત-ગમત, પોલીસ, તબીબી અને પત્રકારત્વ ક્ષેત્રમાં આગવું યોગદાન આપનાર મહિલાઓ સન્માનિત

# સાબરમતી રેલવે સ્ટેશનનો પુન : વિકાસ







બનાસકાંઠા, સાબરકાંઠા, મહેસાણા અને સુરેન્દ્રનગરના પ્રેસ મીડિયા એ પશ્ચિમ રેલ્વે અમદાવાદ મંડળના સાબરમતી સ્ટેશન પર ચાલી રહેલા પુનઃવિકાસ કાર્યનું નિરીક્ષણ કર્યું હતું. શ્રી સુમિત ઠાકુર મુખ્ય જનસંપર્ક અધિકારી (CPRO) પશ્ચિમ રેલવે અને શ્રી અનંત કુમાર ડેપ્યુટી ચીફ પ્રોજેક્ટ મેનેજર (Dy CPM) અમદાવાદે મીડિયાને સાબરમતી સ્ટેશન પર ચાલી રહેલા પુનઃવિકાસ કાર્યની પ્રગતિ વિશે માહિતી આપી અને મીડિયા મિત્રોએ બાંધકામ સ્થળની મુલાકાત લીધી અને નિરીક્ષણ કર્યું. બાંધકામની પ્રગતિનું અવલોકન કર્યું. આ દરમિયાન પ્રેઝન્ટેશન દ્વારા તેમજ સ્ટેશન પર સ્થાપિત મોડલ દ્વારા પુનઃનિર્માણ પછી સ્ટેશન કેવી રીતે બનાવવામાં આવશે, ત્યાં કેવી સુવિધાઓ હશે વગેરે વિશે માહિતી આપવામાં આવી હતી.

**પરિયોજનાની સંક્ષિપ્ત પ્રસ્તાવના**

● ભારતીય રેલવેઝ ઓથોરીટીએ એન્જિનિયરીંગ, પ્રોક્યોરમેન્ટ અને કન્સ્ટ્રક્શન (EPC) ઢબ મારફતે પશ્ચિમ રેલવેના અમદાવાદ ડિવિઝનમાં સાબરમતી, અમદાવાદ ખાતેના રેલવે સ્ટેશનના પુનઃવિકાસની પરિયોજનાનો અમલ કરવાનો નિર્ણય કર્યો છે.

● સાબરમતી સ્ટેશનને બે સ્ટેશન તરીકે બનાવવામાં આવ્યું છે, SBI અને SBT એક જ રેલવે યાર્ડની બે બાજુઓ પર આવેલા છે. SBT વિરમગામ અને ભાવનગરથી અમદાવાદ તરફ જ્યારે SBI દિલ્હીથી અમદાવાદ અને આગળ મુંબઈ સુધીના ટ્રાફિકનું સંચાલન કરે છે.

● સાબરમતી રેલવે સ્ટેશનનું મુખ્ય અપગ્રેડેશન સ્ટેશન કોમ્પલેક્ષ વિસ્તારને અન્ય ઈન્ફ્રાસ્ટ્રક્ચર અને સુવિધાઓ સાથે સંઘટિત કરવાનું અને યાત્રીઓને એકિકૃત અનુભવ પ્રદાન કરાવવાનું છે.

● હાલમાં, સાબરમતી રેલ્વે સ્ટેશન SBI પાસે ૩૩ હોલ્ટિંગ ટ્રેનો અને ૭ ઓપરેશનલ પ્લેટફોર્મ છે જ્યારે, SBT પાસે ૧૧ હોલ્ટિંગ ટ્રેન અને ૩ ઓપરેશનલ પ્લેટફોર્મ છે અને દિવસના પીક અવર્સ દરમિયાન SBI અને SBT બંનેમાં સંયુક્તપણે યાત્રીઓનો પ્રવાહ ૨૩૦૯ છે.

● વર્ષ ૨૦૫૮ માટે સ્ટેશન ડિઝાઈન, SBI B : ૩૪,૨૨૮, SBI T : ૧૫,૩૫૭ યાત્રીઓ

● સૂચિત વિસ્તાર SBI બાજુ ૧૯૫૮૨ sqm અને SBT બાજુ ૩૭૫૩ sqm

● ૫૩ નંગ ક્વાર્ટરના આવાસ એકમોને ૩૯૯૮ ચો.મી.ના વિસ્તાર ધરાવતા આવાસીય વિસ્તારમાં સ્થળાંતર કરવાનું પણ આયોજન છે.

● SBI સ્ટેશન પર ૨૦ મીટર ઊંચી છત છે જેનો ADI FOB થી દિલ્હી તરફના FOB સુધી સ્ટેશનને આવરી લેતો વિસ્તાર ૨૯૮૦૨ ચો.મી. છે.

● NHSRCL દ્વારા SBI ના ભાવિ પ્લેટફોર્મ ૯ અને જીન્ના પ્લેટફોર્મ ૩ વચ્ચે મુંબઈ-અમદાવાદ હાઈ સ્પીડ રેલવેના સ્ટેશનનું પણ આયોજન કરવામાં આવ્યું છે.

● ઉપરાંતમાં, તેના ઉત્તમ સ્થાન અને મુખ્ય વિસ્તારો સાથે સારી કનેક્ટિવિટીને કારણે મોટી સંખ્યામાં રેલવે મુસાફરોને સમાવી શકતું હોવાથી તેને એક કાર્યાત્મક રેલ્વે સ્ટેશન વિકસાવવાનું છે.

● SBI બાજુ ૬ VIP, ૨૩ કાર, ૪૬ ટુ-વ્હીલર, SBT બાજુ ૪ VIP, ૪ કાર, ૧૪ ટુ-વ્હીલર જેવા વિવિધ કેટેગરીના વાહનો માટે સમર્પિત પાર્કિંગ લોટ અને રાહદારીઓની સુવ્યવસ્થિત અવરજવર માટે વિશિષ્ટ લેન.

## જમીનમાં ખોદકામ દરમિયાન અચાનક આવ્યો મોટો અવાજ



। (એજન્સી) નવી દિલ્હી, તા.૯ ।

વૈજ્ઞાનિકોએ ૩૯૦ લાખ વર્ષ જૂના જંગલની શોધ કરી છે, જે વિશ્વનું સૌથી જૂનું હોવાનું કહેવાય છે. ડેવોનિયન સમયગાળાના આ જંગલના અવશેષોને એક વિશાળ ખજાનો ગણવામાં આવે છે. આ શોધે ન્યૂયોર્ક નજીક મળેલા જૂના જંગલનો રેકોર્ડ તોડી નાખ્યો છે. આ બ્રિટનમાં અત્યાર સુધીના સૌથી જૂના છોડના અવશેષો હોવાનું પણ કહેવાય છે. વૈજ્ઞાનિકોનું કહેવું છે કે, આ જંગલના અવશેષોમાં તાડ જેવા વૃક્ષો સાથે તે સમયગાળાના પ્રાણીઓ વિશે માહિતી મળવાની આશા છે. વૈજ્ઞાનિકોએ ૩૯૦ લાખ વર્ષ જૂના જંગલની શોધ કરી છે, જે વિશ્વનું સૌથી જૂનું હોવાનું કહેવાય છે. ડેવોનિયન સમયગાળાના આ જંગલના અવશેષોને એક વિશાળ ખજાનો ગણવામાં આવે છે. આ શોધે ન્યૂયોર્ક નજીક મળેલા જૂના જંગલનો રેકોર્ડ તોડી નાખ્યો છે. આ બ્રિટનમાં અત્યાર સુધીના સૌથી જૂના છોડના અવશેષો હોવાનું પણ કહેવાય છે. વૈજ્ઞાનિકોનું કહેવું છે કે, આ જંગલના અવશેષોમાં તાડ જેવા વૃક્ષો સાથે તે સમયગાળાના પ્રાણીઓ વિશે માહિતી મળવાની આશા છે. આ આશ્ચર્યજનક શોધ પર, અભ્યાસના મુખ્ય લેખક અને કેમ્બ્રિજ યુનિવર્સિટીના પ્રોફેસર નીલ ડેવિસ કહે છે કે, લોકો માને છે કે બ્રિટનના ખડકોમાં ઘણું જોઈ લીધું છે, પરંતુ આ નવી શોધ દર્શાવે છે કે હજુ ઘણું શોધવાનું બાકી છે. આ અભ્યાસમાં, સંશોધકોએ હેંગમેન સેન્ડસ્ટોન રચનાના ખડકોનો અભ્યાસ કર્યો, જે ૧.૪ કિલોમીટર લાંબા ડેવોનિયન સમયગાળાના ખડકો છે જે ૪૧.૯ થી ૩૮.૫ મિલિયન વર્ષ જૂના છે. આ એ જ સમયગાળો છે જ્યારે પૃથ્વી પર જીવનનો વિસ્તરણ શરૂ થયો હતો. અત્યાર સુધી એવું માનવામાં આવતું હતું કે, બ્રિસ્ટોલ કેનાલના દક્ષિણ કિનારા સુધી કોઈપણ પ્રકારના છોડના અવશેષો નથી.

### ચીન હવે ટેક્નોલોજીમાં પણ અમેરિકાનો હિસ્સો ઓછો કરવા ઈચ્છે છે

# અમેરિકન ટેક્નોલોજીને ચીનમાંથી ડિલિટ કરવા ઈચ્છે છે શિ જિનપિંગ

### ડોક્યુમેન્ટ-૭૯ ઓર્ડર કેટલાક સર્કલમાં ડિલિટ છ તરીકે ઓળખાય છે જે ડિલિટ અમેરિકાનું ટૂંકુ સ્વરૂપ છે



। (એજન્સી) નવી દિલ્હી, તા.૯ ।

ચીન અને અમેરિકા વચ્ચેના સંબંધો તણાવ ભરેલા રહ્યા છે. અમેરિકા વિશ્વની મહાસત્તા કહેવાય છે પરંતુ ચીન તેને પાછળ રાખીને પોતે મહાસત્તા બનવા પ્રયાસો કરી રહ્યું છે. ચીન હવે ટેક્નોલોજીમાં પણ અમેરિકાનો હિસ્સો ઓછો કરવા ઈચ્છે છે. હાલમાં અમેરિકન મીડિયામાં પ્રકાશિત થયેલા અહેવાલ પ્રમાણે અમેરિકાના સોફ્ટવેરના ઉપયોગને મર્યાદિત કરવાના અત્યંત ગુપ્ત આદેશ સાથે ચીન મુખ્ય કાર્યોમાં અમેરિકન ટેક્નોલોજીને નાબૂદ કરવાના પ્રયાસો વધારી રહ્યું છે. સપ્ટેમ્બર ૨૦૨૨માં જારી કરવામાં આવેલા ડોક્યુમેન્ટ-૭૯ તરીકે ઓળખાતા ઓર્ડરમાં ફાઈનાન્સ, એનર્જી અને અન્ય ક્ષેત્રોમાં રાજ્યની માલિકીની કંપનીઓને ૨૦૨૭ સુધીમાં તેમની આઈટી સિસ્ટમમાંથી વિદેશી સોફ્ટવેર બદલવાનું કહ્યું છે. વોલ સ્ટ્રીટ જર્નલના અહેવાલ પ્રમાણે ડોક્યુમેન્ટ-૭૯ ઓર્ડર કેટલાક સર્કલમાં 'ડિલિટ છ'તરીકે ઓળખાય છે જે 'ડિલિટ અમેરિકા'નું ટૂંકુ સ્વરૂપ છે. સૂત્રોએ જણાવ્યું હતું કે, આ આદેશ એટલો ગુપ્ત છે કે ઉચ્ચ કક્ષાના અધિકારીઓ અને એક્ઝિક્યુટિવ્સને માત્ર રૂબરૂમાં દસ્તાવેજ બતાવવામાં આવ્યા હતા અને તેમની નકલો બનાવવાની મંજૂરી ન હતી. આ પગલું ચીનના નેતા શી જિનપિંગના આર્થિક અને રાષ્ટ્રીય સુરક્ષા બંને કારણોસર વિદેશી સપ્લાયરો પર નિર્ભરતા ઘટાડવાના વ્યાપક દબાણના ભાગરૂપે લેવામાં આવ્યું છે. આ શી જિનપિંગની જેવા સાથે તેવાની નીતિ અંતર્ગત છે કેમ કે અમેરિકાએ ચીનની ટેક કંપનીઓ પર પ્રતિબંધો લાદ્યા છે અને અદ્યતન સેમિકન્ડક્ટર્સની નિકાસને પણ તીવ્રપણે મર્યાદિત કરી દીધી છે. ચીન પહેલાથી જ ડેલ, આઈબીએમ અને સિસ્કો જેવા સર્વર અને નેટવર્ક ટેક્નોલોજી સહિત યુએસ હાર્ડવેરને મર્યાદિત કરવા આગળ વધી ચૂક્યું છે. તાજેતરનો ઓર્ડર યુએસ સોફ્ટવેરને ચાવીરૂપ કાર્યોમાંથી દૂર કરવા માટેનું દબાણ છે અને માઈક્રોસોફ્ટ અને ઓરેકલ પર તેની મોટી અસર પડી શકે છે. આ બંને ટેક જાયન્ટ કંપનીઓએ ચીનમાં ઝડપી આર્થિક વિસ્તરણ દરમિયાન ત્યાં વેપાર કરીને તગડો નફો મેળવ્યો છે. ચીન સાથે અગાઉની ટેક્નોલોજી ચર્ચામાં સામેલ ભૂતપૂર્વ યુએસ ટ્રેડ રિપ્રેઝન્ટેટિવ અધિકારીએ જણાવ્યું હતું કે, ચીન દૂધ અને મધની ભૂમિ હતી અને ઈન્ટેલેક્ચ્યુઅલ પ્રોપર્ટી મુખ્ય પડકાર હતો. હવે એવી લાગણી છે કે તકની ભાવના બંધ થઈ ગઈ છે. નવો નિર્દેશ ચીનના રાજ્ય-માલિકીની એસેટ સુપરવિઝન અને એડમિનિસ્ટ્રેશન કમિશન દ્વારા જારી કરવામાં આવ્યો હતો. જે સરકાર સંચાલિત કંપનીઓ અને સાહસોની દેખરેખ રાખે છે. ચીનમાં સરકારી માલિકીના એન્ટરપ્રાઈઝ સેક્ટરનું કદ નોંધપાત્ર છે, જેમાં ચીનની ૧૦૦ સૌથી મોટી લિસ્ટેડ કંપનીઓમાંથી ૬૦થી વધુ કંપનીઓનો સમાવેશ થાય છે. ઘરેલું ટેકનિકનો ઉપયોગ કરવા માટે ચીનના દબાણને ત્યાં 'ઝિંચુઆંગ' તરીકે ઓળખવામાં આવે છે, જેનું ભાષાંતર 'ઈનોવેશન' તરીકે થાય છે. આ નીતિ બેઈજિંગ માટે રાષ્ટ્રીય સુરક્ષામાંની એક છે, પરંતુ વોશિંગ્ટન ચીનને હાઈ-ટેક નિકાસમાં ઘટાડો કરે છે તે રીતે તેની જરૂરિયાત પણ વધી રહી છે. ગયા મહિને, ચાઈનીઝ રેગ્યુલેટર્સએ જણાવ્યું હતું કે કેન્દ્ર સરકારની માલિકીના સાહસોએ ચીનમાં આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ ડેવલપમેન્ટને પ્રોત્સાહન આપવા માટે મોટી ભૂમિકા ભજવવી જોઈએ. રાજ્ય કાઉન્સિલના સરકારની માલિકીની એસેટ સુપરવિઝન અને એડમિનિસ્ટ્રેશન કમિશનના પક્ષના વડા ઝાંગ યુઝુઓએ એક પરિષદમાં જણાવ્યું હતું કે, કેન્દ્ર સરકારની માલિકીના સાહસોએ પણ આર્ટિફિશિયલ ઈન્ટેલિજેન્સ દ્વારા લાવવામાં આવેલા સુધારાને સક્રિયપણે સ્વીકારવું જોઈએ. બુધવારે જારી કરાયેલા એક નિવેદનમાં જણાવવામાં આવ્યું છે કે, તેમણે નેક્સ જનરેશન AI ટેક્નોલોજી વિકસાવવી જોઈએ.

## દિવ્યાંગ ઉત્કર્ષ ફાઉન્ડેશન દ્વારા વિશ્વ મહિલા દિવસ નિમિત્તે પ્રતિભાશાળી સન્માન



। (એજન્સી) રાજપીપલા, તા.૯ ।

વિશ્વ મહિલા દિવસની ઉજવણી પ્રસંગે દિવ્યાંગ ઉત્કર્ષ ફાઉન્ડેશન સંસ્થા દ્વારા વિવિધ ક્ષેત્રમાં નોંધપાત્ર સિદ્ધિ મેળવનાર વિશિષ્ટ મહિલાઓનું સન્માન કરાયું હતું. રમતક્ષેત્રે પોતાની પ્રતિભાનો પરિચય આપનારી ગોલ્ડ મેડાલિસ્ટ કુ. માનસીબેન વસાવા તેમજ કોચ હિરલબેન વસાવા અને કોચ નિમિષાબેન મકવાણાનું સન્માન કરાયું હતું. આ પ્રસંગે ગ્રાફિક ડિઝાઈનર સુશ્રી ઋજુતા જગતાપનું પણ સન્માન કરાયું હતું. જેઓ દેશભરની નામાંકિત બ્રાન્ડસ, મ્યુઝિક ઈવેન્ટ્સ, બૉલીવુડ એવોર્ડ્સ ઈવેન્ટ્સમાં પોતાની ડિઝાઈનથી લોકપ્રિય બની અને ગુજરાતનું નામ રોશન કર્યું છે. નર્મદ જિલ્લાની ઋજુતા ગુજરાતની એકમાત્ર સફળ યુવા ગ્રાફિક ડિઝાઈનર છે. ઉપરાંત, પૂર્વ પ્રિન્સિપાલ , મહિલા તંત્રી, જન કલ્યાણ સેવા ટ્રસ્ટના પ્રમુખ અને મહિલા સુરક્ષા સમિતિના સદસ્યા તેમજ સામાજિક ક્ષેત્રે નોંધપાત્ર કામગીરી કરનાર શ્રીમતી જ્યોતિબેન જગતાપ અને બાર એસોસિઅન ના પ્રમુખ એડવોકેટ સુશ્રી વંદનાબેન ભટ્ટનું દિવ્યાંગ ઉત્કર્ષ ફાઉન્ડેશન દ્વારા સન્માન કર્યું હતું. દિવ્યાંગ ઉત્કર્ષ ફાઉન્ડેશનના પ્રમુખશ્રીએ વિશ્વ મહિલા દિવસ નિમિત્તે મહિલા સશક્તિકરણની દિશામાં સંસ્થા દ્વારા કરવામાં આવેલી કામગીરીનો ચિતાર રજૂ કરીને પ્રતિભાશાળી દીકરીઓ, મહિલાઓને સન્માનિત કર્યા હતા. વધુમાં આ મહિલાઓ અન્ય મટે પણ પ્રેરણારૂપ બની રહે તે માટે શુભકામનાઓ પાઠવી હતી. આ પ્રસંગે સંસ્થાના ટ્રસ્ટી શ્રી સ્વપ્રિલ પટેલ, ઉપપ્રમુખ શ્રી તપનભાઈ પટેલ, મંત્રી નિલેશભાઈ પટેલ, અર્જુનભાઈ માલીએ મહત્વપૂર્ણ ઉપસ્થિતિ નો ધાવી હતી.

## નીતિ આધારિત રાજ્યનું ઉત્તમ ઉદાહરણ સ્થાપિત કર્યું છેઃ અમિત શાહ

। (એજન્સી) તા.૯ ।

કેન્દ્રીય ગૃહ અને સહકાર મંત્રી અમિત શાહે બુધવારે મુંબઈમાં ઈન્ડિયા ગ્લોબલ ફોરમની વાર્ષિક ઈન્વેસ્ટમેન્ટ સમિટ - NXT10 - ને સંબોધિત કરી હતી. આ પ્રસંગે શાહે સ્પષ્ટ કર્યું હતું કે, 'મોદીજીએ ૧૦ વર્ષમાં ૪૦થી વધુ નીતિઓ બનાવીને દેશની અર્થવ્યવસ્થાને આકાર આપીને નીતિ આધારિત રાજ્યનું ઉત્તમ ઉદાહરણ સ્થાપિત કર્યું છે.' દુનિયા જાણે છે કે દીર્ઘદ્રષ્ટા મોદીજીના નેતૃત્વમાં અને અંત્યોદય રાજનીતિ કરનાર અમિત શાહના માર્ગદર્શન હેઠળ કેન્દ્ર સરકાર 'નિષ્ક્રિય'માંથી 'ડાયનેમિક' બની છે, ભારતનો વિકાસ 'પ્રગતિશીલ'માંથી 'પ્રગતિશીલ'માં બદલાઈ ગયો છે અને અર્થતંત્ર 'નાજુક'માંથી બદલાઈ ગયું છે. 'ટોપ'માં બદલાઈ ગયું છે. આજે ભારત નાજુક પાંચમાંથી ટોચની પાંચ અર્થવ્યવસ્થામાં આવી ગયું છે. નવું ભારત વૈશ્વિક નકશા પર ડાર્ક સ્પોટમાંથી એક તેજસ્વી સ્પોટમાં ઉભરી આવ્યું છે.

### જુલાઈ મહિનામાં અનંત અને રાધિકા લગ્નના તાંતણે બંધાશે

## રાધિકા મર્ચન્ટે પ્રી-વેડિંગ ફંક્શન પહેલા નીતા અંબાણી પાસે માગી હતી ખાસ ગિફ્ટ

। (એજન્સી) નવી દિલ્હી, તા.૯ ।

દેશના સૌથી ધનિક ઉદ્યોગપતિ મુકેશ અંબાણીના નાના દીકરા અનંત અંબાણી અને ડાયમંડ બિઝનેસમેન વિરેન મર્ચન્ટની દીકરી રાધિકાના લગ્ન જુલાઈ મહિનામાં થવાના છે. લગ્નના લગભગ ચાર મહિના પહેલા જામનગરમાં ૧થી૩ માર્ચ દરમિયાન પ્રી-વેડિંગ ફંક્શન યોજાયા હતા. જેમાં રિહાના, માર્ક ઝુકરબર્ગ, બિલ ગેટ્સ, કાર્લી ક્લોસ જેવી કેટલીય વિદેશી હસ્તીઓ તેમજ સચિનથી માંડીને ધોની અને શાહરૂખ ખાનથી માંડીને સારા અલી ખાન સહિતના બોલિવુડ સેલેબ્સની હાજરી જોવા મળી હતી. પ્રી-વેડિંગ ફંક્શન માટે અલગ અલગ થીમ મુજબ કરવામાં આવેલી સજાવટ પણ ઉડીને આંખે વળગે એવી હતી.



આ ફંક્શન પહેલા નીતા અંબાણીએ રાધિકાને પૂછ્યું હતું કે તેને શું ગિફ્ટ જોઈએ છે? નીતા અંબાણીએ તે ડિમાન્ડ પૂરી કરતાં રાધિકા પણ અચંબિત થઈ હતી. હાલમાં જ એક પ્રતિષ્ઠિત મેગેઝીનને આપેલા ઈન્ટરવ્યૂમાં રાધિકા મર્ચન્ટે ગ્રાન્ડ પ્રી-વેડિંગ ફંક્શન અંગે કેટલાક ખુલાસા કર્યા છે. રાધિકા મર્ચન્ટે જણાવ્યું કે, તેના થનારા સાસુ નીતા અંબાણીએ પ્રી-વેડિંગ ફંક્શન માટેની તેની ખાસ ઈચ્છા પૂછી હતી. ત્યારે રાધિકાએ જણાવ્યું હતું કે, સેલિબ્રિટી ફ્લોરિસ્ટ જેફ લીથમનું ફ્લાવર ડેકોરેશન તેને જોઈએ છે. રાધિકાની પસંદને ધ્યાનમાં રાખીને નીતા અંબાણીએ મનીષ મલ્હોત્રા સાથે મળીને તૈયારી કરી હતી. ન્યૂયોર્કના બ્રૂકલીન બોટનિક ગાર્ડન સ્થિત પામ હાઉસ જેવો જ ગ્લાસ પેલેસ જામનગરમાં ઊભો કરવામાં આવ્યો હતો. તેમાં જેફ લીથમ દ્વારા ફ્લાવર ડેકોરેશન કરવામાં આવ્યું હતું. નીતા અંબાણી અને ડિઝાઈનર મનીષ મલ્હોત્રાએ સાથે મળીને રાધિકા માટે આ સરપ્રાઈઝ તૈયાર કરી હતી. રાધિકા મર્ચન્ટ ન્યૂયોર્કમાં અભ્યાસ કરતી હતી ત્યારે બ્રૂકલીન બોટનિક ગાર્ડનનું પામ હાઉસ તેની મનપસંદ જગ્યા હતી.

## ડેટાબેઝ સહકારી ક્ષેત્રના વિસ્તરણ, વિકાસ અને વિતરણને સુનિશ્ચિત કરશે

। (એજન્સી) તા.૯ ।

કેન્દ્રીય ગૃહ અને સહકાર મંત્રી અમિત શાહે શુક્રવારે રાષ્ટ્રીય ડેટાબેઝ લોન્ચ કર્યો. સહકારી ચળવળ સાથે સંકળાયેલા શાહનું માનવું છે કે, ડેટાબેઝ સહકારી ક્ષેત્રના વિસ્તરણ, વિકાસ અને વિતરણની ખાતરી કરશે આઝાદીના દાયકાઓ સુધી અલગ સહકાર મંત્રાલયની રચનાની માંગ કરવામાં આવી હતી, પરંતુ કોઈ સરકારે તેના પર ધ્યાન આપ્યું ન હતું. પરિણામે, સહકારી ક્ષેત્રની પરિસ્થિતિ ખરાબથી ખરાબ થઈ ગઈ. વર્ષ ૨૦૨૧ માં, સ્વપ્રદ્રષ્ટા વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ એક અલગ સહકાર મંત્રાલય બનાવવાનું કાર્ય પૂર્ણ કર્યું અને તેની કમાન કેન્દ્રીય ગૃહ પ્રધાન અને ભાજપના દિગ્ગજ



નેતા અમિત શાહને સોંપી. શાહ, જેઓ તેમના શરૂઆતના દિવસોથી સહકારી ક્ષેત્ર સાથે સંકળાયેલા છે, તેમણે થોડા વર્ષોમાં સહકારી મંડળીઓને સશક્તિકરણ કરવામાં કોઈ કસર છોડી ન હતી.

આજે વડાપ્રધાન નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં અને કેન્દ્રીય ગૃહ અને સહકાર મંત્રી અમિત શાહના સક્ષમ માર્ગદર્શન હેઠળ જર્જરિત સહકારી મંડળીઓ જીવંત બની છે. સમગ્ર દેશમાં PACS કેન્દ્રીયકૃત અને કોમ્પ્યુટરાઈઝ્ડ થઈ ગયા છે. હવે પેક દેશભરમાં બહુહેતુક બનાવવામાં આવી રહ્યા છે. અંત્યોદયની રાજનીતિ કરનારા અમિત શાહનું વારંવાર કહેલું કે ૨૦૨૭ સુધીમાં દેશની દરેક પંચાયતમાં PACS હશે તે પણ સાચું સાબિત થવા જઈ રહ્યું છે. આ જ કારણ છે કે એક રાષ્ટ્રીય ડેટાબેઝ બનાવવામાં આવ્યો છે જે દેશમાં જ્યાં સહકારી મંડળીઓ ઓછી છે તેને ઓળખીને સહકારી સંસ્થાઓના વિસ્તરણમાં મદદરૂપ સાબિત થશે.

રાષ્ટ્રીય ડેટાબેઝમાંથી સહકાર વિશેની દરેક માહિતી હવે એક ક્લિક પર ઉપલબ્ધ થશે. રાષ્ટ્રીય ડેટાબેઝ, જે નીતિ નિર્માતાઓ, સંશોધકો અને હિતધારકો માટે અમૂલ્ય સંસાધન તરીકે કાર્ય કરશે, સહકારી ક્ષેત્રના વિકાસને માર્ગદર્શન આપવા માટે હોકાયંત્ર તરીકે કાર્ય કરશે.

## અંતરને ઓળખીને રાષ્ટ્રીય ડેટાબેઝ સહકારી સંસ્થાઓના વિસ્તરણમાં મદદરૂપ

। (એજન્સી) તા.૯ ।

કેન્દ્રીય ગૃહ અને સહકાર મંત્રી અમિત શાહે શુક્રવારે રાષ્ટ્રીય ડેટાબેઝ લોન્ચ કર્યો. સહકારી ચળવળ સાથે સંકળાયેલા શાહનું માનવું છે કે, દેશમાં જ્યાં સહકારી મંડળીઓ ઓછી છે તેને ઓળખવાથી રાષ્ટ્રીય ડેટાબેઝ સહકારી સંસ્થાઓના વિસ્તરણમાં મદદરૂપ સાબિત થશે. આજે વડાપ્રધાન નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં અને કેન્દ્રીય ગૃહ અને સહકાર મંત્રી અમિત શાહના સક્ષમ માર્ગદર્શન હેઠળ જર્જરિત સહકારી મંડળીઓ જીવંત બની છે. સમગ્ર દેશમાં PACS કેન્દ્રીયકૃત અને કોમ્પ્યુટરાઈઝ્ડ થઈ ગયા છે. હવે પેક દેશભરમાં બહુહેતુક બનાવવામાં આવી રહ્યા છે. અંત્યોદયની રાજનીતિ કરનારા અમિત શાહનું વારંવાર કહેલું કે ૨૦૨૭ સુધીમાં દેશની દરેક પંચાયતમાં PACS હશે, તે પણ સાચું સાબિત થવા જઈ રહ્યું છે.

### યુવાનો માટે સ્વર્ગ છે આ દેશ

## લાઓસ પહોંચતા દરેક ભારતીયો બની જાય છે કરોડપતિ

### લાઓસ એક નાનો દેશ છે, પર્નાતું ખૂબ જ સુંદર દેશ છે, આ દેશમાં મળતી કોફી અને આલ્કોહોલ ખૂબ પ્રખ્યાત છે

। (એજન્સી) નવી દિલ્હી, તા.૯ ।

આજના સમયમાં મોટાભાગના ભારતીયો વિદેશમાં ભણવા, નોકરી કરવા કે સ્થાયી થવાની ઈચ્છા ધરાવતા હોય છે. જોકે, ઘણા લોકોનું બજેટ ટાઈટ હોવાના કારણે તેઓ પોતાના સપના પૂરા નથી કરી શકતા. ત્યારે શું તમે જાણો છો કે દુનિયામાં એક દેશ એવો પણ છે, જ્યા પહોંચીને ભારતીયો કરોડપતિ બની જાય છે. આ દેશ એશિયામાં જ સ્થિત છે. ત્યારે અહીં જાણીશું કે આ દેશ કયો છે. આ દેશ છે દક્ષિણ-પૂર્વી એશિયાનો લાઓસ. લાઓસનું અસલી નામ 'લાઓ પીપલ ડેમોક્રેટિક રિપબ્લિક' છે. લાઓસ એક નાનો દેશ છે. પર્નાતું ખૂબ જ સુંદર દેશ છે. આ દેશમાં મળતી કોફી અને આલ્કોહોલ ખૂબ જ પ્રખ્યાત છે. જણાવી દઈએ કે ભારત અને લાઓસનો સંબંધ ખૂબ જ જૂનો છે. અહીંના લોકો પોતાને મૂળ ભારતીય માને છે. જ્યારે અશોકે કલિંગનું યુદ્ધ લડ્યું, ત્યારે દક્ષિણ ભારતના ઘણા લોકો અસમ-મણિપુર થઈને હિન્દ-ચીન જતા રહ્યા હતા. લાઓસની સંસ્કૃતિ ઘણી જૂની છે. આ દેશની રાજધાની વિયેન્ટીયન છે. જણાવી દઈએ કે, લાઓસ પર વર્ષ ૧૯૫૩ સુધી ફ્રાન્સનું શાસન હતું. આ નાનકડા દેશમાં નોટાભાગના લોકો ખેતી દ્વારા તેમનું જીવનનિર્વાહ કરે છે. આ દેશે વિશ્વમાં સૌથી વધુ બોમ્બ વિસ્ફોટ સહન કર્યા છે. વિશ્વમાં આ દેશમાં સૌથી વધુ બોમ્બ



ફેંકાયા હતા. વિયેતનામના યુદ્ધ દરમિયાન વર્ષ ૧૯૬૪થી ૧૯૭૩ દરમિયાન અહીં ભારે બોમ્બમારો થયો હતો. આ ૯ વર્ષ દરમિયાન આ દેશમાં દર ૮ મિનિટે એક બોમ્બ ફેંકવામાં આવ્યો હતો. ઉલ્લેખનીય છે કે, લાઓસ ગોલ્ડન ટ્રાઈએંગલનો પણ ભાગ છે, એટલે કે લાઓસનો સમાવેશ વિશ્વમાં સૌથી વધુ અફીણની ખેતી કરતા દેશોમાં થાય છે. ગોલ્ડન ટ્રાઈએંગલમાં મ્યાનમાર અને થાઈલેન્ડ પણ સામેલ છે. અહીં માત્ર અફીણની ખેતી જ નથી થતી, પરંતુ અહીંના યુવાનો પણ નશામાં સપડાયેલા છે. જોકે, યુનાઈટેડ નેશન્સની પહેલ બાદ હવે અહીંની સ્થિતિ સુધરી છે. લાઓસને હજાર હાથીઓની ધરતી પણ કહેવામાં આવે છે. દક્ષિણ એશિયાના બધા જ દેશો દરિયા કિનારે અડીને આવેલા છે, પરંતુ આ એકમાત્ર દેશ છે જેની કોઈ કોસ્ટલાઈન નથી. લાઓસમાં આવીને દરેક ભારતીય કરોડપતિ બની જાય છે. જો તમે લાઓસ જવા માંગતા હોવ, તો સૌપ્રથમ તેમને વિઝા ઓન અરાઈવલ મળે છે. આ ઉપરાંત આ દેશના વિઝા મેળવવામાં લગભગ ૨૩ દિવસ લાગે છે. લાઓસની કરન્સી લાઓ કીપ છે, જે ખૂબ જ સસ્તી કરન્સી છે. ૧ ભારતીય રૂપિયાની કિંમત ૨૫૧.૯૧ લાઓ કિપ છે, એટલે કે જો તમારી પાસે ૫૦,૦૦૦ રૂપિયા છે, તો તમે લાઓસમાં કરોડપતિ બની જશો. જો વિશ્વના સૌથી નાના લોકોની યાદી બનાવવામાં આવે તો લાઓસ તેમાં બીજા નંબરે આવે છે. અહીંના લોકોની સરેરાશ ઊંચાઈ ૫ ફૂટ છે, એટલે કે જો તમે લાઓસ જશો, તો તમારી ગણતરી ત્યાંના ઊંચા લોકોમાં થશે. આ ઉપરાંત વિશ્વની સૌથી વધુ યુવા વસ્તી પણ લાઓસમાં જ છે.

### ડિસેમ્બર સુધીમાં થઈ જશે તૈયાર

## અયોધ્યામાં રામ મંદિર ઉપર હશે સોનાથી મઢેલું મુખ્ય શિખર

। (એજન્સી) નવી દિલ્હી, તા.૯ ।

અયોધ્યામાં રામ મંદિરમાં પ્રાણ પ્રતિષ્ઠા કરી દેવામાં આવી છે. જોકે, હજી મંદિર નિર્માણનું કાર્ય સંપૂર્ણ પણે પૂરું થયું નથી. ડિસેમ્બર સુધીમાં અયોધ્યામાં રામ મંદિરના મુખ્ય શિખર અને બીજા શિખરનું નિર્માણ કરવાનો લક્ષ્યાંક નક્કી કરવામાં આવ્યો છે. મંદિરનું મુખ્ય શિખર ૧૬૧ ફૂટ ઊંચું બનાવવામાં આવી રહ્યું છે. આ શિખર પર સોનાનું લેયર ચડાવવામાં આવશે. રામ મંદિરમાં કુલ પાંચ શિખરો હશે. રામ મંદિરના ટ્રસ્ટી અનિલ મિશ્રાએ જણાવ્યું હતું કે, આમાંથી ત્રણ શિખરો પ્રાણ પ્રતિષ્ઠા સમારોહ પહેલા તૈયાર કરવામાં આવ્યા હતા. અનિલ મિશ્રાએ જણાવ્યું હતું કે, 'પરકોટા' પણ ચોમાસા પહેલા તૈયાર થઈ જશે. તેના નિર્માણથી ભક્તોને વરસાદ અને તડકાથી રાહત મળશે. તેમણે કહ્યું હતું કે, તાજેતરમાં મંદિર નિર્માણ સમિતિની બેઠક યોજાઈ હતી અને આ વર્ષના અંત સુધીમાં રામજન્મભૂમિ સંકુલમાં તમામ બાંધકામ પૂર્ણ કરવાનો નિર્ણય લેવામાં



આવ્યો છે. પરકોટાની સાથે છ દેવી અને દેવતાઓના મંદિરો બનાવવામાં આવશે અને રામજન્મભૂમિના પરિસરમાં સાત ઋષિઓના મંદિરો પણ બનાવવામાં આવશે. તેમણે ઉમેર્યું હતું કે, મંદિરનું નિર્માણ કરનારી કંપની L&T કામદારોની ફોજ ઉતારશે. હાલમાં રાજસ્થાન, ગુજરાત, બિહાર અને ઉત્તર પ્રદેશના ૧,૫૦૦ કામદારો બાંધકામના કામમાં રોકાયેલા છે. ટૂંક સમયમાં ૩,૫૦૦થી વધુ કામદારો પણ આ કાર્યમાં જોડાશે. વાલ્મીકિ, વશિષ્ઠ, વિશ્વામિત્ર અને અગસ્ત્ય સહિત નિષાદરાજ અને અહિલ્યા સહિત હિન્દુ સંતોના મંદિરો પણ બાંધવામાં આવશે.

## તંત્રી લેખ...

# ઈરિટ્રિયામાં પુરુષોએ કરવા પડે છે ૨ લગ્ન, ના પાડવી ગુનો

તમને જાણીને નવાઈ લાગશે કે આપણે એકવીસમી સદીમાં ક્યાં જીવી રહ્યા છીએ, જ્યાં દરરોજ નવો-નવો વિકાસ થઈ રહ્યો છે. તેનાથી મનુષ્યનું જીવન વધુ સરળ બનશે. આવી સ્થિતિમાં કેટલાક દેશો તેમના નાગરિકો પર આવા વિચિત્ર કાયદા કેવી રીતે લાદી રહ્યા છે? કોઈ પણ વ્યક્તિને બે વાર લગ્ન કરવા માટે દબાણ કેવી રીતે કરી શકે? આવી સ્થિતિમાં અમે તમને જણાવી દઈએ કે દુનિયાભરમાં ઘણી એવી જાતિઓ છે, જે સરકારથી સ્વતંત્ર રીતે તેમની પરંપરાઓનું પાલન કરે છે. કેટલીક જગ્યાઓ પર મહિલાઓને પોતાની પસંદનો જીવનસાથી પસંદ કરવાનો અને પછીથી બદલવાનો અધિકાર છે, જ્યારે કેટલીક જગ્યાએ તેમને કોઈના મૃત્યુ પછી આંગળી કાપી નાખવાનો અધિકાર છે. આવી બીજી ઘણી પરંપરાઓ છે, જેનું સદીઓથી પાલન કરવામાં આવે છે. વિવિધ દેશોમાં લગ્ન સંબંધિત ઘણી પરંપરાઓનું પાલન કરવામાં આવે છે. યાદ રાખો કે લગ્ન એ દરેક વ્યક્તિના જીવનમાં ખૂબ જ મહત્વપૂર્ણ ક્ષણ છે. આ એક એવી મીઠી યાદ છે, જે મૃત્યુ સુધી યાદ રહે છે, કારણ કે તે દિવસથી જીવનનો નવો અધ્યાય શરૂ થાય છે. આ કારણોસર લગ્ન સમારોહ ખૂબ જ ધામધૂમથી ઉજવવામાં આવે છે. પરંતુ લગ્ન સંબંધિત પરંપરાઓ રાજ્ય અને સામાજિક વર્ગના આધારે બદલાય છે. આ ઉપરાંત લગ્નના કાયદા પણ દેશ-દેશમાં અલગ-અલગ હોય છે. પ્રાચીન સમયમાં બહુપત્નીત્વની પ્રથા હતી, જે હવે અસ્તિત્વમાં નથી. લગ્ન સંબંધિત આવી જ એક વિચિત્ર પરંપરા આફ્રિકન દેશ ઈરિટ્રિયામાં અનુસરવામાં આવે છે. આ દેશમાં દરેક પુરુષ માટે બે લગ્ન કરવા ફરજિયાત છે. જો કોઈ આવું કરવાનો ઈનકાર કરે તો તેને જેલ પણ થઈ શકે છે. એટલું જ નહીં, જો કોઈ મહિલા તેના પતિને ફરીથી લગ્ન કરતા અટકાવે છે તો તેને જેલ પણ થઈ શકે છે. આ કેસમાં બંનેને આજીવન કેદ સુધીની સજા ભોગવવી પડી શકે છે. બંને પત્નીઓને પતિ પર સમાન અધિકાર હશે. પુરુષો માટે બે લગ્ન કરવા શા માટે જરૂરી છે? આ પ્રશ્ન દરેકના મનમાં થતો જ હશે. આવી સ્થિતિમાં અમે તમને જણાવીએ કે આ વિચિત્ર કાયદો ઈરિટ્રિયામાં બનાવવામાં આવ્યો હતો કારણ કે અહીં પુરુષોની સંખ્યા ઓછી છે.

## વેરાવળ-અમદાવાદ સુપરફાસ્ટ એક્સપ્રેસ ૧ એપ્રિલ ૨૦૨૪થી ગાંધીનગર કેપિટલ સ્ટેશન સુધી જશે

### વેરાવળ-અમદાવાદ એક્સપ્રેસ ૧૫ માર્ચ ૨૦૨૪ થી ગાંધીનગર કેપિટલ સ્ટેશન પર ટર્મિનેટ થશે



। (માહિતી) રાજકોટ ।

પશ્ચિમ રેલવેના અમદાવાદ સ્ટેશનનું કાયાકલ્પ થવા જઈ રહ્યું છે. કાયાકલ્પ બાદ આ સ્ટેશન વિશ્વ સ્તરના સ્ટેશન તરીકે પુનઃ વિકસિત કરવામાં આવશે. ત્યારે રાજકોટ મંડળથી પસાર થનારી બે જોડી ટ્રેનોના ટર્મિનલને અમદાવાદ સ્ટેશનની જગ્યાએ ગાંધીનગર કેપિટલ સ્ટેશનમાં શિફ્ટ કરવામાં આવ્યું છે.ત્યારે પ્રભાવિત થનારી ટ્રેનોના બદલાયેલા સમયનું વિવરણ કરવામાં આવ્યું છે. ૧. ટ્રેન નંબર ૨૨૯૫૭ અમદાવાદ-વેરાવળ સુપરફાસ્ટ એક્સપ્રેસનું ટર્મિનલ હવે ગાંધીનગર કેપિટલ થઈ જશે. આ ટ્રેન ૨ એપ્રિલ ૨૦૨૪ થી ગાંધીનગર સ્ટેશનથી ૨૧.૫૫ વાગ્યે પ્રસ્થાન કરશે.આ ટ્રેનને ચાંદલોડિયા સ્ટેશન પર વધારાનો સ્ટોપેજ આપવામાં આવ્યો છે. ત્યારે ચાંદલોડિયા સ્ટેશન પર આગમન-પ્રસ્થાન સમય ૨૨.૧૮/૨૨.૨૦ વાગ્યાનો રહેશે. એ જ રીતે ટ્રેન નંબર ૨૨૯૫૮ વેરાવળ-અમદાવાદ સુપરફાસ્ટ એક્સપ્રેસ ૧ એપ્રિલ ૨૦૨૪ થી ગાંધીનગર કેપિટલ સ્ટેશન સુધી જશે અને ગાંધીનગર કેપિટલ સ્ટેશન પર ૫.૫૫ વાગ્યે આવશે. આ ટ્રેનને ચાંદલોડિયા સ્ટેશન પર વધારોનો સ્ટોપેજ આપવામાં આવ્યો છે. જ્યારે ચાંદલોડિયા સ્ટેશન પર આગમન-પ્રસ્થાન સમય ૫.૧૧-૫.૧૨ વાગ્યાનો રહેશે. ૨. ટ્રેન નંબર ૧૯૧૧૯ અમદાવાદ-વેરાવળ એક્સપ્રેસનું ટર્મિનલ હવે ૧૬ માર્ચ ૨૦૨૪ થી ગાંધીનગર કેપિટલમાં થઈ જશે.આ ટ્રેન ગાંધીનગર કેપિટલ સ્ટેશનથી ૧૦.૩૫ વાગ્યે પ્રસ્થાન કરશે.આ ટ્રેનને ચાંદલોડિયા સ્ટેશન પર વધારોનો સ્ટોપેજ આપવામાં આવ્યો છે.ચાંદલોડિયા સ્ટેશન પર આગમન-પ્રસ્થાન ૧૧.૦૦-૧૧.૦૨ વાગ્યાનો રહેશે.આ ટ્રેન સાબરમતી સ્ટેશન પર ઉભી નહીં રહે. એ જ રીતે ટ્રેન નંબર ૧૯૧૨૦ વેરાવળ-અમદાવાદ એક્સપ્રેસ ૧૫ માર્ચ ૨૦૨૪ થી ગાંધીનગર કેપિટલ સ્ટેશન પર ટર્મિનેટ થશે.આ ટ્રેનને ચાંદલોડિયા સ્ટેશન પર વધારાનો સ્ટોપેજ આપવામાં આવ્યો છે.ચાંદલોડિયા સ્ટેશન પર આગમન-પ્રસ્થાન સમય ૧૫.૧૦-૧૫.૧૨ વાગ્યાનો રહેશે.આ ટ્રેન પર સાબરમતી સ્ટેશન ઉભી રહેશે નહીં.આ સાથે જ મુસાફરોને ટ્રેન નંબર ૦૯૫૨૧ રાજકોટ-વેરાવળ લોકલમાં ૧૪.૩.૨૪થી ટ્રેન નંબર ૦૯૫૨૨ વેરાવળ-રાજકોટ લોકલમાં ૧૫ માર્ચ ૨૦૨૪ થી એક એસી ચેયરકારની સુવિધા પણ મળશે.

### સુધરેલો સમાજ વાતો તો બહુ મોટી મોટી કરી જાણે છે, પણ હકીકતમાં શું તેની નજરમાં પોતાનાને પરાયાંનો ભેદ નથી હોતો??

# આપણે ૨૧મી સદીમાં પહોંચ્યા પણ શું માતા એક જ મહિલા છે??? એ પ્રશ્નાર્થ તો હજી ત્યાં જ છે



**સદગુરુ વચનામૃત**
સંકલન ફાલ્ગુની વસાવડા (ભાવનગર)

**જ્યાં સુધી આ બધું માત્ર એક દિવસ પુરતું થશે, ત્યાં સુધી મહિલા દિવસની ઉજવણીનો કોઈ મતલબ નથી, એટલે સામાજીક રીતે બધી જ મહિલાઓને એક નજરે જોવામાં નહીં આવે, ત્યાં સુધી મહિલા સાથે થતાં અત્યાચારોમાં કોઈ ફેર પડવાનો નથી**

૮ માર્ચ ગઈ,અને મહિલા દિવસ પણ ગયો. પરંતુ આપણે આજે સમાજ દર્શનમાં હજી મહિલા દિવસ અંતર્ગત રહી ગયેલ એક પાસા પર વાત કરીશું. દરેક મહિલાને તેમના અધિકારોની સાથે સાથે પુરતું માન સન્માન અને પવિત્ર પ્રેમ મળે એવી શુભેચ્છા. મહિલા દિવસે ઠેરઠેર મહિલાઓ પોતાના વિચારો રાખી શકે, એ રીતનાં કાર્યક્રમનું આયોજન કરાયું હશે, અને મહિલાના સન્માન થયાં હશે. કેવું રુપાળુ લાગે છે આ બધું! ક્યાંક ક્યાંક તો આ દ્રશ્યો કેમેરામાં કેદ પણ થશે! પરંતુ એક પ્રશ્ન થાય કે, શું સાચે જ આજનો સમાજ દરેક મહિલા ને માન સન્માન આપે છે ખરો? આપણાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીજી એ પણ ૨૬ જાન્યુઆરીનાં કાર્યક્રમમા સ્ત્રી સશક્તિકરણનાં મુદ્દે દેશને એક થવા હાંકલ નાખી, એ શું બતાવે છે! કે સ્ત્રી શિક્ષણ અને તેની સિદ્ધિ બધું જ બરોબર છે, પણ હજી દરેક સ્ત્રી માટેનો સમાજનો નજરિયો સમાન નથી! અને એ મુદ્દે હજી અવરનેસની ખૂબ જરુર છે. સુધરેલો સમાજ વાતો તો બહુ મોટી મોટી કરી જાણે છે,પણ હકીકતમાં શું તેની નજરમાં પોતાના ને પરાયાંનો ભેદ નથી હોતો?? બીજું ત્યાં પણ હવે ઘરેલુ હિંસાના કિસ્સાઓ સાંભળવા મળે છે. એકંદરે કહીએ તો જ્યાં સુધી આ બધું માત્ર એક દિવસ પુરતું થશે, ત્યાં સુધી મહિલા દિવસની ઉજવણીનો કોઈ મતલબ નથી. એટલે સામાજીક રીતે બધી જ મહિલાઓ ને એક નજરે જોવામાં નહીં આવે, ત્યાં સુધી મહિલા સાથે થતાં અત્યાચારોમાં કોઈ ફેર પડવાનો નથી. અહીં મેં સમાજ શબ્દનો ઉપયોગ કર્યો છે, પુરુષ કે અન્ય કોઈનાં નામ નથી, સમાજમાં બધા જ આવી જાય છે, એ રીતે જોઈએ તો અહીં સ્ત્રીની દુશ્મન સ્ત્રી પણ હોય શકે છે! અને એ સૌ કોઈ જાણે જ છે. હા અમુક રીતે સમાજમાં જાગૃતિ આવી છે ખરી, અને હવે દરેક વર્ગના લોકો સ્ત્રી શિક્ષણનું મહત્વ સમજીને પોતાની દિકરીને ભણાવે પણ છે, અને ક્યાંક કોઈ બેન દિકરી સાથે દુષ્કર્મ થાય, તો થોડે ઘણે અંશે અવાજ પણ ઉઠાવે છે, પરંતુ આ બધું ઘટના ઘટી ગયા પછીનું છે.આવી ઘટનાઓ હવે છાશવારે બને છે, અને સમાજ જાણે ટેવાઈ ગયો હોય, તેમ સરઘસ કાઢે નારા લગાવે, નીજી પરિવાર પોલીસ ચોકી સામે ઉપવાસ પર બેસે, ન્યાય માટે માગણી થાય,પણ સરકાર તરફથી આવી ઘટના ન ઘટે એ માટે નક્કર પગલાં ભરાતાં નથી, કે નથી આરોપી ને તાત્કાલિક સજા થતી. સમાજ તરફથી પણ ઠોસ સબૂત આપીને અપરાધીને પકડાવવા માટે સબૂત આપવામાં આવતાં નથી, તેથી આવાં કિસ્સા અટકતા નથી,અને આરોપીને પણ મને કંઈ જ થવાનું નથી; એમ વિચારી આવી ઘટના વધુ ને વધુ થાય છે. વારંવાર ઘટતી આવી ઘટના ચોક્કસ પણે ઘટાડવી હોય તો, જે તે વ્યક્તિ એ આવું દુષ્કર્મ કર્યું હોય, તેનો પરિવાર તેને છાવરવાની બદલે સજા થાય, એવાં મતનો બને, અને સામેથી પોલીસને સોંપી દે, તો કંઈક અંશે ઘટાડો થાય. ઉપરાંત જે નારી સાથે આવી કોઈ પણ શરમજનક ઘટના ઘટી હોય, તેણે પણ કહેવાતી આબરૂ કે ઈજ્જતને નામે, ચૂપ રહ્યા વગર ન્યાય માટે આગળ આવવું જોઈએ, અને આ માટે તેના પરિવાર એ પણ મહિલા ને સાથ આપવો જોઈએ. સમાજમાં આમ જુવો તો, ઉપરછલ્લી જાગૃતિ આવી છે એવું લાગે. કારણ કે સૌને પોતપોતાની માતાને માન સન્માન આપવું છે, પરંતુ એ જ ઉંમરની અન્ય મહિલા સાથે જે ઘટના ઘટે એમાં મારે શું? એવું આજે પણ હજી બધા વિચારે છે! એને પરિણામે આવા કિસ્સા લગાતાર વધે છે. આજથી લગભગ પંદર વર્ષ પહેલાં મેં શરીફા વીજળીવાળાનું એક ભાષણ સાંભળ્યું હતું, ત્યારે પણ મહિલા માટે સમાજની માનસિકતા આવી જ હતી, અને આજે પણ એવી જ છે. તો વિચાર આવે કે એકવીસમી સદીમાં પહોંચી ગયાનો નારો શું ખોટો છે? હા આમ જુઓ તો આ બધી કહેવાની જ વાત છે, બાકી મહિલાની માનસિકતામાં હજી જોઈએ તેવો ફેર પડ્યો નથી. મહિલા ગમે તેટલી સફળ હોય, તે સ્વતંત્ર આજે પણ નથી, કદાચ ક્યાંક તે સ્વતંત્ર હોય તો સુરક્ષિત તો બિલકુલ નથી.ઘરની બહાર તો અમુક પ્રકારના અત્યાચાર થાય,પણ આતો ઘરમાં પણ ઘરેલુ હિંસા અટકવાનું નામ નથી લેતી. ઘણી વખત વિચાર આવે કે મહિલા ને સુશિક્ષિત કરીને શું ફાયદો થયો, બુદ્ધિ વિકાસની દ્રષ્ટિએ જોઈએ તો કદાચ મહિલા દરેક ક્ષેત્રમાં સફળ થઈ છે,પણ સમાજની હજી પણ ૬૦% થી ૭૦ % મહિલા ઘરમાં માન સન્માનનું સ્થાન મેળવી શકી નથી, અને અમુક ઘરમાં આ પ્રકારની સતામણી હજી પણ કાયમ છે. પહેલા તો સાવ નીચલા વર્ગમાં જ આવું બનતું, પરંતુ હવે તો કહેતા પણ શરમ આવે એવાં એજ્યુકેટેડ ફેમિલીમાં પણ શંકાને કારણે આવું બધું થતું જોવા મળે છે, જોકે ૨૦ /૨૫ ટકા રૂપે ક્યાંક ક્યાંક સ્ત્રીઓ પણ સ્વછંદ થતી જાય છે. મૂળ વાત જ્યાં સુધી સમાજનો એક એક વ્યક્તિ ઘરની અને બહારની મહિલાને સરખું માન સન્માન નહીં આપે, ત્યાં સુધી મહિલાનું સમાજમાં આ રીતે જ અપમાન થતું રહેશે. દરેકે જણાએ પોતાની જાતને સવાલ કરવો રહ્યોં, કે જે માન તે માતાને આપે છે, એટલું જ માન તે ઘરની પત્નીને આપે છે? કે પછી સમાજની અન્ય મહિલાને આપે છે? જ્યાં સુધી સમાજની માતા, પત્ની, બહેન, અને પુત્રીને સમાન નજરથી, એટલે કે ઘર પરિવારની મહિલાની જેમ જોવામાં ન આવે, એને પણ એક સંવેદના ભર્યું હૃદય ઈશ્વરે આપ્યું છે, એવું વિચારવામાં ન આવે ત્યા સુધી, આવાં સમારંભ અને મહિલાનાં માન સન્માનનાં કાર્યક્રમ નકામા છે. સ્ત્રી ચરિત્રની દુહાઈ દેતો ભારતીય સમાજ સ્ત્રીના ચરિત્ર સાથે પોતે ગમે તેવા ચેડાં કરી શકે,પણ પોતાની સ્ત્રીનાં ચરિત્ર પર ભરોસો કરવાનો વારો આવે તો તરત શંકા કરે છે, એની પર ગમે તેવા આક્ષેપ મુકવામાં પણ એ પાછી પાની કરતો નથી. સમાજમાં દિવસે દિવસે સાઈબર ક્રાઈમની સંખ્યા જે રીતે વધે છે,એ જોતાં એવું લાગે કે, ઘણીવાર પોતાનો કોઈ જ દોષ ન હોવા છતાં, તેણે બહુ મોટી કિંમત ચૂકવવી પડે છે, ત્યારે આપણને એમ થાય કે જો થોડો વિશ્વાસ પતિ પોતાની પત્ની પર રાખે, તો કદાચ આવા કિસ્સામાં ઘટાડો થાય ખરો. મનોરંજનના બધા જ માધ્યમ પરથી મહિલાનો વિકાસ થાય એ રીતે ફિલ્મ, નાટક, કે સીરિયલ બનાવવામાં આવે છે. હેલ્લારો ફિલ્મમાં એકબાજુથી કુળદેવીને પૂજવામાં આવે,અને ઘરની મહિલાઓને જે રીતે કેદમાં રાખવામાં આવતી એ મર્મ સમજાવ્યો છે, એ દ્રષ્ટિકોણ અદભૂત છે. આજે દરેક પિતા પોતાની પુત્રી માટે સુંદર સ્વપ્ન જુવે છે, પણ એની પત્ની પણ કોઈની દિકરી છે, એ વાત એ આસાનીથી ભૂલી જાય છે. દિકરી જુવાન થતાં સુંદર જીવનસાથીનું સ્વપ્ન જુવે છે, અને જીવનસાથી સંગે ઉંચે આકાશમાં ઉડવાનું સ્વપ્ન પણ જુવે છે, પરંતુ શું સમાજ દરેક દિકરીનું આ સ્વપ્ન પુરૂ થાય એમાં મદદરૂપ થાય છે ખરો? ઘણીવાર એવું પણ જોવા મળે છે કે મહિલાની માનહાનિ તેનાં અંગત સ્વજનો દ્વારા થતી પણ જોવા મળે. ઘર પરિવારમાં જે હોય તે, પરંતુ આ બાબત પર બધી જ મહિલા એ એક થવું પડશે! માત્ર અધિકારને મુદ્દે નહીં પણ સાચાં અર્થમાં સમાનતા ને સન્માન મળવું જોઈએ. જો સમાજનો સાચે વિકાસ કરવો હોય તો આ પાસા પર વિચારવું જોઈએ .પુરુષ હોય કે મહિલા તેને જન્મ દેનાર તો આખરે એક મહિલા જ છે એ વાત પણ યાદ રાખી અને દરેકે દરેક જણા એ મહિલાને માન-સન્માન આપવું જોઈએ, આવા ભાષણો પણ કેટલા એ આજ સુધી કર્યા હશે, પરંતુ સમાજની માનસિકતામાં કોઈ ફેર નથી. આ ઉપરાંત મહિલા એ પણ માત્ર અધિકારની સાથે સાથે ફરજ પણ નીભાવી પડશે, અને અને થોડું જતું કરવાની ભાવના પણ કેળવવી પડશ, તો જ સાચે આપણે ૨૧મી તરફ આગેકૂચ કરી છે એમ કહી શકાય. દરેકે દરેક જણાયે મહિલાને માન-સન્માન આપવું પડશે, તેની ભાવનાની કદર કરવી પડશે, ઉજ્જવળ ભવિષ્ય માટે ઉજળા ગુણ પણ કેળવવા પડશે,અને મારી જેમ કેટલીય મહિલાઓ જોયેલું સમાજનું આવું દોહરી માનસિકતા વાળું ચિત્ર બદલવુ પડશે. ત્યારે સાચે જ મહિલા દિવસ સાર્થક થશે! બાકી તો દરેક મહિલાને મારી જેમ એક જ પ્રશ્ન થશે, કે શું માતા એક જ મહિલા છે? જય હિન્દ.

### કનૈયો એ ઈશ્વર છે તેથી તેમનામાં તરી તેમની સાથે એકાકાર થવાની ભાવના જાગૃત થઈ અને તે થઈ રાસલીલા

# જીવ લૌકિક રસને આધીન હોય ત્યાં સુધી તેને અલૌકિક રસ મળતો નથી



**વિશેષ**
યશપાલસિંહ ડી. વાઘેલા (દરબાર ગઢ, થરા)

**ભક્તની ઇચ્છા પ્રમાણે વર્તનારા, બાળલીલામાં દૂધ વગેરેની ચોરી કરી યશનો વિસ્તાર કરનારા, વ્રજ વનિતાઓને આનંદ પમાડનારા, એવા ગિરિરાજધારી શ્રીકૃષ્ણ મારા પ્રભુ છે**

જીવ અને ઈશ્વર એક બને તો પછી રાસલીલામાં પ્રવેશ મળે છે. કનૈયો ગોવર્ધનનાથને વંદન કરે છે, એટલે પોતે પોતાની જાતને જ વંદન કરે છે. ચાલો, આપણે પણ એ ગિરિરાજધારીને વંદન કરીએ અને તેની સ્તુતિ કરીએ! ભક્તની ઈચ્છા પ્રમાણે વર્તનારા, બાળલીલામાં દૂધ વગેરેની ચોરી કરી યશનો વિસ્તાર કરનારા, વ્રજ વનિતાઓને આનંદ પમાડનારા, એવા ગિરિરાજધારી શ્રીકૃષ્ણ મારા પ્રભુ છે. ગોવર્ધન લીલાથી ગોપીઓને ખાતરી થઈ છે કે, કનૈયો એ ઈશ્વર છે તેથી તેમનામાં તરી તેમની સાથે એકાકાર થવાની ભાવના જાગૃત થઈ અને તે થઈ રાસલીલા. ભક્તિરસમાં ઈન્દ્રિયોને તરબોળ કરી દો એટલે રાસલીલામાં પ્રવેશ મળશે. ભગવાન અભિમાનને ખાય છે. દેવોના દેવ શ્રીકૃષ્ણ છે એમ બતાવવા બ્રહ્મા, ઈન્દ્ર, વરુણ મગેરે દેવોનો પરાભવ કર્યો છે. બ્રહ્માજીને અભિમાન હતું, જગતને હું જ ઉત્પન્ન કરું છું. ભગવાને અનેક સ્વરૂપો ધારણ કરી પોતે જ પોતાના સ્વરૂપ સાથે રમવા લાગ્યા.બ્રહ્માજીનું અભિમાન દૂર થયું. ઈન્દ્રને અભિમાન હતું કે, હું સ્વર્ગનો રાજા છું, હું મોટો છું. ઈન્દ્રનું અભિમાન ગોવર્ધન લીલામાં દૂર કર્યું. ઈન્દ્રને ખાતરી થઈ સ્વર્ગની ગાદી ઉપર મને બેસાડનાર શ્રી કૃષ્ણ છે. શ્રીકૃષ્ણ અવતાર નથી, પણ પૂર્ણ પુરુષોત્તમ છે. આ વ્રજવાસીઓ ગાયોની સેવા કરતાં, એકાદશી કરતાં, શ્રીકૃષ્ણ કીર્તન કરતાં એટલે શ્રીકૃષ્ણ મથુરાથી ગોકુળ આવ્યા. વ્રજવાસીઓ ભોળા હતા. તેમ છતાં તેમને ભગવાન મળ્યાં છે. ભોળાને મગવાન મળે છે. એક વખત નંદજી મધ્યરાત્રિએ યમુનામાં સ્નાન કરવા ગયા. રાત્રિના અગિયારથી સાડા ત્રણ સુધીના કાળને નિષિદ્ધ કાળ માન્યો છે. તેમાં સ્નાન કે ભોજન થાય નહીં, કારણ કે મધરાતે નીર્થમાં રાક્ષસોનો પ્રવેશ થાય છે, તેથી મધરાતે સ્નાન કરવાની મનાઈ કરી છે. નંદજીને ખબર નહીં કે આ મધ્યરાત્રિ છે. તેઓએ માનેલું કે પ્રાતઃકાળ થઈ ગયો છે. તેમણે જળમાં ડૂબકી મારી. આસુરી સમયે સ્નાન કરવાથી જળના દેવ વરુણનું અપમાન થયું. તેથી વરુણદેવના સેવકો જે ત્યાં હતા તેમણે નંદજીને પકડયા અને વરુણલોકમાં લઈ ગયા. શ્રીકૃષ્ણ વરુણલોકમાં જઈને નંદજીને છોડાવી લાવ્યા. વરુણદેવ જીભના માલિક છે. તેમના દૂતો એટલે પરસો. રસ ઉપર- જીભ ઉપર જ્યાં સુધી કાબૂ ન મેળવો, ત્યાં સુધી રાસમાં પ્રવેશ મેળવી શકાતો નથી. એ ષડ્રસ ઉપર વિજય મળે તો રાસરસ મળે. નંદ એ જીવાત્મા છે. નંદ એટલે કે જીવ જ્યારે ભક્તિરૂપી યમુનામાં સ્નાન કરવા જાય છે ત્યારે વરુણના સેવકો આ પરસો તેને પજવે છે. જીવ લૌકિક રસને આધીન હોય ત્યાં સુધી તેને અલૌકિક રસ મળતો નથી. જે આ ષડ્રસને આધીન થયો તેને ભક્તિરસ, પ્રેમરસ મળતો નથી. આનંદ એ કોઈ વસ્તુમાં નથી. આનંદ મનની એકાગ્રતામાં છે. આનંદ ઈશ્વર સાથે તન્મય થવામાં છે. ભક્તિ કરવી સહેલી નથી. ભગવાનની ભક્તિ જેને કરવી છે તેણે મનને મારવું પડે છે, તેણે જીભના રસ ઉપર કાબૂ મેળવવો પડે છે. જે લૂલીનો ગુલામ છે તે ભગવાનની ભક્તિ કરી શકતો નથી. મહાપ્રભુએ સુબોધિનીજીમાં કહ્યું છે કે, ઠાકોરજીની સેવામાં અનુરાગ રાખવો પણ શરીરભોગમાં વૈરાગ્ય રાખવો. લૂલી જે માગેતે આપવાથી શાંતિ મળતી નથી.મનુષ્યની જિંદગીનો મોટો સમય આ લૂલીના લાડ કરવા માં જાય છે. લૂલી પર વિજયએટલે ષડ્રસ પર વિજય. ષડ્રસ પર વિજય એટલે વરુણ પર વિજય.ગોપીઓના બે ભેદ બતાવ્યા છે. નિત્યસિદ્ધા તથા સાધનસિદ્ધા. સાધનસિદ્ધાના શ્રુતરૂપા, ઋષિરૂપા, સંકીર્ણરૂપા, અન્યપૂર્વા, અનન્યપૂર્વા એવા અનેક ભેદ છે. શ્રુતિઓઈશ્વરનું વર્ણન કરતાં થાકી ગઈ, પરંતુ પરમાત્માનો અનુભવ થયો નહીં. કારણ ઈશ્વર કેવળવાણીનો વિષય નથી. જે વેદાભિમાની દેવો બ્રહ્મ સાક્ષાત્કાર કરવા માટે ગોકુળમાં પ્રગટ થયા તે શ્રુતિરૂપી ઋષિઓ તપસ્વી હોવા છતાં તેમને ઈશ્વરના અનુભવ થતા નથી. દર્શન અને અનુભવમાં ફેર છે. દર્શનમાં દ્દષ્ટા અને દ્દશ્યનો ભેદ છે. અનુભવમાં દ્દષ્ટા અને દ્દશ્ય એક બને છે. તેમાં પૂર્ણ અદ્વૈત છે, તેથી બ્રહ્મસંબંધ દ્વારા બુદ્ધિગત કામનો નાશ કરી બ્રહ્મમુક્તિનો અનુભવ કરવા ઋષિ ઓ ગોપી થઈને આવેલા, તેને સાખલા, કોહે છે. પ્રભુના મનોહર સ્વરૂપને નિહાળતાં જેમનામાં કામભાવ જાગૃત થયેલો તે દાખલા તરીકે શૂપર્ણખા. તે બધી ગોપીઓ તરીકે પ્રગટ થઈ તેમને સંકીર્ણરૂપા કહે છે. અરમ કરી સંસારસુખ ભોગવ્યા પછી સંસારસુખમાં સૂગ આવે અને પ્રભુ પ્રત્યે પ્રેમભાવ જાગે તે અન્નપૂર્વા ગોપીઓ, દાખલા તરીકે તુલસીદાસજી.એક જ વસ્તુમાં જો આસક્તિ હોય અને તે આસક્તિને જો પ્રભુ માં પલટાવી દેવામાં આવે તો તે વસ્તુની આસક્તિ છૂટી જાય છે. અનેક વસ્તુઓમાં આસક્તિ હોય તો આ શક્ય નથી. તુલસીદાસજી સ્વપત્નીમાં આસક્ત હતા. એમને મન પરસ્ત્રી માતા સમાન હતી. તેથી પત્નીએ ટકોર કરી કે,તરત એમની આસક્તિ પ્રભુમાં પરિવર્તિત થઈ ગઈ. કેટલાંકને રોજ થપ્પડ પડે છે તો પણ સુધરતા નથી,કારણ કે અનેકમાં તેમની આસક્તિ હોય છે. એમના પરિગ્રહોનો પાર નથી. જન્મસિદ્ધ પૂર્ણ વૈરાગ્યવાળા શુકદેવ, મીરાં વગેરે પૂર્વાગોપી છે. એક વખત વ્રજની કુમારિકાઓ યમુનાને કિનારે વસ્ત્ર મૂકી નગ્નદેહે જળમાં સ્નાન કરવા લાગી. તે સમયે શ્રીકૃષ્ણ ત્યાં આવ્યા. તેઓનાં વસ્ત્ર લઈ નજીકનાં કદંબના વૃક્ષ ઉપર ચડી ગયા. પછી શ્રીકૃષ્ણે તેઓને કહ્યું, જળમાં નગ્ન દેહે નાહીને તમે જળના દેવોનો અપરાધ કર્યો છે. એટલે બે હાથ જોડી નમસ્કાર કરી તમારાં વસ્ત્રો લઈ લો. વ્રજકુમારિકાઓએ તેમ કર્યું ત્યારે શ્રીકૃષ્ણે વસ્ત્રો પાછાં આપ્યાં.આ લીલાનું રહસ્ય એ છે કે, શરીરનું ભાન ભૂલશો તો પ્રભુ પાસે જઈ શકાશે. આત્મા સ્ત્રી નથી કે પુરુષ નથી, એટલે 'હું સ્ત્રી છું' એવી ભાવના કુમારિકાઓના મનમાં હી તે 'હું'પણાનું સૂચક છે. એ અહંકાર નો પડદો દૂર કરી સર્વસ્વ પ્રભુને અર્પણ કરવાનો ખામાં ઉદ્દેશ છે. પોતાની જાતને પણ ભૂલી મારી પાસે આવો. એમ ભગવાન કહે છે. સંસ્કારશૂન્ય,સંસારશૂન્ય નિવારણ થઈને મારી પાસે આવો. એમ ભગવાન કહે છે.દ્વૈતનો પડદો દૂર કરશો તો ભગવાન મળશે. ભગવાન પાસે છે છતાં દેખાતા નથી. વાસનાનો પડદો દૂર થાય તો તરત દેખાયા. ગુરુ આ વાસનાનો પડદો દૂર કરી આપે છે. આત્મા અને પરમાત્મા વચ્ચે આ વાસના નો પડદો છે એટલે ભગવાનનો અનુભવ થતો નથી. તે વાસનાના આવરણને દૂર કરીને પ્રભુને મળવા જવાનું છે. બુદ્ધિગત વાસના સિદ્ધ સદ્‌ગુરુ કૃપા કરે અથવા પરમાત્મા કૃપા કરે તો જ દૂર થાય છે. ચીરહરણ એ રાસલીલાની પૂર્વ તૈયારી છે. વૃત્તિઓના આવરણનું નષ્ટ થઈ જવું એ ચીરહરણ લીલા અને તે પછી જીવનું આત્મામાં રમણ-મિલન એ રાસ. એટલે તો ચીરહરણ લીલા પછી રાસલીલા કહે છે. કામવાસના જાય એટલે ઈશ્વર સાથે અદ્વૈત પ્રાપ્ત થાય. ચીરહરણ એ કંઈ લૌકિક વસ્ત્રોની ચોરી નથી,પરંતુ બુદ્ધિગત કામ વાસનાની ચોરી છે. શ્રીકૃષ્ણ વ્યાપક હોવાથી જળમાં પણ શ્રીકૃષ્ણ છે. ગોપીઓ જળમાં પણ નહાય છે એટલે શ્રીકૃષ્ણમાં નહાય છે. એટલે એમને શ્રીકૃષ્ણ મળેલા જ છે. પણ વાસનાનું, અજ્ઞાનનું આવરણ હોવાથી શ્રી કૃષ્ણનો તેમને અનુભવ થતો નથી. તેથી બુદ્ધિગત વાસનાનું વસ્ત્ર પ્રભુ કૃપા કરીને દૂર કરે છે,જ્યારેપ્રભુના બનીએ ત્યારે જ આ બને છે. પ્રભુ કહે છે કે, જેણે પોતાની બુદ્ધિને મારામય કરી છે તેનો વિષયભોગ નો સંકલ્પ સાંસારિક વિષયભોગ માટે થતો નથી, પણ તે સંકલ્પ મોક્ષદાયી જ થાય છે. ભૂજેલા ધાન્યનું બી જેમ અંકુરિત થતું નથી, તેમ જેમની બુદ્ધિમાંથી વાસના નષ્ટ થઈછે તેમની બુદ્ધિમાં કામવાસના અંકુરિત થતી નથી.

# કાર્તિક આર્યનની બહુપ્રતિક્ષિત ફિલ્મ 'ભૂલ ભુલૈયા ૩'નું શૂટિંગ શરૂ થઈ ગયું

બોલિવૂડ ઈન્ડસ્ટ્રીના પોપ્યુલર એક્ટર કાર્તિક આર્યનની ફિલ્મ 'ભૂલ ભુલૈયા ૩'ના દરેક અપડેટ પર ફેન્સ ખૂબ જ ખુશ થઈ જાય છે. હવે ચાહકો માટે ઉત્સાહિત થવાનો સમય આવી ગયો છે. ખરેખર, કાર્તિક આર્યનની ફિલ્મ 'ભૂલ ભૂલૈયા ૩'નું શૂટિંગ શરૂ થઈ ગયું છે. કાર્તિક આર્યને તેની ફિલ્મના શૂટિંગની શરૂઆતની જાણકારી તેના સોશિયલ મીડિયા પર આપી છે. ફિલ્મ 'ભૂલ ભુલૈયા ૩'ના શૂટિંગની શરૂઆત પર ચાહકો તેમના પ્રિય અભિનેતા કાર્તિક આર્યનને અભિનંદન આપી રહ્યા છે. નોંધનીય છે કે કાર્તિક આર્યનની ફિલ્મ 'ભૂલ ભુલૈયા ૨' વર્ષ ૨૦૨૨માં રિલીઝ થઈ હતી અને તેને બોક્સ ઓફિસ પર ખૂબ જ સારો પ્રતિસાદ મળ્યો હતો. કાર્તિક આર્યનને શનિવારે તેના ઈન્સ્ટાગ્રામ એકાઉન્ટ પર એક તસવીર શેર કરી હતી. આ તસવીરમાં કાર્તિક આર્યન ભગવાનની સામે હાથ જોડીને ઉભો છે. આ સાથે કાર્તિક આર્યનએ જણાવ્યું કે તેની ફિલ્મ 'ભૂલ ભુલૈયા ૩'નું શૂટિંગ ૯ માર્ચથી શરૂ થઈ ગયું છે. કાર્તિક આર્યને આ સાથે લખ્યું છે કે, આજથી મારા કરિયરની સૌથી મોટી ફિલ્મ શરૂ થઈ રહી છે. કાર્તિક આર્યનએ હેશટેગ સાથે શુભારંભ



અને ભૂલ ભુલૈયા ૩ લખ્યું છે. આ પોસ્ટ પર તેના તમામ ફેન્સ કાર્તિક આર્યનને અભિનંદન આપી રહ્યા છે. એક ચાહકે લખ્યું છે, 'ઓલ ધ બેસ્ટ રૂહ બાબા.' એક ચાહકે લખ્યું છે, 'રુહ બાબા આવવાના છે.' એક ચાહકે લખ્યું છે, 'ગુડલક કાર્તિક આર્યન.' એક ચાહકે લખ્યું છે, 'જય માતા દી... રોક ઈટ.' કાર્તિક આર્યનની ફિલ્મ 'ભૂલ ભૂલૈયા ૩' મુંબઈમાં શરૂ થવા જઈ રહી છે. કાર્તિક આર્યનની ફિલ્મનું શૂટિંગ શિડ્યુલ ૮ દિવસનું હશે અને તેની સાથે વિદ્યા બાલન અને માધુરી દીક્ષિત પણ શૂટિંગ કરશે.

# 'શૈતાન' ફિલ્મે પહેલા દિવસે ધમાકો કર્યો, આટલા કરોડની કમાણી કરી

**અજય દેવગણની 'શૈતાન' એ પ્રથમ દિવસે બોક્સ ઓફિસ પર રૂ. ૧૪.૫૦ કરોડના યોગ્ય કલેક્શન સાથે ઓપનિંગ કર્યું છે**

## ફિલ્મની શરૂઆત ૧૪ કરોડ રૂપિયાથી, આ ફિલ્મમાં આર માધવન અને જ્યોતિકા પણ મુખ્ય ભૂમિકામાં છે

ચાહકો ઘણા સમયથી અજય દેવગનની ફિલ્મ 'શૈતાન'ની રાહ જોઈ રહ્યા હતા. આ ફિલ્મ સિનેમાઘરોમાં રિલીઝ થતાની સાથે જ ધમાકેદાર હતી. ફિલ્મે પહેલા દિવસે સારી કમાણી કરી છે. અજય દેવગન, આર માધવન અને જ્યોતિકાની ફિલ્મ 'શૈતાન' શુક્રવારે એટલે કે ૮મી માર્ચે સિનેમાઘરોમાં રિલીઝ થઈ છે. આ ફિલ્મનું ટ્રેલર રિલીઝ થયા બાદ તેના વિશે ઘણી ચર્ચા થઈ હતી અને તેનો ફાયદો ફિલ્મને મળ્યો છે. ફિલ્મ 'શૈતાન' રીલિઝ થતાં જ લોકો સિનેમાઘરોમાં ઉમટી પડ્યા હતા. ફિલ્મે પહેલા દિવસે બોક્સ ઓફિસ પર સારી શરૂઆત કરી છે અને શરૂઆતના દિવસના કલેક્શનના પ્રારંભિક આંકડા સામે આવ્યા છે. ચાલો જાણીએ કે અજય દેવગન, આર માધવન અને જ્યોતિકાની ફિલ્મ 'શૈતાન' એ પહેલા દિવસે કેટલી કમાણી કરી છે. અજય દેવગન, આર માધવન અને જ્યોતિકા સ્ટારર ફિલ્મ 'શૈતાન' લોકોને પસંદ આવી છે અને તેનું પરિણામ બોક્સ ઓફિસના આંકડામાં જોવા મળી રહ્યું છે. આ ફિલ્મને પહેલા દિવસે ખૂબ જ સારો પ્રતિસાદ મળ્યો છે. આ ફિલ્મની કમાણીના પ્રારંભિક આંકડાઓ સામે આવ્યા છે. 'સૅકનિલ્ક'ના રિપોર્ટ અનુસાર, ફિલ્મ 'શૈતાન' એ પહેલા દિવસે ૧૪.૫૦ કરોડ રૂપિયાનું કલેક્શન કર્યું છે. હવે જોવાનું એ રહે છે કે આ ફિલ્મની કમાણીની ગતિ કેટલી વધે છે અને કેવી રીતે ઘટે છે. અજય દેવગન, આર માધવન અને જ્યોતિકા સ્ટારર 'શૈતાન'ને પણ શુક્રવારે મહાશિવરાત્રિની રજાનો લાભ મળ્યો છે જેના કારણે તેણે સારી કમાણી કરી છે. વાત કરીએ વર્ષ ૨૦૨૪માં રિલીઝ થયેલી તે ફિલ્મોની



જેણે સારી કમાણી કરી છે. જેમાં રિતિક રોશનની ફિલ્મ ફાઈટર પહેલા દિવસે ૨૪ કરોડ રૂપિયા, શાહિદ કપૂરની ફિલ્મ 'તેરી બાતોં મેં ઐસા ઉલ્ઝા જિયા'એ પહેલા દિવસે ૭ કરોડ અને યામી ગૌતમની ફિલ્મ 'આર્ટિકલ ૩૭૦'એ ૬ કરોડ રૂપિયાની કમાણી કરી હતી. હવે અજય દેવગનની ફિલ્મ 'શૈતાન'ના પહેલા દિવસના કલેક્શનના આંકડા સારા રહ્યા છે. નોંધનીય છે કે ફિલ્મ 'શૈતાન' પહેલા 'આર્ટિકલ ૩૭૦' અને 'લપતા લેડીઝ' જેવી ફિલ્મો સિનેમાઘરોમાં રિલીઝ થઈ હતી.

# હું દીપિકાને લોન્ચ કરી શકી કારણ કે તેમાં શાહરૂખ ખાન હતો : ફરાહ

**વર્ષ ૨૦૦૭માં આવેલી ફિલ્મ ઓમ શાંતિ ઓમમાં બોલિવૂડના ઘણા સુપરસ્ટાર્સ કેમિયોમાં જોવા મળ્યાં હતાં**

૨૦૦૭ની બ્લોકબસ્ટર ફિલ્મ 'ઓમ શાંતિ ઓમ' બોલિવૂડ એક્ટ્રેસ દીપિકા પાદુકોણની પહેલી ફિલ્મ હતી. આ ફિલ્મને રિલીઝ થયે ૧૭ વર્ષ થઇ ચુક્યા છે. તેવામાં તે કહેવું ખોટું નથી કે આ ફિલ્મ ઉપરાંત દીપિકાએ પોતાના ૧૭ વર્ષના કરિયરમાં એકથી એક સુપરહિટ ફિલ્મો આપી. આ લિસ્ટમાં 'લવ આજ કલ', 'હાઉસફુલ', 'દેશી બોય્ઝ', 'કોકટેલ', 'યે જવાની હૈ દિવાની', 'ચેન્નઈ એક્સપ્રેસ', 'ગોલિયોં કી રાસલીલા રામલીલા', 'તમાશા','બાજીરાવ મસ્તાની', 'પદ્માવતી', 'પઠાણ', 'જવાન', 'ફાઈટર', જેવી સુપરહિટ ફિલ્મો સામેલ છે. હવે, 'ઓમ શાંતિ ઓમ'ના વર્ષો પછી, ફિલ્મની ડાયરેક્ટર ફરાહ ખાને દીપિકાને ફિલ્મમાં કાસ્ટ કરવા પાછળની કહાની જણાવી છે. તેના તાજેતરના ઈન્ટરવ્યુમાં, તેણે વિગતવાર જણાવ્યું છે કે તેણે તેની બ્લોકબસ્ટર ફિલ્મમાં નવોદિત દીપિકા પાદુકોણને કાસ્ટ કરવાનું આટલું મોટું રિસ્ક કેમ લીધું.

જ્યારે તેની પાસે ૨૧મી સદીની સુપરહિટ એક્ટ્રેસીસ ઐશ્વર્યા રાય, રાની મુખર્જી, પ્રીતિ ઝિન્ટા, કરીના કપૂર, કાજોલ, કરિશ્મા કપૂર અને કેટરિના કૈફ હતી. પરંતુ તેણે આ ફિલ્મમાં દીપિકા પાદુકોણને કાસ્ટ કરી હતી. તમને જણાવી દઈએ કે જ્યારે આ ફિલ્મ રિલીઝ થઈ ત્યારે દીપિકા ૨૦ વર્ષની હતી. જણાવી દઈએ કે તાજેતરમાં જ ફરાહ ખાને મશાબેલ ઈન્ડિયા શોમાં ભાગ લીધો હતો. આ દરમિયાન તેણે કાસ્ટિંગ ડિરેક્ટર મુકેશ છાબરા સાથે તેની ડિરેક્ટર તરીકેની ફિલ્મ કરિયર વિશે વાત કરી. આ શોમાં મુકેશ છાબરાએ ફરાહને ફિલ્મોમાં લૉન્ચ કરેલા સ્ટાર્સ વિશે વાત કરી હતી. આ દરમિયાન તેણે ફિલ્મ 'ઓમ શાંતિ ઓમ'નો ઉલ્લેખ કર્યો અને દીપિકા પાદુકોણને ફિલ્મમાં લોન્ચ કરવાનું કારણ પૂછ્યું. શોમાં કાસ્ટિંગ



ડિરેક્ટર મુકેશ છાબરાના આ સવાલનો જવાબ આપતાં ફરાહે જે કહ્યું તે ખૂબ જ ચોંકાવનારું હતું. તેણે કહ્યું- કોઈ હીરોને લોન્ચ કરવો એ એક અલગ લેવલ છે કારણ કે તમને કોણ પૈસા આપશે? હું દીપિકાને લોન્ચ કરી શકી કારણ કે તેમાં શાહરૂખ ખાન હતો. હું તે રિસ્ક લઈ શકું તેમ હતું.



ફરાહ કહે છે કે, લોકોને લાગે છે કે તેણે આખી ફિલ્મ માત્ર શાહરૂખ ખાન માટે જ બનાવી છે અને દીપિકાને પ્યાદુ બનાવીને બોક્સ ઓફિસ પર ઘણી કમાણી કરી. ફરાહે જણાવ્યું કે દીપિકા પાસે એવું શું હતું જેના કારણે તેણે દીપિકાને કાસ્ટ કરી. ફરાહે જણાવ્યું કે, હિન્દી સિનેમામાં હીરોઈન સારી દેખાવી જોઈએ. તેની પાસે સ્ક્રીન પર શાનદાર પ્રેઝન્સ હોવું પણ જરૂરી છે. આ સિવાય તેમની પાસે કંઈક એવું હોવું જોઈએ જે ઓડિયન્સને ઈમ્પ્રેસ કરે. ફરાહને પણ આ ડેફિનેશનમાં દીપિકા ફુલ પેકેજ જેવી લાગી. ફરાહે વધુમાં કહ્યું કે દીપિકાના શાનદાર લુક્સ, એક્ટિંગ પાવર અને ડાન્સ ફલોર પર આગ લગાવવાનું ટેલેન્ટ છે.

**આમિર અને સલમાન બંનેની કામ કરવાની રીત અલગ હતી**

# અંદાઝ અપના અપનાના સેટ પર સલમાન ખાન અને આમિર વચ્ચે થઇ હતી તકરાર?


ફિલ્મ અંદાજ અપના અપના (૧૯૯૪) આજે દાયકાઓ બાદ પણ દર્શકોને ખૂબ પસંદ આવે છે. ફિલ્મમાં આમિર ખાન અને સલમાન ખાનની જોડીએ એક અલગ જ બ્રોમાન્સનું ઉદાહરણ સેટ કર્યુ હતું. પરંતુ વાસ્તિવકતામાં આ ફિલ્મ જ્યારે બની રહી હતી ત્યારે આમિર ખાન અને સલમાન ખાન વચ્ચેના સંબંધોમાં થોડી ખટાશ હતી. તેમના કો-સ્ટાર શેહઝાદ ખાને તાજેતરમાં જ આ અંગે ખુલીને વાત કરી હતી અને શેર કર્યું હતુ કે શા માટે આ બંને કલાકાર ઘણીવાર ફિલ્મના સેટ પર લડતા હતા. સિદ્ધાર્થ કન્નનને આપેલા એક ઈન્ટરવ્યુમાં જ્યારે અંદાઝ અપના અપના ફિલ્મના શૂટિંગ દરમિયાન આમિર અને સલમાનના તણાવપૂર્ણ સંબંધો વિશે પૂછવામાં આવ્યું, ત્યારે શેહઝાદે જણાવ્યું કે, ''મેં આ બધું મારી આંખોની સામે જોયું છે. ઘણી વાર આવું થઈ જતું. સલમાન સલમાન છે, અને આમિર આમિર છે. હું તેના માટે કોઈને દોષી ઠેરવીશ નહીં. ઘણી વાર, હું તેમની વચ્ચે બ્રિજ બની જતો. હું નાનપણથી જ સલમાનની ખૂબ જ નજીક છું; તો વસ્તુઓ સામાન્ય થઈ જતી હતી. આમિર અને સલમાન બંનેની કામ કરવાની રીત અલગ હતી. આમિર પોતાના નક્કી ટાઈમને લઈને ખૂબ જ નિયમિત હોય છે, પરંતુ સલમાન સેટ પર મોડો આવતો હતો જેની તેને લાંબા સમય સુધી રાહ જોવી પડતી હતી. શેહઝાદે જણાવ્યું કે, આમિર સવારે ૭-૭.૩૦ વાગ્યે મડ આઈલેન્ડના બંગલા પર પહોંચી જતો હતો, જ્યારે કોલનો સમય સવારે ૯ વાગ્યાનો હતો. સલમાન બિચારો ૧૦-૧૧ વાગ્યા સુધીમાં આવી જ જતો.'' સલમાનની તરફેણમાં બોલતાં તેણે ઉમેર્યું હતુ કે, ''આપણે બધા જાણીએ છીએ કે બાંદ્રાથી આવવું કેટલું મુશ્કેલ છે. ક્યારેક ગાડી ખરાબ, ક્યારેક કંઈ બીજુ ખરાબ. ૨૦૧૩ માં આમિરે કોફી વિથ કરણ પર કહ્યું હતું કે, ''અંદાઝ અપના અપનામાં, મને સલમાન સાથે કામ કરવાનો ખૂબ જ ખરાબ અનુભવ રહ્યો હતો. ત્યારે હું તેને પસંદ નહોતો કરતો. મને તે રૂડ અને અવિચારી વ્યક્તિ લાગ્યો. તેમની સાથે કામ

**આમિર ખાન અને સલમાન ખાનની જોડીએ એક અલગ જ બ્રોમાન્સનું ઉદાહરણ સેટ કર્યું હતું**



કરવાનો અનુભવ થયા પછી. હું માત્ર તેમનાથી દૂર રહેવા માંગતો હતો. શેહઝાદે પછી ઉમેર્યું હતું કે, તેમની વચ્ચે વિવાદ હોવા છતા તેઓ તેમના પાર્ટ્સમાં ખૂબ સારા હતા. ''પરંતુ તે બંનેનું પર્ફોમન્સ અપ ટુ ધ માર્ક હતું. કોઈ કહી શકે નહીં કે આ ૩૨ ટેક છે અને આ એક ટેક છે. તેણે ઉમેર્યું કે, ''અમે શૂટિંગ દરમિયાન ખૂબ જ મસ્તી કરતા હતા. એકદમ પરીવાર જેવું વાતાવરણ હતું. અમારા નિર્માતા હોમમેડ ફૂડ લાવતા. તે અમને સારી રીતે રાખતા હતા. ૧૯૯૪માં અંદાઝ અપના અપનાને દર્શકોએ ખૂબ જ પ્રેમ આપ્યો હતો. રાજકુમાર સંતોષી દ્વારા નિર્દેશિત અને વિનય કુમાર સિંહા દ્વારા નિર્મિત આ ફિલ્મમાં આમિર ખાન, સલમાન ખાન, રવીના ટંડન, કરિશ્મા કપૂર, પરેશ રાવલ (ડબલ રોલમાં) અને શક્તિ કપૂર સહિત કલાકારો જોવા મળ્યા હતા.

# એલ્વિશ યાદવને મનીષા રાનીએ ઈન્સ્ટાગ્રામ પર અનફોલો કર્યો



ઝલક દિખલા જા ૧૧ની વિજેતા મનીષા રાનીએ યુટ્યુબર મેક્સટર્નને હરાવ્યા બાદ એલ્વિશ યાદવને ઈન્સ્ટાગ્રામ પર અનફોલો કર્યો. એવું લાગે છે કે સાગર ઠાકુર પર કથિત હુમલો કરવા બદલ હરિયાણા પોલીસ દ્વારા એલ્વિશ યાદવ સામે ગુનો નોંધવામાં આવ્યા બાદ મનીષા રાનીએ એલ્વિશ યાદવને અનફોલો કરી દીધો છે. ગમલા ચોર અને રેવ પાર્ટીના મામલા પછી, એલ્વિશ યાદવ ફરી ગરમ પાણીમાં છે. આ વખતે, પોલીસે તેના પર IPC કલમ ૧૪૭, ૧૪૯, ૩૨૩ અને ૫૦૬ હેઠળ ગુનો નોંધ્યો છે. એલ્વિશ યાદવે તેના ૮-૧૦ સમર્થકો સાથે ગુરુગ્રામમાં એક કપડાની દુકાનમાં યુટ્યુબર મેક્સટર્ન સાગર ઠાકુરને માર માર્યો હતો. તને પોલીસને આપેલા નિવેદનમાં, સાગર ઠાકુર (મૅક્સટર્ન) એ આરોપ મૂક્યો, ''છેલ્લા કેટલાક મહિનાઓથી, એલ્વિશ ફેન પેજીસ નફરત ફેલાવે છે... મને દુ:ખી કરી દે છે. મને એલ્વિશ દ્વારા મળવા માટે કહેવામાં આવ્યું હતું પરંતુ મને લાગ્યું કે તે મૌખિક ચર્ચા કરશે. જ્યારે તેણે સ્ટોર પર આવ્યો, તે અને તેના ૮-૧૦ ગુંડાઓ, જેઓ નશામાં હતા, મને માર મારવા લાગ્યા અને અપશબ્દો બોલવા લાગ્યા. એલ્વિશ યાદવે મારી કરોડરજ્જુ તોડવાનો પ્રયાસ કર્યો....'' પોલીસે પ્રેસને કહ્યું કે તેઓ યુટ્યુબ પર એકબીજા સાથે સ્પર્ધા કરી રહ્યા છે. એવું લાગે છે કે તેમના અનુયાયીઓ સોશિયલ મીડિયા પર એક બીજાનો દુરુપયોગ કરશે. તેમની પાસે ફૂટેજ છે અને તપાસ ચાલી રહી છે. એલ્વિશ યાદવે પોતાના લાઈવમાં કહ્યું કે જો કોઈ તેમના સમર્થકોની માતાઓ અને બહેનો સાથે દુર્વ્યવહાર કરશે તો તે સહન નહીં કરે.

# માધુરીએ શિવ નૃત્ય કરીને શેર કર્યો સ્પેશિયલ વિડીયો



**માધુરી દીક્ષિતે પોતાના ઇન્સ્ટાગ્રામ એકાઉન્ટ પર શિવ અને ગૌરી ગીત પર શાનદાર પ્રસ્તુતિનો વિડીયો શેર કર્યો**

મહાશિવરાત્રિ ભગવાન શિવની સૌથી મોટી રાત્રિના રૂપમાં મનાવવામાં આવે છે. આ વખતે મહાશિવરાત્રિનો પર્વ ૮ માર્ચ એટલે કે આજ રોજ છે. આજના દિવસે દરેક ભક્ત ભગવાન શિવને ખુશ કરવા માટે એમને પ્રાર્થના કરતા હોય છે. બી ટાઉન દિવા માધુરી દિક્ષીત જે મહાદેવ ભક્ત છે અને એમને પણ મહાદેવને ખુશ કરવા માટે શિવ નૃત્ય કર્યુ છે. ગરુડ પુરાણ, સ્કન્દ પુરાણ, શિવ પુરાણ તેમજ અગ્નિ પુરાણ દરેકમાં મહાશિવરાત્રિ પર્વની મહિમાનું વિશેષ વર્ણન મળે છે. મહાશિવરાત્રિ ૨૦૨૪ના ખાસ દિવસે માધુરી દીક્ષિતે ફેન્સને શુભકામનાઓ આપી છે. માધુરી દીક્ષિત હંમેશા મહાશિવરાત્રિના અવસર પર પોતાના પ્રશંસકોને શુભકામનાઓ આપવા માટે શિવ નૃત્ય કરે છે. અભિનેત્રીએ પોતાના ઈન્સ્ટાગ્રામ એકાઉન્ટ પર શિવ અને ગૌરી ગીત પર શાનદાર પ્રસ્તુતિનો વિડીયો શેર કર્યો છે. બોલિવૂડ એક્ટ્રેસ આજે પણ એની ખૂબસુરતી અને ડાન્સથી દરેક લોકોને પ્રભાવિત કરે છે. પ્રશંસકો પણ એમની સુંદરતા અને નૃત્યના હંમેશા વખાણ કરતા હોય છે. જેકેટની સાથે કોર્ડ સેટમાં માધુરી મસ્ત લાગી રહી છે. નૃત્ય કરતી વખતે ચહેરાના હાવભાવમાં મસ્ત ખુશી જોવા મળી રહી છે. આ વિડીયોમાં માધુરી દીક્ષિત મસ્ત લાગી રહી છે. પોતાના ખૂબસુરત ડાન્સ મુવ્સથી એક્ટ્રેસે દરેક લોકોનું દિલ જીતી લીધુ છે. અભિનેત્રી હોવાની સાથે-સાથે માધુરી સૌથી વધારે



ડાન્સર્સમાંથી એક છે જેને હંમેશા પોતાના ડાન્સ મુવ્સથી લોકોને ફિદા કરી દીધા છે. આ સાથે ફોલોઅર્સને પણ ઈમ્પ્રેસ કર્યા છે. આ વિડીયો દરેક લોકોનું દિલ જીતી લે એવો છે. માધુરી દીક્ષિતની સાથે-સાથે અન્ય બી ટાઉન સેલેબ્સે પણ લોકોને મહાશિવરાત્રિ ૨૦૨૪ની શુભકામનાઓ આપી છે. માધુરી દીક્ષિતના વર્કફ્રન્ટની વાત કરીએ તો એક્ટ્રેસ એક ડાન્સ રિયાલિટી શોમાં નજરે પડી હતી. આ સિવાય એક્ટ્રેસ છેલ્લે વેબ સિરીઝ મજામાં જોવા મળી હતી જે ૨૦૨૨માં અમેઝોન પ્રાઈમ પર રિલીઝ થઈ હતી. આમ, વાત કરવામાં આવે તો માધુરી દીક્ષિતનો ફેન વર્ગ બહુ મોટો છે. માધુરી ફેન્સ માટે તસવીરો અને વિડીયો શેર કરતી રહેતી હોય છે. માધુરી દીક્ષિતે છેલ્લે જાહેર કર્યું છે કે તેણે ગયા સપ્તાહના અંતમાં ગુજરાતના જામનગરમાં અનંત અંબાણી અને રાધિકા મર્ચન્ટના લગ્ન પૂર્વેના તહેવારોના બીજા દિવસે શું પહેર્યું હતું. તેણીએ તેના સ્વભાવ અને સફારીથી પ્રેરિત પોશાકમાં પોતાની જાતની તસવીરો શેર કરવા Instagram પર લીધી. ડેસ્ટિનેશન વેડિંગ માટે પ્રખ્યાત ઉદયપુર વધુ એક શાહી લગ્નનું સાક્ષી બનવાનું છે. તેનું કારણ અહીં એક પછી એક મોટી હસ્તીઓનું આગમન છે. હિન્દી ફિલ્મોની જાણીતી અભિનેત્રી માધુરી દીક્ષિત પણ ઉદયપુર આવી છે. બોલિવૂડની પીઢ અભિનેત્રી માધુરી દીક્ષિત તે તેના પતિ ડો. શ્રીરામ નેને સાથે ઉદયપુર પહોંચી છે.

# ઈવેન્ટને કારણે જ અમિતાભ બચ્ચન સામે થયો હતો કેસ

૨૮ વર્ષ બાદ ભારતમાં મિસ વર્લ્ડનું આયોજન થઈ રહ્યું છે. ૯ માર્ચે દુનિયાની નજર ભારત પર હશે, કારણ કે આજે સાંજે મુંબઈના Jio વર્લ્ડ કન્વેન્શન સેન્ટરમાં મિસ વર્લ્ડ-૨૦૨૩ની ફિનાલે યોજાશે. ફેમિના મિસ ઈન્ડિયા-૨૦૨૨ વિજેતા સિની શેટ્ટી ભારતનું પ્રતિનિધિત્વ કરી રહી છે. ભારતે ૨૭ વર્ષ પહેલાં બેંગલુરુમાં આ સ્પર્ધાનું આયોજન કર્યું હતું અને આયોજકો સાથે અમિતાભ બચ્ચન કોર્પોરેશન લિમિટેડ માટે તે બહુ સારો અનુભવ નહોતો. પાંચ દાયકાથી સિનેમાની દુનિયામાં સક્રિય અમિતાભ બચ્ચન એક મોટું નામ છે. ૭૦ ના દાયકાથી લંબુજી, શહેનશાહ, બિગ બી અને મહાનાયક જેવા ઘણા નામ અને બિરુદ મળ્યા છે. પરંતુ, આ સફર બિલકુલ સરળ ન હતી. મુશ્કેલ સંઘર્ષોમાંથી મળેલી સફળતા પછી, એક સમય એવો આવ્યો જ્યારે તેણે તેના જીવનના સૌથી ખરાબ તબક્કામાંથી પસાર થવું પડ્યું અને તેનું કારણ મિસ વર્લ્ડ હોસ્ટિંગ હતું. વીર સંઘવી દ્વારા આપવામાં આવેલા એક ઈન્ટરવ્યુમાં અમિતાભે શેર કર્યું હતું કે, તેમને ભારતમાં મિસ વર્લ્ડ સ્પર્ધાનું આયોજન કરવા માટે શોનું આયોજન કરતી કંપની તરફથી ઓફર મળી હતી અને તેઓ હા કહેવા માટે નર્વસ હતા. કારણ કે અમારી પાસે સ્પર્ધાના આયોજન માટે માત્ર ચાર મહિનાનો સમય હતો. હા કહેતા પહેલા, તેણે તેની કંપની એબીસીએલમાં તેની ટીમ સાથે વાત કરી અને તે 'ધ્યાનપૂર્વક' કર્યું હતું. પરંતુ, પછી જે બન્યું તે સંપૂર્ણપણે અકલ્પનીય હતું. બેંગલુરુ શહેરમાં મિસ વર્લ્ડ સ્પર્ધાનું આયોજન કરવાની જાહેરાત કરાઈ હતી. આથી, કર્ણાટકમાં બે પ્રકારની હલચલ શરૂ થઈ હતી. એક તરફ નારીવાદી મહિલાઓએ કહ્યું કે, આવી સૌંદર્ય સ્પર્ધાઓ મોટી સંખ્યામાં મહિલાઓને અપમાનિત કરવાનો પ્રયાસ છે. મહિલા જાગરણ સંગઠનના પ્રમુખ આર. શશિકલાએ ધમકી આપી હતી કે, જો અમે મિસ વર્લ્ડને રોકવામાં નિષ્ફળ ગયા તો અમે આત્મહત્યા કરી લઈશું. બીજી તરફ કેટલાક લોકોએ જણાવ્યું હતું કે, આવા કાર્યક્રમથી સમાજની સંસ્કૃતિ અને સભ્યતા જોખમમાં મુકાશે.

### નિકોલ ગામે એપ્રોચ રોડનું ખાતમુહૂર્ત

# કપડવંજ વિધસભાના લોકપ્રિય ધારાસભ્ય રાજેશભાઈ ઝાલાના વરદ હસ્તે નિકોલ મહાકાલેશ્વર મહાદેવ એપ્રોચ રોડનું ખાતમુહૂર્ત કરાયું


તસ્વીર : રાજેશ શર્મા, આતરસુંબા



। (પ્રતિનિધી) આતરસુંબા, તા.૯ ।

મુખ્યમંત્રી ગ્રામ સડક યોજના અંતર્ગત કપડવંજ તાલુકાના નિકોલ ગામે મહાકાલેશ્વર મહાદેવ એપ્રોચ રોડનું ખાતમુહૂર્ત કપડવંજ વિધાનસભાના યુવા લોકપ્રિય ધારાસભ્ય શ્રી રાજેશભાઈ ઝાલાના વરદ હસ્તે કરવામાં આવ્યું હતુ. પ્રાસંગિક ઉદબોધન કરતાં ધારાસભ્ય શ્રી રાજેશભાઈએ મોદી સરકારની વિકસિત ભારતના સંકલ્પની વાત રજૂ કરી વિસ્તારના તમામ કામો સત્વરે પૂર્ણ કરવાનો નિર્ધાર વ્યક્ત કર્યો હતો. સાથે સાથે ગ્રામમજનો દ્વારા મહાનુભાવોનું સ્વાગત સન્માન કરવામાં આવ્યું હતુ. સંચાલન જિલ્લા બક્ષીપંચ કોષાધ્યક્ષ શ્રી રાજેશભાઈ શર્માએ કર્યું હતું.

આ પ્રસંગે ખેડા જિલ્લા ભાજપ મંત્રી શ્રી ધૂળસિંહ સીલંકી, પૂર્વ પ્રમુખ શ્રી મૂળરાજસિંહ સોલંકી, શ્રી એલ.એસ.ઝાલા, ખેડા જિલ્લા બક્ષીપંચ કોષાધ્યક્ષ શ્રી રાજેશભાઈ શર્મા આતરસુંબા, પૂર્વ તાલુકા સદસ્ય શ્રી ડી. કે. ચૌહાણ, પૂર્વ ઉપ પ્રમુખ શ્રી પારસભાઈ ચૌહાણ, સહકારી આગેવાન શ્રી નિલેશભાઈ પટેલ, શ્રી રશ્મિનભાઈ શાહ, સરપંચ એસોશિયેશન પ્રમુખ શ્રી રૂપસિંહજી, મહાકાલેશ્વર મંદિર ટ્રસ્ટી શ્રી રાજેશભાઈ મોદી, નાયબ ઈજનેર શ્રી કેતનભાઈ પરીખ, સરપંચ શ્રી કાળાજી પરમાર, ઉપ સરપંચ શ્રી રાધેભાઈ પરમાર, પુનાદરા સરપંચ શ્રી પી.ડી. ઝાલા, કોસમ સરપંચ શ્રી કિસનસિંહ ઝાલા, નિકોલ પૂર્વ સરપંચ શ્રી જયેશભાઈ પરમાર, તાલુકા મંત્રી શ્રી પ્રવિણસિંહ સોલંકી એડવોકેટ, શ્રી નવનીતસિંહ ચૌહાણ, શ્રી મહોબતસિંહ ઝાલા, શ્રી દલપતસિંહ ઝાલા અડવાણી, શ્રી રમેશભાઈ પરમાર, શ્રી વિક્રમભાઈ પરમાર, શ્રી ભરવાડ, શ્રી જયંતિભાઈ પરમાર, શ્રી ગોતાજી પરમાર, શ્રી રામસિંહ પરમાર, શ્રી બાબુભાઈ પરમાર, શ્રી ભૂપેન્દ્રસિંહ ઝાલા, શ્રી પરેશભાઈ ત્રિવેદી નિકોલ ગ્રામ પંચાયત સર્વે સદસ્યો, દૂધ મંડળીના ચેરમેનશ્રી તથા સેક્રેટરીશ્રી તેમજ ગ્રામ આગેવાનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.


તસ્વીર : ભરતભાઈ પંડ્યા, દિવડા કોલોની



। દિવડા કોલોની, તા.૯ ।

માતાજીનો નવમો પાટોત્સવ લીમપુર મહીસાગર જિલ્લાના લીમપુર ગામે શ્રી ભાનુભાઈ કે.ચૌધરીના મઢે મહાશિવરાત્રી ના પાવન અવસરે રાજ રાજેશ્વરી મા વિહત, મેલડી,અર્બુદા તેમજ ગોગાજી મઢે મહા વદ તેરસને શુક્રવાર તા.૮-૩-૨૦૨૪ ના દિવસે સવારે ફૂલહર માતા ના મંદિર, હરસિદ્ધેશ્વરમહાદેવ ,બોબડી માતા ના મંદિરે પૂજન અર્ચન તેમજ ધજા રોપન કરવામાં આવ્યું હતું. ત્યાર બાદ અનેક ભાવિકજનો દ્વારા શ્રી મહીસાગર માતાજી ની શોભાયાત્રા નવ દૂધ ની હેલો સાથે લાંબા માં લાંબી ૪૬૫ મીટરની ચૂંદડી ઓઢાડવાનો પ્રસંગ રાખવામાં આવ્યો હતો. ત્યાંથી મઢે આવી શાસ્ત્રીજી શ્રી ભરતભાઈ, શ્રી જીતુભાઈ, શ્રી ટીનાભાઈ, શ્રી કીર્તનભાઈ એ પાટોસ્તવ નિમિત્તે પૂજન અર્ચન કરેલ હતું.. સાંજે મહા આરતી બાદ મહાપ્રસાદ/શિવપ્રસાદ નું આયોજન કરવામાં આવેલ હતું. શ્રી દક્ષેશભાઈ, પ્રવિણાબેન તેમજ અનેક ભાવિક ભક્તો એ આ પ્રસંગે ઉપસ્થિત રહી દર્શનનો લ્હાવો લઈ ધન્યતા અનુભવી હતી.

# મહાદેવની સવારી બેન્ડ વાજા સાથે મોટા મહાદેવ મંદિરેથી નિકળી


તસ્વીર : સંતોષ જોશી બ્યુરો ઈન ચીફ, સંતરામપુર



। ઓમકારસિંહ ચૌહાણ સંતરામપુર, તા.૯ ।

વર્ષોની જૂની પરંપરા અનુસાર મહાશિવરાત્રીના શુભ પ્રસંગે મહાદેવની સવારી બેન્ડ વાજા સાથે મોટા મહાદેવ મંદિરેથી નિકળી નાના મહાદેવ - ભાટિયા ટેકરી - સિફાઈ ચોકડી થઈ તેના મુકામે મોટમહાદેવ ખાતે પહોંચેલ જેમાં સમસ્ત બ્રાહ્મણ સમાજ તથા સૌ ગ્રામજનો દ્વારા ઉત્સાહપૂર્વક ભાગ લઈ હર હર મહાદેવના નારાથી આખું ગામ ગુંજી ઉઠ્યું, જેમાં માનનીય કેબિનેટ મંત્રી શ્રી કુબેરભાઈ ડિંડોર તથા વિધાનસભા ઈન્ચાર્જ અને APMC ચેરમેન શ્રી શાંતિલાલ પટેલ દ્વારા આ શુભ પ્રસંગે શોભાયાત્રામાં ઉત્સાહપૂર્વક હાજરી આપી તથા સમસ્ત પોલીસ પ્રશાસનના સહયોગથી શાંતિપૂર્ણ વાતાવરણમાં આ શુભપ્રસંગ ઉજવવામાં આવેલ હતો.

# લોકસભાની ચૂંટણી વચ્ચે પંચાયત સદસ્ય ૨ દિવસથી ગૂમ

। (માહિતી) બનાસકાંઠા, તા.૯ ।

બનાસકાંઠા જિલ્લાના છાપીમાંથી એક પંચાયત સદસ્ય છેલ્લા બે દિવસથી ગૂમ થઈ જવાની ઘટના પોલીસ મથકે નોંધાઈ છે. એક તરફ હાલમાં લોકસભાની ચૂંટણીઓના પડઘમ વાગી રહ્યા છે. માહોલ રાજકીય રીતે જામવા લાગ્યો છે, આ દરમિયાન ગ્રામ્ય સ્તરના આગેવાન ગૂમ થઈ જવાને લઈ સરપંચે પોલીસ ફરીયાદ નોંધાવી છે. છાપીના સરપંચે સ્થાનિક પોલીસ મથકે ફરિયાદ નોંધાવી છે કે, ગ્રામ પંચાયતના સભ્ય ગૂમ થઈ ગયા છે. છેલ્લા બે દિવસથી હરેશ ચૌધરી ગૂમ થઈ જઈ જવાને લઈ તેમને શોધવા માટે પ્રયાસો શરુ કરવામાં આવ્યા હતા. જોકે પરિવારજનોએ બે દિવસથી શોધખોળ કરવા છતાં તેમની કોઈ ભાળ નહીં મળતા આખરે મામલો પોલીસ મથકે પહોંચ્યો છે. સરપંચે ગ્રામ પંચાયતના સદસ્ય હરેશ ચૌધરી બે દિવસથી ગૂમ હોવાની જાણ પોલીસને કરી છે. સરપંચ અને ગૂમ થયેલ સદસ્ય હરેશ ચૌધરી બંને કૌટુબિક ભાઈઓ છે. જેમણે હાલ તો આ અંગેની ફરિયાદ નોંધાવીને હરેશ ચૌધરીનો પત્તો મેળવા માટે પોલીસને રજૂઆત કરી છે. એક તરફ લોકસભાની ચૂંટણીનો માહોલ ગરમ થઈ રહ્યો છે, ત્યાં ગ્રામ્ય સ્તરના આગેવાન ગૂમ થવાની ઘટનાને લઈ ચર્ચાઓ શરુ થઈ છે. જેમણે હાલ તો આ અંગેની ફરિયાદ નોંધાવીને હરેશ ચૌધરીનો પત્તો મેળવા માટે પોલીસને રજૂઆત કરી છે. એક તરફ લોકસભાની ચૂંટણીનો માહોલ ગરમ થઈ રહ્યો છે, ત્યાં ગ્રામ્ય સ્તરના આગેવાન ગૂમ થવાની ઘટનાને લઈ ચર્ચાઓ શરુ થઈ છે.

### આંતરરાષ્ટ્રીય મહિલા દિવસની ઉજવણી અને મહિલા સાહસિકોને મદદ કરવા માટે

# વસ્ત્રાપુર એમ્ફી થિયેટર ખાતે ઇન્દ્રધનુષ એવોર્ડ અને આનંદમેળા કાર્નિવલનું આયોજન કરવામાં આવ્યું




। (એજન્સી) અમદાવાદ, તા. ૯ ।

અમદાવાદ : આજે પબ્લિક રિલેશન્સ કાઉન્સિલ ઓફ ઈન્ડિયા – અમદાવાદ ચેપ્ટર દ્વારા આયોજિત પ્રેસ બ્રીફિંગમાં જાહેરાત કરવામાં આવી હતી કે ૯મી માર્ચ, ૨૦૨૪ના રોજ વસ્ત્રાપુર એમ્ફીથિયેટર ખાતે પંજાબ નેશનલ બેંક, **SMS PR** એજન્સી અને ભાર્ગવ ઠક્કરની એક્યુમેન એડવાઈઝરી સાથે મળીને એક સંગીતમય એવોર્ડ ફંક્શન ઈન્દ્રધનુષ ૨૦૨૪ ની ઉજવણી અને સાથે સાથે સર્જનાત્મક રીતે આંતરરાષ્ટ્રીય મહિલા દિવસની ઉજવણી કરવા માટે આનંદોઃમેલા કાર્નિવલ ઑફ ફૂડ,અને ફૅશનનું આયોજન કરવામાં આવ્યું છે. કાર્યક્રમના આયોજક શ્રી સુભોજિત સેને માહિતી આપી હતી કે ‘‘છેલ્લા ૪ મહિનાથી, સમાજમાં સુખ અને કરુણા ફેલાવવા માટે ઈન્દ્રધનુષ નામની એક અનોખી અભિયાનની કલ્પના અને અમલ કરવામાં આવી હતી . ૧૦-૧૧ જુસ્સાદાર સાહસિકોની બનેલી ૭ ટીમોએ ૭ સમુદાયોમાં સાથે મળીને કામ કર્યુ છે અને અંધ કન્યાઓ, વંચિત બાળકો, વિશેષ વિકલાંગ બાળકો, કેન્સર વિશે જાગૃતિ ફેલાવવા, વૃદ્ધો સાથે સમય વિતાવવો અને જરૂરિયાતમંદોને મદદ કરવાનો પ્રયાસ કર્યો છે. ઈંદ્રધનુષના ૭ સકારાત્મક રંગોના આધારે, ૭ ટીમોની રચના સમાન વિચારધારા ધરાવતા ઉદ્યોગસાહસિકો સાથે કરવામાં આવી હતી અને તેઓએ સાથે મળીને જુસ્સા અને ઉત્સાહ સાથે સમુદાયો સાથે કામ કર્યુ હતું. અમે પીઆરસીઆઈ નેશનલ ફોરમના પ્રમુખ શ્રી એમ બી જયરામ, પીએનબીના ઉચ્ચ અધિકારીઓ, શ્રી ભાર્ગવ ઠક્કર, ઉત્સવ ઈવેન્ટ્સના શ્રી રૂપેશ અમીન, શ્રી દક્ષેશ રાવલ, અવંતિકા ઈન્ફોટેકના શ્રી નૈમેશ ઠાકોર અને ૯૧૬ ગોલ્ડ પેલેસના ભાવેશ ભાઈનો પણ તેમના સમર્થન માટે.આભાર માનીએ છીએ.’’

### ઝાલોદ એસ.ટી ડેપોને ગુજરાત સરકાર દ્વારા

# દસ નવીન બસ ફળવાતા ધારાસભ્ય મહેશ ભૂરીયાના હસ્તે લીલીઝંડી આપી પ્રસ્થાન કરાવાઇ





। પંકજ પંડિત ઝાલોદ, તા.૯ ।

ગુજરાત સરકાર દ્વારા ઝાલોદ એસ.ટી ડેપોને નવીન ૧૦ બસોની ફાળવણી કરવામાં આવી હતી. ડેપો મેનેજર નિલેશ મુનિયાની સુચના મુજબ નવીન આવેલ દરેક બસોને ફૂલહાર અને ફુગ્ગા દ્વારા સજાવટ કરાવવવામા આવેલ હતી. આ દરેક બસોને લીમડી મુકામે થી ધારાસભ્ય મહેશ ભૂરીયા દ્વારા પૂજા અર્ચના તેમજ નાળિયેર ફોડી જાહેર જનતા માટે મૂકવામાં આવી હતી. ધારાસભ્ય મહેશ ભૂરીયા દ્વારા નવીન બસ ચલાવતા દરેક ડ્રાઈવર અને કંડક્ટરને શુભેચ્છા આપી હતી તેમજ સલામત સવારી એસ.ટી હમારીના સૂત્રને સાર્થક કરી સલામતી રૂપે ચલાવે તેવું સૂચન આપી લીલી ઝંડી આપી પ્રસ્થાન કરવામાં આવેલ હતી.

આ દસ નવીન બસોના ઉદ્ઘાટન પ્રસંગે ધારાસભ્ય મહેશ ભૂરીયા, લલિત ભૂરીયા, ડેપો મેનેજર નિલેશ મુનિયા તેમજ એસ.ટી વિભાગનો સ્ટાફ હાજર રહેલ હતો. આ બસો ઝાલોદ થી સુરત, અંબાજી, ગાંધીધામ, રાજકોટ, કાલાવાડ જેવા રૂટ પર અલગ અલગ ટાઈમ મુજબ ચાલુ કરવામાં આવેલ છે.

# બરમ્યાવડ ગામની પ્રા.શાળાના મુખ્ય શિક્ષક વિરુદ્ધ છેડતીની ફરિયાદ

। (માહિતી) ડાંગ, તા.૯ ।

ડાંગ જિલ્લામાં શિક્ષણ જગતને શર્મશાર કરતો કિસ્સો સામે આવ્યો છે. બરમ્યાવડ ગામની પ્રા.શાળાના મુખ્ય શિક્ષક વિરુદ્ધ છેડતીની ફરિયાદ નોંધાઈ છે. શિક્ષકે નશો કરી વિદ્યાર્થીની છેડતી કરી હોવાની ફરિયાદ નોંધાઈ છે. ગામની મહિલાઓ તથા કન્યા છાત્રાલયની વિદ્યાર્થીઓની છેડતી કરી હોવાની ફરિયાદ નોંધાઈ છે. હેવાન શિક્ષકની કરતૂતને લઈને ગ્રામજનોમાં રોષ વ્યાપ્યો છે. પીડિતાના પરિજનોએ શિક્ષક સામે ફરિયાદ નોંધાવી છે.

ડાંગ જિલ્લાના આહવા તાલુકાની એક શાળામાં અભ્યાસ કરતી બાળકી ઉપર છાત્રાલયના ગૃહપતિ દ્વારા દુષ્કર્મ આચરી જાનથી મારી નાખવા અંગેની ફરિયાદ નોંધાઇ છે. ફરિયાદ નોંધાયાની જાણ થતાંજ આરોપી તેની પત્ની સાથે ફરાર થઈ ગયો છે. ડાંગ જિલ્લાના સાપુતારા પોલીસ મથકમાં નોંધાયેલ ફરિયાદ મુજબ આહવા તાલુકાની એક છાત્રાલયના ગૃહપતિ તેની જ શાળામાં અભ્યા કરતી ૧૪ વર્ષની સગીર વયની વિદ્યાર્થીનિને ધમકાવી ડરાવી ને બે વાર પોતાની હવસનો શિકાર બનાવ્યો. ભોગબનનાર પીડિતાને શારીરિક પીડા થતા ગભરાયેલી તેણી એ આ વાત તેની મોટી બહેનને કરી હતી અને મોટી બહેને આ ગંભીર ગુનાની વાત પોતાની માતા ને કરતાં આખરે પીડિતાની માતા એ ગામના આગેવાનો સાથે મળીને સાપુતારા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી છેપીલીસમાં ફરિયાદ નોંધાતા હવસખોર શિક્ષક ભૂગર્ભમાં ઉતરી ગયો હતો.

# આજનું રાશિ ભવિષ્ય.....


**મેષ (અ,લ,ઇ) :**

આજના દિવસે તમારી આસપાસનો લોકોનો સહકાર મળવાથઈ તમે ખુશ થશો. આજ ના દિવસે તમારે દારૂ જેવી માદક વસ્તુ નું સેવન ના કરવું જોઈએ કેમકે નશાની સ્થિતિમાં તમારી કોઈ મોંઘી વસ્તુ ખોવાઈ શકે છે. પત્નીના કામોમાં હસ્તક્ષેપ તેને ક્રોધાવેશમાં લાવી શકે છે. સામસામે ગુસ્સો કરવાથી દૂર રહેવા માટે તેની પરવાનગી લો. તમે આસાનીથી સમસ્યાઓ ઉકેલી શકશો.


**વૃષભ (બ,વ,ઉ) :**

આજના દિવસે હસતા રહો કેમ કે એ તમારી તમામ સમસ્યાનું મારણ છે. જે લોકો પોતાના નજીકીઓ અથવા સંબંધીઓ જોડે ભાગીદારી માં વેપાર કરી રહ્યા છે. તેમને આજે ઘણું સોચી અને વિચારી ને પગલાં લેવા ની જરૂર છે નહીંતર આર્થિક નુકસાન થયી શકે છે. તમારા પ્રિય લોકો ખુશખુશાલ છે તથા તમારે તેમની સાથે સાંજ માટે કોઈક યોજના ઘડજો.


**મિથુન (ક,છ,ઘ) :**


આજના દિવસે જે અશક્ય છે તે વિશે બિનજરૂરી વિચાર કરીને તમારી શક્તિ વેડફતા નહીં, એના કરતાંતેનો ઉપયોગ યોગ્ય દિશામાં કરો. કેટલાક લોકો માટે પ્રવાસ દોડધામભર્યો અને તાણયુક્ત પુરવાર થશે-પણ આર્થિક રીતે વળતર આપશે. પરિવારના સભ્યો સાથે શાંતિભર્યો દિવસ માણો-લોકો જો સમસ્યાઓ સાથે તમારો સંપર્ક સાધે- તેમને અવગણો અને તેની અસર તમારા મગજ પર થવા ન દો.


**કર્ક (ડ,હ) :**

આજના દિવસે વધુ પડતી કૅલૅરી ધરાવતું ભોજન ટાળો અને તમારા વ્યાયામને ભક્તિભાવપૂર્વક વળગી રહો. ધંધામાં ઉધાર માગવાના ઈરાદે તમારો સંપર્ક કરનારાઓની અવગણના કરો. તમારૂં જિદ્દી વલણ ઘરના લોકોને તથા તમારા નિકટના મિત્રોને આહત કરશે. તમારા પ્રેમી અથવા પ્રેમિકા આજે તેમના ઘર ની સ્થિતિ ને કારણે ખૂબ ગુસ્સે દેખાઈ શકે છે.


**સિંહ (મ,ટ) :**

આજના દિવસે તમારી આશા આજે કોઈક ઉચ્ચ તથા નાજુક ખુશ્બોની જેમ તથા ભપકાદાર ફૂલની જેમ ખીલશે. વધારાનાં નાણાં રિયલ એસ્ટેટમાં રોકજો. પારિવારિક જવાબદારીઓનો ડુંગર ખડકાશે-તેના કારણે તમારા મગજ પર તાણ વધશે. અંગત માર્ગદર્શન તમારા સંબંધોને સુધારશે. ઝળહળતો અને ખડખડાટ હાસ્યથી ભરેલો દિવસ જ્યારે મોટા ભાગની ઘટનાઓ તમારી ધારણા મુજબ આકાર લેશે.


**કન્યા (પ,ઠ,ણ) :**

આજના દિવસે આનંદથી ભરેલો સારો દિવસ. જે લોકોએ લોન લીધું હતું તે લોકો ને લોન ની રાશિ ચૂકવવા માં સમસ્યાઓ આવી શકે છે. તમારી મોહિની તથા વ્યક્તિત્વ તમને નવા મિત્રો બનાવવામાં મદદ કરશે. એકવાર તમે તમારા જીવનના પ્રેમને મળશો એ પછી કોઆ બાબચની જરૂરૂ નહીં રહે. આજે તમને આ વાસ્તવિકતાની અનુભૂતિ થશે.


**તુલા (ર,ત) :**

આજના દિવસે તમારા ઉચ્ચ આત્મવિશ્વાસને આજે સારા ઉપયોગમાં લેવાનો પ્રયાસ કરો. દોડધામભર્યો દિવસ હોવા છતાં તમે તમારી શક્તિ પાછી મેળવી શકશો. કેટલાક બાકી રહેલા મુદ્દા વધુ ઘેરા બનશે તથા ખર્ચનો મુદ્દો તમારા મગજમાં ઘુમરાયા કરશે. નાના ભાઈ કે બહેન તમારી મદદ માગી શકે છે. પ્રેમમાં નિરાશા તમને નાસીપાસ કરશે.


**વૃશ્ચિક (ન,ય) :**

આજના દિવસે તમારી જાતને કોઈક રમત રમવામાં સાંકળો કેમ કે તે સનાતન યૌવનનું રહસ્ય છે. વધારાનાં નાણાં રિયલ એસ્ટેટમાં રોકજો. લાંબા સમયથી જેના સંપર્કમાં ન હો એવા લોકો તથા સંબંધોને ફરી તાજા કરવા માટે સારો દિવસ. આજે તમારો પ્રેમ સોળે કળાએ ખીલશે અને એ દેખાડશ કે તમે કેવું સુંદર કામ કર્યુ છે. તમે તમારા મનપસંદ કાર્ય ને ફ્રી ટાઈમ માં કરવા નું પસંદ કરો છો.


**ધન (ભ,ધ,ફ) :**

આજના દિવસે શારીરિક લાભ અને ખાસ કરીને માનસિક દ્રઢતા માટે ધ્યાન અને યોગ કરવાનું શરૂ કરો. આજે તમને કોઈ અજાણ્યા સ્ત્રોત્ર થી ધન લાભ થયી શકે છે જેના લીધે તમારી ઘણી આર્થિક મુશ્કેલીઓ દૂર થયી જશે. અદભુત દિવસ જ્યારે તમે ઈચ્છો છો એટલું લોકોનું ધ્યાન તમને મળશે-તમારી સામે એટલી બધી બાબતો હશે અને તમાંથી કઈ બાબત હાથ ધરવી તેની મીઠી મૂમંઝવણ તમને થશે.


**મકર (ખ,જ) :**

આજના દિવસે તમારે કેટલાક આઘાતનો સામનો કરવાની શક્યતા હોવાથી તમારે તમારી લાગણીઓને અંકુશમાં લેવાની તથા તમારા ભયથી મુક્ત થવાની તાકીદે જરૂર છે. તમારા આશાવાદી અભિગમ દ્વારા તમે આ બંનેનો સામનો કરી શકો છો. આ રાશિ ના અમુક લોકો ને પોતાના સંતાન થી આર્થિક લાભ થવા ની શક્યતા છે.


**કુંભ (ગ,શ,સ) :**

આજના દિવસે તમારૂં સ્વાસ્થ્ય અને દેખાવ સુધારવા માટેની બાબતો હાથ ધરવા માટે અઢળક સમય મળશે. નાણાં તમારા હાથમાંથી આસાનીથી સરી જવા છતાં-તમારા શુકનવંતા ગ્રહો નાણાં પ્રવાહ જાળવી રાખશે. તમારી જીભ પર કાબૂ રાખો કેમ કે તમારા શબ્દોથી તમારા વડીલોની લાગણી દુભાઈ શકે છે. બકવાસ કરીને સમય વેડફવા કરતાં શાંત રહેવું વધુ સારૂં છે.


**મીન (દ,ચ,ઝ,થ) :**

આજના દિવસે વ્યસ્ત સમયપત્રક છતાં સ્વાસ્થ્ય સારૂં રહેશે પણ તમારા જીવનને હળવાશથી લેતા નહીં, જીવનની દરકાર જ સત્ય હકીકત છે એ બાબત અનુભવજો. તમારા ઘરને લગતું રોકાણ ફાયદાકારક પુરવાર થશે. અંગત અને ગોપનીય હોય તેવી માહિતી કોઈને જણાવતા નહીં. આશ્ચર્ય પમાડનારો સંદેશ તમને સારાં સપનાં આપશે.

### ભારતે બહિષ્કાર કર્યા બાદ માલદીવની કફોડી સ્થિતિ

# પૂર્વ રાષ્ટ્રપતિએ માલદીવના લોકો વતી ભારતની માફી માગી

## ભારતીયો રજાઓ પર માલદીવ આવે અને અમારા આતિથ્યમાં કોઈ ફેરફાર નહીં થાય : મોહમ્મદ નશીદ

। માલે, તા.૯ ।

ભારતના લોકો તરફથી બહિષ્કાર કરાયા બાદ માલદીવની હાલત દયનીય બની ગઈ છે. જેના લીધે હવે તેને ભાન થવા લાગ્યું છે કે તેનાથી મોટી ભૂલ થઈ ચૂકી છે. ખરેખર માલદીવના પૂર્વ રાષ્ટ્રપતિ મોહમ્મદ નશીદે માલદીવના ભારત દ્વારા બહિષ્કારના એલાનની અસર પર ચિંતા વ્યક્ત કરી છે. ભારતની મુલાકાતે આવેલા નશીદે માલદીવના લોકો વતી માફી માંગી અને ભારતીય પ્રવાસીઓ દેશની મુલાકાત ચાલુ રાખે તેવી ઈચ્છા પર તેમણે ભાર મૂક્યો હતો. માલદીવ પર બહિષ્કારની અસરનું વર્ણન કરતાં નશીદે કહ્યું, તેનાથી માલદીવ પર માઠી અસર થઈ છે અને હું ખરેખર અહીં ભારતમાં આ મુદ્દાને લઈને ચિંતિત છું. હું કહેવા માંગુ છું કે માલદીવના લોકો તેના માટે દિલગીર છે. અમને અફસોસ છે કે આવું થયું. અમે ઈચ્છીએ છીએ કે ભારતીય લોકો તેમની રજાઓ પર માલદીવ આવે અને અમારા આતિથ્યમાં કોઈ ફેરફાર ન થાય. પૂર્વ રાષ્ટ્રપતિએ ઘટના માટે જવાબદારો સામે પગલાં ભરવા માટે વર્તમાન રાષ્ટ્રપતિ દ્વારા લેવામાં આવેલા ત્વરિત પગલાંની પણ પ્રશંસા કરી હતી. તેમણે કહ્યું કે મને લાગે છે કે આ બાબતોનો ઉકેલ લાવવો જોઈએ અને આપણે ઘણા ફેરફારો કરવા જોઈએ અને સામાન્ય સંબંધો તરફ પાછા ફરવું જોઈએ. અગાઉના પડકારો દરમિયાન ભારતના જવાબદાર અભિગમને રેખાંકિત કરતા નશીદે કહ્યું હતું કે જ્યારે માલદીવના રાષ્ટ્રપતિ ઈચ્છતા હતા.

### ભારત સરકાર સાથેના વિવાદથી માલદીવને ફટકો

# માલદીવ જતા ભારતીયોની સંખ્યામાં ૩૩ ટકાનો ઘટાડો

## ગત વર્ષે માર્ચ મહિનામાં માલદીવની મુલાકાત લેનારા પર્યટકોની સંખ્યાના મામલે ભારત બીજા સ્થાને હતું

। માલે, તા.૯ ।

માલદીવમાં ભારત વિરોધી રાષ્ટ્રપતિ મોઈજ્જૂની સરકારે ભારત સાથે છેડેલા વિવાદ બાદ ભારતીય પર્યટકોનો આ દેશથી મોહભંગ થઈ રહ્યો તેવુ આંકડા કહી રહ્યા છે. ભારતીય પર્યટકોનો માલદીવના પર્યટન ઉદ્યોગમાં ઘણો મોટો ફાળો છે પણ ભારત સાથે શરૂ થયેલા વિવાદ બાદ માલદીવ જતા ભારતીયોની સંખ્યામાં ૩૩ ટકાનો ઘટાડો થયો છે. માલદીવના પર્યટન મંત્રાલયે જાહેર કરેલા આંકડા પ્રમાણે માર્ચ ૨૦૨૩ના મુકાબલે માર્ચ-૨૦૨૪માં માલદીવ જનારા ભારતીય પર્યટકોની સંખ્યા ખાસી ઘટી ચુકી છે.

ગત વર્ષે માર્ચ મહિનામાં માલદીવની મુલાકાત લેનારા પર્યટકોની સંખ્યાના મામલે ભારત બીજા સ્થાને હતુ અને આ વર્ષે માર્ચ મહિનામાં ભારત છઠ્ઠા ક્રમે છે. આ વખતે માર્ચ મહિનામાં ૨૭૦૦૦ ભારતીય પર્યટકો માલદીવની મુલાકાત લઈ રહ્યા છે અથવા તો લેશે. તેની સામે ગત વર્ષે માર્ચ મહિનામાં ૪૧૦૦૦ ભારતીયો માલદીવ ફરવા માટે ગયા હતા. માલદીવ માટે જોકે ચીન હવે સહારો બની રહ્યુ છે. માલદીવ જતા ચીનના પ્રવાસીઓની સંખ્યામાં વધારો થઈ રહ્યો છે. માર્ચ મહિનામાં માલદીવ જનારા ચીનના લોકોની સંખ્યા ૫૪૦૦૦ રહે તેવો અંદાજ છે. મોઈજ્જૂએ ચીન સાથે પોતાની નિકટતા વધારી છે અને તેના કારણે ચીનની સરકાર પોતાના લોકોને પણ માલદીવ ફરવા જવા માટે પ્રોત્સાહન આપી રહી હોવાનુ મનાઈ રહ્યુ છે. બીજી તરફ ભારતે પણ માલદીવના વિકલ્પ તરીકે લક્ષદ્વીપ ટાપુઓને આગળ કરવા માંડ્યા છે અને તેના કારણે આગામી વર્ષોમાં લક્ષદ્વીપમાં જો પ્રવાસીઓ માટેની સુવિધાઓ વધશે તો માલદીવના વિકલ્પ તરીકે લક્ષદ્વીપ ટાપુઓ ભારતીયોના ફેવરિટ બની શકે છે. મોઈજ્જૂએ ચીન સાથે પોતાની નિકટતા વધારી છે અને તેના કારણે ચીનની સરકાર પોતાના લોકોને પણ માલદીવ ફરવા જવા માટે પ્રોત્સાહન આપી રહી હોવાનુ મનાઈ રહ્યુ છે. બીજી તરફ ભારતે પણ માલદીવના વિકલ્પ તરીકે લક્ષદ્વીપ ટાપુઓને આગળ કરવા માંડ્યા છે અને તેના કારણે આગામી વર્ષોમાં લક્ષદ્વીપમાં જો પ્રવાસીઓ માટેની સુવિધાઓ વધશે તો માલદીવના વિકલ્પ તરીકે લક્ષદ્વીપ ટાપુઓ ભારતીયોના ફેવરિટ બની શકે છે.

### રવિચંદ્રન અશ્વિનની ૧૦૦મી ટેસ્ટમાં નવ વિકેટ

# ધર્મશાલા ભારતનો ઈંગ્લેન્ડ સામે છેલ્લી ટેસ્ટમાં એક ઈનિંગ્સ અને ૬૪ રને વિજય

## ભારતની પ્રથમ ઈનિંગ્સ ૪૭૭ રનમાં સમેટાયા બાદ ઈંગ્લેન્ડ બીજી ઈનિંગ્સમાં ૧૯૫ રનમાં ઓલઆઉટ થયું, ઓપનર જેક ક્રાઉલી શૂન્ય પર આર અશ્વિનના બોલ પર આઉટ થયા








। ધર્મશાલા, તા.૯ ।

ભારતે ઈંગ્લેન્ડને હરાવી દીધું છે. પાંચમી ટેસ્ટમાં અંગ્રેજોને ઈનિંગ અને ૬૪ રને શરમજનક હારનો સામનો કરવો પડ્યો છે. પહેલી ઈનિંગમાં ૨૫૯ રનોથી પાછળ થયા બાદ બીજી ઈનિંગમાં ઈંગ્લેન્ડની ટીમ ૧૯૫ રનો પર ઓલઆઉટ થઈ ગઈ. આ રીતે ભારતે સીરીઝ ૪-૧થી જીતી લીધી છે ઈંગ્લેન્ડ માટે બીજી ઈનિંગમાં અંદાજિત જો રૂટે થોડો સંઘર્ષ કર્યો. તેમણે ૮૪ રન બનાવ્યા. તે આઉટ થનારા છેલ્લા બેટ્સમેન રહ્યા. આ સિવાય બાકીના ઈંગ્લેન્ડના ખેલાડીઓ ભારતીય બોલરોની સામે લાચાર નજરે પડ્યા. ખાસ કરીને ભારતીય ટીમના સ્પિનરો સામે ઈંગ્લેન્ડ બેટ્સમેનોનું ટકી શકવું નાકામ સાબિત થયું. ઈંગ્લેન્ડની ટીમ બીજી ઈનિંગમાં એક બાદ એક વિકેટ ગુમાવતું રહ્યું.

ઈંગ્લેન્ડ માટે બીજી ઈનિંગમાં જો રૂટે સૌથી વધુ રન બનાવ્યા. તેમણે ૮૪ રનની ઈનિંગ રમી. પરંતુ ઈંગ્લેન્ડના ટૉપ ઑર્ડર ફરી નિષ્ફળ સાબિત રહ્યા. ઓપનર જેક ક્રાઉલી શૂન્ય પર આર અશ્વિનના બોલ પર આઉટ થયા. બેન ડકેટ ૨ રન બનાવીને ચાલતા બન્યા. ઓલી પોપ ૧૯ રન બનાવીને પેવેલિયન પહોંચ્યા. જોકે, જૉની બેયરસ્ટોએ ૩૯ રનોની નાની પરંતુ સારી ઈનિંગ રમી. ઈંગ્લેડ કેપ્ટન બેન સ્ટોક્સ ૨ રન બનાવીને આઉટ થયા. બેન ફોક્સ ફરી આર અશ્વિનના બોલ પર સસ્તામાં બોલ્ડ થઈ ગયા.

ભારત માટે આર અશ્વિન બીજી ઈનિંગમાં સૌથી સફળ બોલ રહ્યા. આર અશ્વિને ૫ બેટ્સમોને આઉટ કર્યા. જસપ્રીત બુમરાહ અને કુલદીપ યાદવને ૨-૨ સફળતા મળી. રવિન્દ્ર જાડેજાએ શોએપ બશીને આઉટ કર્યો. આ રીતે ભારતે ૫ ટેસ્ટ મેચોની સીરીઝ ૪-૧થી જીતી લીધી છે.

જોકે, આ. સીરીઝની શરૂઆત ભારત માટે સારી ન રહી. પહેલી ટેસ્ટમાં ઈંગ્લેન્ડને ભારતે હરાવ્યું, પરંતુ ત્યારબાદ ટીમ ઈન્ડિયાએ શાનદાર વાપસી કરી. ભારતે વિશાખાપટ્ટનમ બાદ રાજકોટ, રાંચી અને ધર્મશાલામાં ઈંગ્લેન્ડને સરળતાથી હરાવ્યું. ભારતીય ટીમે પહેલી ઈનિંગમાં ૪૭૭ રનોનો સ્કોર બનાવ્યો. આ રીતે ભારતે ૨૫૯ રનોની મોટી લીડ મેળવી હતી. ભારત માટે રોહિત શર્મા અને શુભમન ગિલે સદી ફટકારી. રોહિત શર્માએ ૧૦૩ રન બનાવ્યા. જ્યારે શુભમન ગિલે ૧૧૦ રનની ઈનિંગ રમી. આ સિવાય દેવદત્ત પડ્ડિકલ અને સરફરાઝ ખાન ફિફટી ફટકારી. ઈંગ્લેન્ડ માટે શોએબ બશીર સૌથી સફળ બોલર રહ્યા. શોએફ બશીરે ૫ વિકેટ લીધી. જેમ્સ એન્ડરસન અને ટૉમ હૉર્ટલીએ ૧-૧ વિકેટ લીધી. બેન સ્ટોક્સે રોહિત શર્માને આઉટ કર્યો.

## અનિલ કુંબલેને પાછળ છોડી અશ્વિન ફાઈફર કિંગ, ૩૬મી વખત પાંચ વિકેટ



। ધર્મશાલા, તા.૯ ।

ભારતીય ક્રિકેટ ટીમના સ્ટાર સ્પિનર રવિચંદ્રન અશ્વિને ઈંગ્લેન્ડ સામે રમાઈ રહેલી પાંચમી ટેસ્ટ મેચની બીજી ઈનિંગમાં ૫ વિકેટ ઝડપી લીધી છે. તેણે ધર્મશાલામાં બેન ફોકસને આઉટ કરી પોતાની ૫ વિકેટ હોલ પૂરી કરી અને એક મોટો રેકોર્ડ પોતાના નામે કર્યો હતો. તે પૂર્વ ભારતીય દિગ્ગજ સ્પિનર અનિલ કુંબલેને પાછળ છોડી ભારતનો 'ફાઈફર કિંગ' બની ગયો છે. અશ્વિન હવે ભારત માટે ટેસ્ટ ક્રિકેટમાં સૌથી વધુ ૫ વિકેટ લેનાર બોલર બની ગયો છે. આ તેનો ૩૬મો ફાઈફર હતો. જયારે કુંબલેએ તેના કરિયરમાં ૧૩૫ ટેસ્ટ મેચમાં ૩૫ વખત ૫ વિકેટ લીધી છે. ટેસ્ટ ક્રિકેટમાં સૌથી વધુ ૫ વિકેટ લેવાનો રેકોર્ડ શ્રીલંકાના પૂર્વ દિગ્ગજ સ્પિનર મુથૈયા મુરલીધરનના નામે છે. તેણે ૧૩૩ ટેસ્ટ મેચમાં ૬૭ વખત ૫ વિકેટ લેવાની કમાલ કરી છે. આ ઉપરાંત અશ્વિને આ ૫ વિકેટ પોતાની ૧૦૦મી ટેસ્ટ મેચમાં લીધી છે. તે ૧૦૦મી ટેસ્ટ મેચમાં ૫ વિકેટ લેનાર ચોથો બોલર બની ગયો છે. તેના પહેલા મુથૈયા મુરલીધરન, શેન વોર્ન અને અનિલ કુંબલેએ આ કમાલ કરી હતી.

## ટેસ્ટમાં ૭૦૦ થી વધુ વિકેટ લેનારો એન્ડરસન વિશ્વનો પ્રથમ પેસ બોલર



। ધર્મશાલા, તા.૯ ।

ઈંગ્લેન્ડના સૌથી અનુભવી ફાસ્ટ બોલર જેમ્સ એન્ડરસને ભારત સામે રમાઈ રહેલી પાંચમી ટેસ્ટ મેચમાં કુલદીપ યાદવની વિકેટ લઈને ઈતિહાસ રચી દીધો છે. કુલદીપ યાદવના રૂપમાં તેણે પોતાના ટેસ્ટ કરિયરની ૭૦૦મી વિકેટ લીધી હતી.

આ સાથે જ એન્ડરસન ટેસ્ટ ક્રિકેટમાં ૭૦૦ વિકેટના આંકડાને સ્પર્શનાર પ્રથમ ફાસ્ટ બોલર અને વિશ્વનો ત્રીજો ખેલાડી બની ગયો છે. એન્ડરસન પહેલા મુથૈયા મુરલીધરન અને શેન વોર્ને ટેસ્ટ ક્રિકેટમાં આ કમાલ કરી હતી. એન્ડરસનને આ સિદ્ધિ મેળવવા માટે ૧૮૭ મેચોની ૩૪૮ ઈનિંગ્સનો સમય લાગ્યો હતો. ટેસ્ટ ક્રિકેટમાં ફાસ્ટ બોલર તરીકે સૌથી વધુ બોલ ફેંકવાનો વર્લ્ડ રેકોર્ડ પણ એન્ડરસનના નામે છે. તેના ૨૧ વર્ષના લાંબી ટેસ્ટ કરિયરમાં તેણે અત્યાર સુધીમાં લગભગ ૪૦ હજાર બોલ ફેંક્યા છે.

## મહિલા પ્રિમિયર લિગમાં દીપ્તી શર્માએ પ્રથમ હેટ્રિક લીધી

। નવી દિલ્હી, તા.૯ ।

ડબલ્યુપીએલ ૨૦૨૪માં ગઈકાલે દિલ્હીના અરુણ જેટલી સ્ટેડિયમમાં યુપી વોરિયર્સ અને દિલ્હી કેપિટલ્સ વચ્ચે મેચ રમાઈ હતી. આ મેચમાં સ્ટાર ઓલરાઉન્ડર દીપ્તિ શર્માના પ્રદર્શનના આધારે યુપી વોરિયર્સે દિલ્હી કેપિટલ્સ સામે એક રનથી રોમાંચક વિજય નોંધાવ્યો હતો. દીપ્તિ શર્માએ પ્રથમ બેટિંગ કરતા ૫૯ રનની ઈનિંગ રમી હતી. આ પછી, તેણે બોલિંગમાં તેની કુશળતા બતાવી અને મહિલા પ્રીમિયર લીગમાં હેટ્રિક લઈને ઈતિહાસ રચી દીધો હતો. દીપ્તિ શર્મા મહિલા પ્રીમિયર લીગમાં હેટ્રિક લેનારી પ્રથમ ભારતીય ખેલાડી બની હતી. આ સિવાય દીપ્તિ શર્મા ટી૨૦ મેચમાં ફિફટી ફટકારનારી અને હેટ્રિક લેનારી પ્રથમ મહિલા ખેલાડી છે. યુપી વોરિયર્સે પ્રથમ બેટિંગ કરતા ૨૦ઓવરમાં ૮ વિકેટના નુકસાન પર ૧૩૮ રન બનાવ્યા હતા અને દિલ્હી કેપિટલ્સને જીતવા માટે ૧૩૯ રનનો ટાર્ગેટ આપ્યો હતો. જવાબમાં દિલ્હી કેપિટલ્સ માત્ર ૧૩૭ રન બનાવી શકી હતી. દીપ્તિએ યુપી વોરિયર્સ માટે બે સ્પેલમાં હેટ્રિક પૂરી કરી હતી. દીપ્તિએ પ્રથમ કેપિટલ્સની કેપ્ટન મેગ લેનિંગને ૧૪મી ઓવરના છેલ્લા બોલ પર ૬૦ રન પર આઉટ કરી. આ પછી તેણે ૧૯મી ઓવરના ૫હેલા બે બોલ પર એનાબેલ સધરલેન્ડ (૦૬) અને પછીના બોલ પર અરુંધતિ રેડ્ડીને આઉટ કરીને પોતાની હેટ્રિક પૂરી કરી હતી. જો કે શિખા પાંડેએ તેના આગલા બોલ પર ચોગ્ગો ફટકાર્યો, પરંતુ તે જ ઓવરના ચોથા બોલ પર દીપ્તિએ શિખાને પેવેલિયન પરત કરી હતી. દીપ્તિ શર્માએ તેની ચાર ઓવરમાં ૧૯ રન આપીને ચાર વિકેટ લીધી હતી. ગયા વર્ષે, મુંબઈ ઈન્ડિયન્સની ઈસ્સી વોંગે ડબલ્યુપીએલમાં હેટ્રિક લઈને ઈતિહાસ રચ્યો હતો અને ઈન્ડિયન પ્રીમિયર લીગમાં હેટ્રિક લેનારી દીપ્તિ તેના પછી બીજી બોલર છે. મેચની વાત કરીએ તો યુપી વોરિયર્સે ટોસ જીતીને પહેલા બેટિંગ કરવાનો નિર્ણય લીધો હતો, પરંતુ કેપ્ટનનો આ નિર્ણય ખોટો સાબિત થયો. પરંતુ દીપ્તિએ એક છેડો પકડી રાખ્યો અને ૪૮ બોલમાં ૬ ચોગ્ગા અને ૧ છગ્ગાની મદદથી ૫૯ રનની ઈનિંગ રમી હતી. તેના સિવાય કેપ્ટન એલિસા હીલીએ યુપી માટે ૨૯ રનની ઈનિંગ રમી હતી. જેના જવાબમાં દિલ્હી કેપિટલ્સની શરૂઆત ખરાબ રહી હતી પરંતુ આ પછી મેગ લેનિંગે શાનદાર ઈનિંગ રમી અને ટીમને જીત તરફ લઈ જતી જોવા મળી હતી. દિલ્હીને ૧૭.૧ ઓવરમાં ૧૧૨ના સ્કોર પર ચોથો ઝટકો લાગ્યો હતો અને ટીમ આસાનીથી મેચ જીતવા તરફ આગળ વધી રહી હતી, પરંતુ આ પછી દિલ્હીની ટીમ વિખેરાઈ ગઈ અને ટીમને એક રનથી મેચમાં શરમજનક હાર મળી હતી.

**વિશેષ**

### વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીની કન્યા કેળવણીની અને દીકરીઓના પોષણની નેમ પાર પાડવા તેમજ રાજ્યમાં વિજ્ઞાન પ્રવાહના શિક્ષણને પ્રોત્સાહન આપવા માટેની બે ઐતિહાસિક યોજનાઓનો પ્રારંભ કરાવતા મુખ્યમંત્રીશ્રી

# રાજ્યના ગરીબ અને મધ્યમ વર્ગના પરિવારોની દીકરીના શિક્ષણની ચિંતા ડબલ એન્જીન સરકાર કરશે - મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલ

## ધોરણ ૯ થી ૧૨માં અભ્યાસ કરતી કન્યાઓને ચાર વર્ષમાં કુલ રૂ. ૫૦,૦૦૦ આર્થિક સહાય આપવાની 'નમો લક્ષ્મી' યોજના






મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે રાજ્યમાં ધોરણ ૯ થી ૧૨માં અભ્યાસ કરતી કન્યાઓને ચાર વર્ષમાં કુલ રૂ. ૫૦,૦૦૦ આર્થિક સહાય આપવાની 'નમો લક્ષ્મી' યોજના તથા ધોરણ ૧૧-૧૨ સાયન્સમાં અભ્યાસ કરતા વિદ્યાર્થી અને વિદ્યાર્થીનીઓને બે વર્ષમાં કુલ રૂ. ૨૫,૦૦૦ આર્થિક સહાય આપવાની 'નમો સરસ્વતી વિજ્ઞાન સાધના' યોજનાનો શુભારંભ કરાવ્યો હતો. રાજ્યની દિકરીઓને માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ મેળવાવા પ્રોત્સાહિત કરવા સાથે તેમના પોષણની ચિંતા કરીને વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીની કન્યા કેળવણીની નેમ પાર પાડવા તેમજ રાજ્યમાં વિજ્ઞાન પ્રવાહના શિક્ષણને પ્રોત્સાહન આપવા માટે આ બે ઐતિહાસિક યોજનાઓ આ વર્ષથી શરુ કરવામાં આવી છે. મુખ્યમંત્રીશ્રીએ અમદાવાદની જ્ઞાનદા હાઈસ્કુલથી તેનો રાજ્યવ્યાપી પ્રારંભ કરાવ્યો હતો. રાજ્યભરની ૩૫ હજાર જેટલી પ્રાથમિક-માધ્યમિક શાળાના વિદ્યાર્થીઓ-શિક્ષકો આ કાર્યક્રમમાં ઓનલાઈન જોડાયા હતાં. મુખ્યમંત્રીશ્રીએ આ અવસરે વડાપ્રધાનશ્રીનો શુભેચ્છા સંદેશ વાંચી સંભળાવ્યો હતો. મુખ્યમંત્રીશ્રીએ આ પ્રસંગે જણાવ્યું કે, ગુજરાતની નારીશક્તિ અને યુવાશક્તિને જ્ઞાનવર્ધન માટે, માધ્યમિક શિક્ષણ મેળવવા સાથે પોષણ દ્વારા સશક્ત કરવાનો અવસર આ બે યોજનાઓના લોન્ચિંગથી આવ્યો છે. રાજ્યના મધ્યમ અને ગરીબ વર્ગના પરિવારોના સંતાનોની શિક્ષણની ચિંતા ડબલ એન્જીન સરકાર કરશે. શ્રી ભૂપેન્દ્ર પટેલે 'નમો લક્ષ્મી યોજના'ની ભૂમિકા સ્પષ્ટ કરતા જણાવ્યું કે, ધોરણ ૯ થી ૧૨ માં ઉચ્ચતર માધ્યમિક શાળામાં કન્યાઓ પ્રવેશ મેળવે, સાથે-સાથે તેમને પોષણ મળે તે માટે આ યોજનાની શરૂઆત કરી છે. સરકારી, અનુદાનિત અને ખાનગી શાળાઓમાં ધોરણ ૯ થી ૧૨ સુધીનો અભ્યાસ કરતી દીકરીઓને શિક્ષણ અને પોષણ એમ બંને માટેની સહાય આ યોજનાથી મળશે. મુખ્યમંત્રીશ્રી નમો લક્ષ્મી યોજના વિશે તેમણે વધુમાં જણાવ્યું કે, ધોરણ ૯ અને ૧૦માં ૧૦ મહિના સુધી માસિક રૂપીયા ૫૦૦-૫૦૦ પ્રતિ વર્ષ મળશે, બાકીના રૂપીયા ૧૦ હજાર ધોરણ ૧૦ની બોર્ડની પરીક્ષા પાસ કરવાથી મળશે. ધોરણ ૧૧ અને ૧૨માં ૧૦ મહિના સુધી માસિક રૂપીયા ૭૫૦-૭૫૦ પ્રતિ વર્ષ મળશે, બાકીના રૂપીયા ૧૫ હજાર ધોરણ ૧૨ની બોર્ડની પરીક્ષા પાસ કરવાથી મળશે. મુખ્યમંત્રીશ્રીએ નમો સરસ્વતી વિદ્યા અને સાધના યોજના અંગે કહ્યું કે, રાજ્યના દીકરા દીકરીઓ વિજ્ઞાન પ્રવાહમાં ભણવા માટે પ્રોત્સાહિત થાય સાયન્સ સ્ટ્રીમમાં આગળ વધે તેવો હેતુ આ યોજના શરૂ કરવા પાછળ છે. મુખ્યમંત્રી શ્રી આ યોજનાની ભૂમિકા આપતા જણાવ્યું કે, આ યોજનામાં ધોરણ ૧૧ અને ૧૨ સાયન્સમાં ૧૦ મહિના સુધી માસિક રૂપીયા ૧૦૦૦ પ્રતિ વર્ષ, એમ કુલ રૂપીયા ૨૦ હજાર મળશે, બાકીના રૂપીયા પાંચ હજાર ધોરણ ૧૨ સાયન્સની બોર્ડની પરીક્ષા પાસ કરવાથી મળશે અત્રે ઉલ્લેખનીય છે કે, ધોરણ ૯, ૧૦માં અને સાયન્સ, કોમર્સ, આર્ટ્સના ધો. ૧૧, ૧૨માં અભ્યાસ કરતી દિકરીઓને 'નમો લક્ષ્મી યોજના'નો લાભ મળશે. તેમજ ધો. ૧૨,૧૨ સાયન્સમાં અભ્યાસ કરતા વિદ્યાર્થી અને વિદ્યાર્થિનીઓને નમો સરસ્વતી વિજ્ઞાન સાધના યોજનાનો લાભ મળશે. આ સંદર્ભમાં મુખ્યમંત્રીશ્રીએ જણાવ્યું હતું કે, ધોરણ ૧૧-૧૨ સાયન્સમાં અભ્યાસ કરતી દીકરીઓને નમો લક્ષ્મી અને નમો સરસ્વતી વિજ્ઞાન સાધના આ બન્ને યોજનાનો

# કલમ-૧૫૪(સી) હેઠળ કરદાતાને રાહત આપવાનો હાઈકોર્ટનો ઈનકાર

। (એજન્સી) અમદાવાદ, તા.૯ ।

ઈન્કમટેક્સ એકટ-૧૯૬૧ની કલમ-૧૫૩(સી)ની કાયદેસરતાને પડકારતી ઢગલાબંધ રિટ અરજીઓમાં ગુજરાત હાઈકોર્ટે અરજદાર કરદાતાઓને કોઈપણ પ્રકારની રાહત આપવાનો કે આઈટી ડિપાર્ટમેન્ટની નોટિસ મુદ્દે દરમ્યાનગીરી કરવાનો સાફ ઈનકાર કરી દીધો હતો. જો કે, હાઈકોર્ટે એસેસમેન્ટ પ્રોસીડીંગ્સ દરમ્યાન તમામ વાંધાઓ અને રજૂઆત ઉઠાવવા હાઈકોર્ટે અરજદાર કરદાતાઓને પરવાનગી આપી હતી પ રંતુ આઈટી ડિપાર્ટેન્ટની નોટિસને ગેરકાયદે અને રદબાતલ ઠરાવવાની માંગણી ફગાવી દીધી હતી. હાઈકોર્ટ તરફથી કોઈ રાહત નહી મળતાં અરજદાર કરદાતાઓ આ હુકમ સામે સુપ્રીમકોર્ટમાં જવું હોઈ ત્યાં સુધી ચાર સપ્તાહ માટે હુકમ સ્થગિત કરવાની અરજદાર કરદાતાઓની માંગણી પણ ચીફ જસ્ટિસ



સુનિતા અગ્રવાલ અને જસ્ટિસ અનિરૃધ્ધા માયીની ખંડપીઠે ફગાવી દીધી હતી. વર્ષ ૨૦૧૪-૧૫ના આકારણી વર્ષ માટે ઈક્રમટેક્સ ડિપાર્ટમેન્ટ તરફથી આઈટી એકટ-૧૯૬૧ હેઠળ વિવિધ નોટિસો અને હુકમો કરદાતાઓને જારી કરવામાં આવ્યા હતા, જેની કાયદેસરતાને પડકારતી ઢગલાબંધ રિટ અરજીઓ ગુજરાત હાઈકોર્ટ સમક્ષ થઇ હતી. જેમાં એવો મુદ્દો ઉઠાવવામાં આવ્યો હતો કે, જે વ્યકિતના ત્યાં સર્ચ કરાયું તે અને અરજદારના સંબંધિત નિવેદન અરજદારોને પૂરા પાડવામાં આવ્યા નથી અને તેથી કલમ-૧૪૨ હેઠળની નોટિસ જારી કરવાની સમગ્ર પ્રોસીડીંગ્સ જ રદબાતલ ઠરે છે. ઓકટોબર-૨૦૧૯માં અરજદારો વિરૃધ્ધ હાથ ધરાયેલ સર્ચ દરમ્યાન કોઈ ગુનાહીત સામગ્રી કે મટીરીયલ્સ મળી આવ્યું નથી. કોઈપણ પ્રકારનું મટીરીયલ્સ મળ્યા વિના આકારણી અધિકારી દ્વારા અરજદારો વિરૃધ્ધ પાયાવિહોણા આક્ષેપ કરાયા છે. સર્ચ દરમ્યાન જે મટીરીયલ્સ અરજદારોનું નહી હોવાછતાં ડિપાર્ટમેન્ટ યેનકેન પ્રકારે તેઓને તેમાં સંડોવવા માંગે છે. આમ, આઈટી ડિપાર્ટમેન્ટની કાર્યવાહી મનસ્વી, ગેરકાયદે અને અયોગ્ય હોઈ રદ ઠરાવવી જોઈએ અને તેઓને કલમ-૧૫૩(સી) હેઠળની કાર્યવાહી કરતાં અટકાવવા જોઈએ.

## ન્યૂઝ બ્રિફ

### વિરમગામ બાયપાસ રોડ પર ગોડાઉનમાં ભીષણ આગ લાગી

। (એજન્સી) વિરમગામ, તા.૯ ।

અમદાવાદના વિરમગામ નજીક એક ગોડાઉનમાં આગ લાગવાની ઘટના સર્જાઈ હતી. વિરમગામ બાયપાસ રોડ પર આગને પગલે ફાયરની ટીમો સ્થળ પર પહોંચીહતી પરંતુ ભીષણ આગને કાબૂમાં લેવી મુશ્કેલી બની છે. દૂરથી આગના ગોટેગોટા જોવા મળી રહ્યા છે. ફાયરની ટીમો પહોંચે એ પહેલા જ આગે વિકરાળ સ્વરુપ ધારણ કરી લીધું હતું. અમદાવાદના વિરમગામ બાયપાસ રોડ પર આગની ઘટના નોંધાઈ છે. ભંગારના ગોડાઉનમાં અચાનક જ આગ પ્રસરવાને લઈ ગોટે ગોટા આકાશમાં છવાઈ ગયા છે. વિકરાળને કાબૂમાં લેવા માટે ફાયરની ટીમો સ્થળ પર પહોંચી હતી અને પાણીનો મારો શરુ કરીને આગને કાબૂમાં લેવા માટે પ્રયાસ શરુ કરવામાં આવ્યો હતો. બહુચરાજી જવાના માર્ગ પર બાયપાસ રોડ પર આવેલા ભંગારના ગોડાઉનમાં આગ લાગી હતી.

### ડીજેના સ્પીકરમાં સંતાડીને દારૃ વેચતો બૂટલેગર ઝડપાયો

। (એજન્સી) વડોદરા, તા.૯ ।

ફતેગંજમાં બુટલેગરોએ દારૃની હેરાફેરી માટે નવી મોડસ ઓપરેન્ડીસ અજમાવી છે પરંતુ પોલીસની નજરમાં બચી શક્યા ન હતા. વડોદરા ક્રાઈમ બ્રાન્ચ ને બાતમી મળી હતી કે કેટલાક બુટલેગરો દ્વારા હ્વન્નના સ્પીકરમાં દારૃ છુપાવીને હેરાફેરી કરવામાં આવી રહી છે. ત્યારબાદ ટીમ દ્વારા આ મામલે વધુ તપાસ હાથ ધરવામાં આવી અને ચોક્કસ સુત્રોએ આપેલી બાતમીને આધારે ફતેગંજ વિસ્તારમાં DJ સંચાલક પ્રદિપ ઉર્ફે પિન્ટુના ઘરે પહોંચી હતી. અહી હ્વન્નના સ્પીકરમાં તપાસ કરવામાં આવતા દારૃનો જથ્થો મળી આવ્યો હતો. બુટલેગરના નવા કિમિયાને જોઇ પોલીસ પણ ચોકી ગઈ હતી. સ્પીકર ખોલાવતાં પોલીસને અંદરથી વિદેશી દારૃની અલગ અલગ બ્રાન્ડની બોટલ્સ મળી આવી હતી. એક પછી એક ડીજેના સ્પીકર ખુલતા ગયા તેમ તેમ પોલીસને દારૃની બોટલો મળતી ગઈ. પોલીસે મામલાને ગંભીરતાથી લઈ અને ઘરની તપાસ શરૃ કરી હતી. જેમાં પીન્ટુ ગવલીના ઘરમાં એક ભોંયરૃ પણ મળી આવ્યું હતું. પોલીસે ભોંયરાની તપાસ કરતાં તેમાં છુપાવવામાં આવેલો દારૃનો જથ્થો મળી આવ્યો હતો. પોલીસે બુટલેગર પીન્ટુને ત્યાથી કુલ રૃ.૬.૩૬ લાખનો દારૃનો જથ્થો જપ્ત કરી ગુનો દાખલ કર્યો છે. પ્રાથમિક તપાસમાં પિન્ટુને દારૃના ધંધામાં પવન, રવિ અને મહિડા નામના શખ્સો મદદરૃપ બનતા હોવાનું ખુલ્યુ છે.

## શીલજ તળાવના સંદર્ભે મ્યુનિ.ને કોર્ટની નોટિસ



। અમદાવાદ, તા.૯ ।

અમદાવાદ શહેરમાં આવેલ શીલજ તળાવને લઈને થયેલી જાહેર હિતની અરજીની સુનાવણી ચીફ જજ સુનિતા અગરવાલ અને જજ અનિરૃદ્ધ માયીની બેન્ચે અમદાવાદ મ્યુનિસિપલ કમિશ્નરને નોટિસ પ ાઠવી છે. અરજદારના વકીલે રિટ અરજામાં જણાવ્યું હતું કે, અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન તળાવનું કોમર્શિયલાઈઝેશન કરવા માગે છે. પરંતુ અરજદાર તળાવની ઈકો સિસ્ટમ બચાવવા માગે છે. તળાવને કુદરતી જગ્યા જ રહેવા દેવી જોઈએ. તેને વસ્ત્રાપુર તળાવની જેમ વિકસિત કરવું જોઈએ નહીં. અહીં ઘણા પ્રકારના પ્રાણીઓ રહે છે. સીઝનમાં યાયાવર પક્ષીઓ પણ આવતા હોય છે. ત્યારે આ પ્રાણીઓ સરળતાથી તળાવમાં પ્રવેશી શકે અને બહાર નીકળી શકે તે માટે પાથ બનાવવો જોઈએ.તળાવ ફરતે રસ્તાઓ કોંક્રિટના બનાવવા જોઈએ નહીં. તેની ઉપર વોકિંગ ટ્રેક ચોક્કસ બનાવી શકાય. ચરાઉ પ્રાણીઓ માટે પણ આવવા જવાની સુવિધા હોવી જોઈએ. તળાવની પાસે બોટનિકલ ગાર્ડન બનાવવું જોઈએ. તળાવનું પાણી ક્યાંય જાય નહીં, તેમજ ગંદુ પાણી તળાવમાં આવે નહીં તેવી રચના કરવી જોઈએ. તળાવની આસપાસ વસ્ત્રાપુર તળાવની જેમ ખાણીપીણીનો ધંધો ઊભો કરવાની પરવાનગીઓ આપીને કચરો થવા દેવો જોઈએ નહીં. શહેરી વિસ્તારમાં એક સરસ પર્યાવરણીય સંકુલ હોવું જોઈએ. આ ઈકો સિસ્ટમને આવનારી પેઢી માટે પણ જાળવવી ખૂબ જરૃરી છે. અરજદારે કોર્ટને જણાવ્યું હતું કે, શીલજ તળાવ એક બર્ડ કોરિડોર હતું. જેમાં મોર, પોપટ, બગલા અને અન્ય યાયાવર પક્ષીઓ સાથે કુલ ૯૦ પ્રકારના પ ક્ષીઓ આવતા હતા. અનેક પ્રકારના સાપ રહેતા હતા. અહીં શાહુડી, કાચબા, નીલગાય, નોળિયા અને ઘાસ ચારતા પ્રાણીઓ પણ તળાવ પરિસરમાં રહેતા હતા. જોકે, અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા શીલજ તળાવના રિનોવેશનની કામગીરી હાથ ધરવામાં આવી છે. જેમાં તળાવ ફરતે કોક્રિંટની દીવાલ, વોકિંગ ટ્રેક, આયુર્વેદિક સેન્ટર, સ્મશાન વગેરેનો સમાવેશ થાય છે. વિકાસની આ લ્હાયમાં તળાવની આસપાસના ઝાડ કાપવામાં આવી રહ્યા છે.

### લૂંટને અંજામ આપવા દંપતિએ રેકી કરી

## મણિનગરમાં હથિયારો સાથે જવેલર્સ લૂંટ કરનાર ટોળકીમાંથી 3 શખસો પકડાયા

### ગુજરાત કોંગ્રેસ ઉમેદવારોના નામની પસંદગીમાં અટવાઈ

। (એજન્સી) અમદાવાદ, તા.૦૯ ।

શહેરના મણિનગર ભૈરવનાથ ચાર રસ્તા પાસે આવેલા જય ભવાની જવેલર્સ નામની દુકાનમાં રીવોલ્વર અને છરી બતાવી સોની સાથે ઝપાઝપી કરી મોબાઈલ અને દાગીના મળી ૧૧.૬૩ લાખી લૂંટ કરવામાં આવી હતી. ગુનાનો ભેદ સીસીટીવી આધારે ક્રાઈમ બ્રાંચે ઉકેલી નાખ્યો હતો આ કેસમાં લૂંટ કરનાર ટોળકીમાંથી ૩ શખસોને પકડી પાડ્યા હતા અને વાહનો અને હથિયાર મળી કુલ ૨.૫૩ લાખનો મુદ્દામાલ કબ્જે કર્યો હતો. મહત્વની વાત તો એ છે કે, શહેરમાં ગુના બને છે પરંતુ તેના આરોપી પકડાય છે પરંતુ લૂંટેલો અને ચોરેલો મુદ્દામાલ મેળવવામાં મોટા ભાગે પોલીસ નિષ્ફળ જતી હોય છે. આ વખતે પણ ક્રાઈમ બ્રાંચ સાડા અગીયાર લાખમાંથી ફક્ત દોઢ લાખ આસપાસ મુદ્દામાલ કબ્જે કરી શકી છે.

શહેરના મણિનગર ભૈરવનાથ ચાર રસ્તા પાસે આવેલા જય ભવાની જવેલર્સમાં ગત ફેબ્રુઆરીમાં મહિનામાં લૂંટની ઘટના બની હતી. લૂંટારુઓ રિવોલ્વર અને છરી બતાવીને સાડા અગીયાર લાખની મત્તા લૂંટીને ભાગી ગયા હતા. આ અંગે મણિનગર પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી હતી જેમાં સીસીટીવી આધારે ક્રાઈમ બ્રાંચે તપાસ હાથ ધરી હતી. વાસણા સોરાઈનગર પાસે આવેલા ખુલ્લા પ્લોટમાં બાવળની ઝાડી પાસે ત્રણ લૂંટારુ સંતાયા હોવાની માહિતી ક્રાઈમ બ્રાંચને મળી હતી. જેથી ક્રાઈમ બ્રાંચે રાજસ્થાનના બલવીરસિંગ લક્ષ્મણસિંગ રાજપુત, સુમેરસિંગ ઢગલસિગં રાવત અને કુંદન અર્જુનસિંગ રાવતને પકડી પાડ્યા હતા. તેઓ પાસેથી લૂંટેલા દાગીનામાંથી અમુક સામાન મળી આવ્યો હતો. લૂંટમાં વપરાયેલા બે વાહનો અને પિસ્ટલ અને કારતુસ સહિતનો મુદ્દામાલ પોલીસે કબ્જે કર્યો છે.

આરોપીઓની મોડસ ઓપરેન્ડી અંગે ક્રાઈમ બ્રાંચે જણાવ્યું હતું કે, મુખ્ય આરોપી ગીરધારીસિંગ રાવત રામોલ વિસ્તારમાં તેની પત્ની સાથે રહેતો હતો. લૂંટ કરવા માટે તેના ઘર નજીક રુમો ભાડે રાખતો હતો. સાથે કન્સ્ટ્રકશન સાઈડોના કામ રાખી કડીયાકામ કરતા રાજસ્થાનના લોકોના સંપર્કમાં આવતો હતો. રાવત રાજપુત હોય તો તેમને ગેંગમાં સામેલ કરતો હતો. ગીરધારીસિંગ અને તેની પત્ની પૂજાદેવીએ સાથે જઈ મણિનગરની જવેલર્સની દુકાનમાં જઈ રેકી કરી લૂંટનુ કાવતરુ રચ્યું હતું. ગીરધારીએ રિવોલ્વર, છરો અને કારતુસની વ્યવસ્થા કરી હતી અને આરોપીઓને આપ્યા હતા. લૂંટ કર્યા બદા પકડાઈ ન જવાય તે માટે આરોપીઓએ નિકોલ અને અમરાઈવાડી વિસ્તારમાંથી વાહનની ચોરી કરી હતી અને તે જ વાહનો લૂંટમાં વપરાયા હતા. લૂંટ બાદ આરોપીઓ રામોલ ગયા હતા અને લૂંટના માલનો ભાગ પાડ્યો હતો. આ અંગે ક્રાઈમ બ્રાંચે વધુ તપાસ હાથ ધરી છે પરંતુ આરોપીઓ પાસેથી વધુ મુદ્દામાલ પોલીસ કબ્જે કરી શકી ન હતી.

### મોટી સંખ્યામાં ભક્તોએ દિવેટમાં ઘીની આહુતિ આપી

## બેરણામાં વિશાળ શિવ પ્રતિમા સમક્ષ સવા મણ રુના દિવાની જ્યોત પ્રગટાવાઈ

### ધારાસભ્ય વી.ડી.ઝાલા અને યજમાનો ના હસ્તે પૂજન અર્ચન કરીને દિવેટ પ્રગટાવવામાં આવી

। (એજન્સી) હિંમતનગર, તા.૯ ।

સાબરકાંઠા જિલ્લાના હિંમતનગરના બેરણામાં કંટાળેશ્વર હનુમાનજી મંદિરે આજે સહસ્ત્રલિંગ ૫૧ ફૂટ શિવજીની પ્રતિમા આગળ ૨૦ માં વર્ષે સવા મણ રૃ ની દિવેટ વિશ્વ શાંતિ માટે પ્રગટાવવામાં આવી હતી. જેમાં મોટી સંખ્યામાં ભક્તોએ દિવેટમાં ઘી ની આહુતિ આપી દર્શન કરીને ધન્યતા અનુભવી હતી. બેરણામાં આવેલ કંટાળેશ્વર હનુમાનજી મંદિરના પ્રાંગણમાં મહાશિવરાત્રીને શુક્રવારે સવારે ૧૦૦૮ લિગ વાળી સહસ્ત્રલિંગ શિવજીની ૫૧ ફૂટ ઉંચી પ્રતિમા આગળ સવા મણ રૃ ની દિવેટ બનાવવામાં આવી હતી. આ દિવેટનું હિંમતનગરના ધારાસભ્ય વી.ડી. ઝાલા અને યજમાનો ના હસ્તે પૂજન અર્ચન કરીને દિવેટ પ્રગટાવવામાં આવી હતી. ત્યારબાદ સૌ ભક્તો રૃ ની દિવેટમાં ઘીની આહુતિ આપી હતી. બેરણા ગામમાં કંટાળેશ્વર હનુમાનજી મંદિરમાં છેલ્લા ૨૦ વર્ષથી રૃ ની દિવેટ યજમાનોના હસ્તે દર શિવરાત્રીએ પ્રગટાવવામાં આવે છે જે રૃ ની દિવેટ માં દિવસ દરમિયાન બેરણા સહીત ગુજરાત ભરમાંથી મોટી સંખ્યામાં ભક્તો આવે છે અને દિવેટ માં ઘીની આહુતિ આપવામાં આવે છે જેને લઈને ૧૫ કિલો ઘી વપરાય છે. ૫૧ ફૂટ ઉંચી સહસ્ત્રલિંગ શિવજીની પ્રતિમા આગળ દિવેટ પ્રગટાવી ભગવાન શિવને વિશ્વ શાંતિ માટે પ્રાર્થના કરવામાં આવે છે. બેરણામાં કંટાળેશ્વર હનુમાનજી મંદિરે મહાશિવરાત્રીએ આવતા ભક્તો પણ આ સ્થળે આવીને દિવેટમાં ઘી ની આહુતિ આપીને ધન્યતા અનુભવે છે.

## મેટ્રોને થલતેજથી મણિપુર સુધી જોડવાની કવાયત હાથ ધરાઈ

। (એજન્સી) અમદાવાદ, તા.૯ ।

અમદાવાદના ક્રીમ એરિયા મનાતા બોપલ, ઘુમા, શેલા અને મણિપ ુર વિસ્તારમાં ખૂટતી કડી હોય તો તે મેટ્રોની છે. આ ક્રીમ એરિયાને મેટ્રો સાથે જોડી દેવાય તો તેને વધુ ચાર ચાંદ લાગી જાય તેમ છે. આને ધ્યાનમાં રાખીને અમદાવાદ મેટ્રોના અધિકારીઓએ થલતેજથી વાયા શીલજ થઈને મણિપુરને મેટ્રો સુધી જોડવાની કવાયત હાથ ધરી છે. જ્યારે થલતેજથી બીજી લાઈન વૈષ્ણોદેવી, મોટેરા થઈ ચાંદખેડાને જોડશે. આ પ્રોજેક્ટ જો નિયત આયોજન મુજબ પૂરો થાય તો મેટ્રોની દૈનિક રાઈડરશિપ વીસ લાખને આંબી જાય તેમ માનવામાં આવે છે. હાલમાં મેટ્રોની દૈનિક રાઈડરશિપ એક લાખની નજીક પહોંચી ગઈ છે. ગુજરાત મેટ્રો રેલ કોર્પોરેશન તેની વિસ્તરણ યોજનાઓને ફરી શરૃ કરી રહ્યું છે, થલતેજથી મણિપુર અને શિલાજથી મોટેરાને વૈષ્ણોદેવી અને ચાંદખેડા થઈને જોડવાનો છે . આ સીમલેસ નેટવર્ક આગામી ઈન્ફ્રાસ્ટ્રક્ચર પ્રોજેક્ટ્સને એકીકૃત કરશે, જે શહેરની ઓલિમ્પિક આકાંક્ષાઓ માટે નિર્ણાયક છે. રાજ્ય સરકાર અને જીએમઆરસીના સૂત્રોએ જણાવ્યું હતું કે પૂર્વ-પશ્ચિમ કોરિડોર જે થલતેજ ગામે પૂરો થાય છે તે શીલજ ચાર રસ્તા થઈને મણિપુર સુધી લંબાવવામાં આવશે. આ જ રીતે, એસપી રિંગ રોડ પર શીલજ ચોકડીથી મેટ્રોની વધુ એક લાઈન શરૃ કરીને મોટેરાને વૈષ્ણોદેવી અને ચાંદખેડા લાઈન બનાવી જોડશે. મોટેરા ખાતે સરદાર વલ્લભભાઈ પટેલ સ્પોર્ટ્સ એક્ક્લેવ આવી રહ્યું છે.'' થલતેજ ગામથી શીલજ સુધીનો વિભાગ રેલ્વે લાઈનની સમાંતર બનાવવાની દરખાસ્ત કરવામાં આવી રહી છે, તેને મણિપુર સુધી લંબાવવામાં આવશે. આ લાઈન બોપલ, શેલા, ઘુમા અને તેની આસપાસના વિસ્તારોને આવરી લેશે.

## અનેક ચેતવણી છતાં લોકો એરપોર્ટ પર પ્રતિબંધિત વસ્તુઓ લઈ જાય છે

। (એજન્સી) અમદાવાદ, તા.૯ ।

અમદાવાદનાં સરદાર વલ્લભભાઈ પટેલ ઈન્ટરનેશનલ એરપોર્ટ પર સતત પેસેન્જરો નિયમ ભંગ કરતા નજરે પડી રહ્યા છે. એક અહેવાલ પ્રમાણે એરલાઈને ઘણીવાર રિમાઈન્ડર્સ આપ્યા હતા તેમ છતાં લોકો પ્રતિબંધિત વસ્તુઓને લઈને ટ્રાવેલ કરતા આવે છે. એટલું જ નહીં આ લોકો પાસેથી હેન્ડ બેગ હોય કે લગેજ નાનાથી લઈને મોટી વસ્તુઓ પ કડાઈ જાય છે. દરરોજ જોવા જઈએ તો પેસેન્જરની ૩૨ ૩થી વધુ ચેક ઈન બેગ્સમાંથી પ્રતિબંધિત વસ્તુઓ મળી આવે છે. એરપોર્ટ ઓપરેટરે આ મુદ્દે પ્રકાશ પાડ્યો હતો અને ડેટા પણ જાહેર કર્યો હતો. એરપોર્ટ ઓપરેટરે કહ્યું કે સિગારેટ, ઈ સિગારેટ, વેપિંગ પેન્સ અને કોપરું જેવી વસ્તુઓ સામાન્ય રીતે અહીંથી મળી આવતી હોય છે. એટલું જ નહીં કેબિન બેગ્સમાં પણ લિક્વિડ અને પરમિસિબલ લેવલથી વધારે હોય તેવા પરફ્યુમ મળી આવતા હોય છે. આ અંગે ઘણીવાર વોર્નિંગ્સ આપવામાં આવી હતી પરંતુ કોઈએ આનું પાલન કર્યું નહોતું. હવે આના પરિણામે જેટલા પણ પેસેન્જરની બેગમાંથી આવી શંકાસ્પદ વસ્તુઓ મળી આવે તેમને ફિઝિકલ ચેક કરવા પ ડે છે. આનાથી સમય પણ બરબાદ થાય છે અને નીકળે છે એવી વસ્તુઓ કે જે કોમન એડવાઈઝરીમાં પણ ના પાડવામાં આવી હોય. છેલ્લા ૬ મહિનામાં લગભગ ૫૮ હજારથી વધુ બેગનું ફિઝિકલ ચેકિંગ ડોમેસ્ટિક અને ઈન્ટરનેશનલ એરપોર્ટ પર કરવામાં આવ્યું હતું. આનાથી સિક્યોરિટી પ ર્સન અને પેસેન્જર બંનેના સમયનો બગાડ થાય છે. આ અંગે એરપોર્ટ ઓથોરિટીએ કહ્યું કે અમે રાઉન્ડ ધ ક્લોક ટીમ રાખી છે જે આ ઈશ્યૂને સોલ્વ કરશે. સૂત્રોના જણાવ્યા પ્રમાણે હજુ પણ પેસેન્જરોને લિમિટ આપી હોય એના કરતા વધારે જ વસ્તુઓ મોટાભાગનાં લાવતા હોય છે. જેમાં સિક્યોરિટી ચેક દરમિયાન ગરમ મસાલા, અથાણું, ૨૦૦ એમએલથી વધારે લિક્વિડ, ધારદાર વસ્તુઓ, ઘી અને કાતર તો ગુજરાતી પેસેન્જરના લગેજમાં એકદમ સામાન્ય છે.

## અમદાવાદમા રોડની કામગીરીમાં ક્ષતિ રહી ગયાનું સામે આવ્યું

। (એજન્સી) અમદાવાદ, તા.૯ ।

અમદાવાદમાં હાલ અનેક વિસ્તારોમાં રોડ બનાવવાની કામગીરી ચાલી રહી છે. જો કે કેટલાક વિસ્તારોમાં રોડની કામગીરીમાં ક્ષતિ રહી ગયાનું સામે આવ્યુ છે. રોડ બનાવતા કોન્ટ્રાકટરોની ફરી એક વખત બેદરકારી હોવાનું સામે આવ્યુ છે. રોડની અધૂરી કામગીરી રાખીને જ રોડ શરૃ કરી દેવાયો હોવાનું જોવા મળી રહ્યુ છે. અમદાવાદમાં રોડ બનાવતા કોન્ટ્રાકટરોની ફરી એક વખત બેદરકારી સામે આવી છે. રોડની અધૂરી કામગીરી રાખીને જ રોડ શરૃ કરી દેવાયો હોવાનું જોવા મળી રહ્યુ છે. રોડ પર યોગ્ય રીતે કપચી મટીરીયલ નખાયું ન હોવાથી લોકોના ચપ્પલ ચોંટવા લાગ્યા હોવાની ફરિયાદ ઉઠી છે. અધિકારીઓ દ્વારા રોડની કામગીરીમાં કોઈ પ્રકારનું સુપ રવિઝન નહીં હોવાનો લોકો આક્ષેપ કરી રહ્યા છે. કોન્ટ્રાક્ટરોની અને અધિકારીઓની મિલીભગતનો નમુનો જાણે જોવા મળી રહ્યો છે. સુપરવિઝન વિના જ કોન્ટ્રાક્ટરોને કરોડો રૃપિયા ચુકવાતા હોવાનું જોવા મળી રહ્યુ છે. કોન્ટ્રાક્ટરોની અને અધિકારીઓની મિલીભગતનો નમુનો જાણે જોવા મળી રહ્યો છે. સુપરવિઝન વિના જ કોન્ટ્રાક્ટરોને કરોડો રૃપિયા ચુકવાતા હોવાનું જોવા મળી રહ્યુ છે.










માલિક - મુદ્રક - પ્રકાશક અને તંત્રી પટેલ સુરેશ રમણલાલ દ્વારા એલાઈડ ઓફસેટ પ્રિન્ટર્સ (ગુજરાત) પ્રા.લિ. ૧૪/૨, કાલીદાસ મીલ કમ્પાઉન્ડ, ગોમતીપુર, અમદાવાદ-૨૧. ખાતેથી છપાવી ૩૧૫ - સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫ ખાતેથી પ્રકાશિત. ફોન : ૯૯૨૪૦૦૦૭૩૩, ૯૯૯૮૮૫૦૯૯૨